MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૨-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

ચૂંટણીના ઈતિહાસમાં રસપ્રદ બાબતે આકાર લીધી, આપ પાર્ટીના શ્વાસ અધ્ધર થયા...!

છેલ્લા દિવસે ૬ કલાક લાઈનમાં બેઠા બાદ કેજરીવાલે ઉમેદવારીપત્ર ભર્યું

ટોકન લઈને લાઈનમાં બેસી રહેવું પડ્યું, ૪૫મો નંબર અપાયો, ૬ કલાકે નંબર આવ્યો...!



આપ નેતા સિસોદિયાએ ટ્વીટ કરીને તેને ભાજપનું કાવતરૂ ગણાવ્યું

ન્યુ દિલ્હી

દેશના ચૂંટણીના ઈતિહાસમાં કદાચ એવુ પહેલીવાર થઈ રહ્યું છે કે કોઈ એક મુખ્યમંત્રી ફરીથી ઉમેદવારી ના કરી શકે તે માટે એવી કોઈ રણનીતિ અપનાવવામાં આવી રહી હોય કે જેમાં તેઓ ઉમેદવારી ભરવાના છેલ્લા દિવસે એવા સંજોગોનું નિર્માણ થાય કે તેઓ ઉમેદવારી જ કરી ન શકે...!

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ આજે છેલ્લાં દિવસે વિધાનસભા ચૂંટણી માટે નવી દિલ્હી બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવા ગયા તેમને અને તેમની પાર્ટીના નેતાઓને એવું સહેજ પણ ના લાગ્યું કે જ્યારે ચૂંટણી પંચ દ્વારા તેમને ૪૫ નંબરનો ટોકન આપીને રાહ જોવા કહેવામાં આવ્યું તે કોઈ સામાન્ય બાબત છે કે અસામાન્ય. શરૂઆતમાં તો તેમને એક સામાન્ય લાગતું હતું. પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો અને જેઓ ઉમેદવારી નોંધાવી રહ્યાં હતા તેના પરથી તેમ તેમ કેજરીવાલની પાર્ટી આમઆદમી પાર્ટીના નેતાઓને હવે તેમાં વિરોધીઓની કોઈ સાજિશ દેખાઈ રહી છે કે કેજરીવાલ સમૂળગી ઉમેદવારી જ કરી ના શકે એવું કોઈ કાવતરૂ રચવામાં આવ્યું છે. અને આ લખાય છે ત્યારે સાંજના ૫.૧૫ વાગ્યા સુધી કેજરીવાલ ઉમેદવારી પત્ર ભરી શક્યા નથી. તેમની આગળ જેઓ ઉમેદવારી નોંધાવી રહ્યાં છે તેઓ સમય લંબાવી રહ્યાં હોય એમ આપ પાર્ટીના નેતાઓને લાગી રહ્યું છે. કદાચ એવું પણ બને કે કેજરીવાલ ઉમેદવારી જ કરી ના શકે...! આવી જ એક શક્યતા આપ પાર્ટીના નેતા અને નાયબ સીએમ મનીષ સિસોદિયા જોઈ રહ્યાં છે. તેમણે આ અંગે ટ્વીટ પણ કર્યું છે. તેમનો નંબર રાતના ૧૨ વાગે આવી શકે એમ સૂત્રો માની રહ્યાં હતા પરંતુ સાંજના ૬-૧૫ વાગે તેમનો નંબર આવ્યો ઈને આ લખાય છે ત્યારે અહેવાલ છે કે કેજરીવાલ ઉમેદવારી પત્ર ભરી રહ્યાં છે.

આ અગાઉ, દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ કહ્યું છે કે ભાજપ ભલે ગમે તેટલું કાવતરું કરે, અરવિંદ કેજરીવાલને ઉમેદવારીપત્ર ભરવામાં રોકી શકશે નહીં કે ત્રીજી વખત અરવિંદ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રી બનતા અટકાવશે નહીં. સિસોદિયાએ કહ્યું કે ભાજપના કાવતરાં સફળ નહીં થાય.

કેજરીવાલ લાંબી રેલી અને અન્ય કારણોસર ઉમેદવારી કરી શક્યા નહોતા. તેથી આજે તેઓ સમયસર ચૂંટણી પંચના સત્તાવાળાઓની કચેરી જામનગર હાઉસ પહોંચ્યા ત્યારે કેટલાક ઉમેદવારોએ તેમને અગ્રતા અપાતા વિરોધ કર્યો અને ટોકન આપવામાં આવ્યાં ત્યારે કેજરીવાલનો નંબર ૪૫મો હતો. એક ઉમેદવારી પત્ર ભરવા માટે સહેજે ૨૦-૨૫ મિનિટ લાગે તો કેજરીવાલનો નંબર આજે આવશે કે કેમ તેવા સવાલો પણ હવે થઈ રહ્યાં છે.

સીએમ અરવિંદ કેજરીવાલને નવી દિલ્હી બેઠક પરથી ફોર્મ ભરવા માટે જામનગર હાઉસ પહોંચવા માટે લાંબી રાહ જોવી પડશે. સીએમ કેજરીવાલે ટ્વીટ કર્યું છે કે તેઓ પોતાનું નામાંકન ફાઈલ કરવાની રાહ જોઈ રહ્યા છે. તેમણે ટ્વીટ કર્યું, "હું ફોર્મ ભરવાની રાહ જોઈ રહ્યો છું, મારો ટોકન નંબર ૪૫ છે. અહીં ફોર્મ ભરવા માટે, ઘણા લોકો લાઈનમાં છે, મને ખૂબ જ આનંદ છે કે ઘણા લોકો લોકશાહીના આ તહેવારમાં

અનુસંધાન પાના નં. ૮

સુપ્રીમ કોર્ટની મણિપુરના મંત્રી શ્યામ કુમારને અયોગ્ય ઠેરવવાની અરજી પર સુનાવણી

સ્પીકર પણ કોઈ પાર્ટીનો છે, શું તે અયોગ્યતા અંગે નિર્ણય લઈ શકે..? : સુપ્રીમ કોર્ટ


ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે મંગળવારે સંસદને આદેશ આપ્યો કે તે વિધાનસભા સ્પીકરના પાવર પર ફરી એક વખત વિચારણા કરે. કોર્ટેઆ ટિપ્પણી મણિપુરના ધારાસભ્ય અને મંત્રી ટી શ્યામ કુમારને અયોગ્ય ઠેરવવાની કોંગ્રેસની અરજી પર સુનાવણી દરમિયાન કરી હતી. કોર્ટેસંસદને કહ્યું કે, સ્પીકર પણ કોઈ ન કોઈ પાર્ટીનો હોય છે. એવામાં શું તે ધારાસભ્યોને અયોગ્ય ઠેરવવાની અરજી પર નિર્ણય લઈ શકે છે? આ અંગે સંસદે વિચારવુંજોઈએ. જસ્ટિસ આરએફ નરીમનની અધ્યક્ષતાવાળી બેંચને અયોગ્ય ઠેરવવાની અરજીઓના નિવેડા અંગે એક સ્વતંત્ર વ્યવસ્થાનું સૂચન પણ કર્યું. આ હેઠળ મણિપુર વિધાનસભા સ્પીકર વાઈ ખેમચંદ સિંહને ૪ સપ્તાહમાં શ્યામ કુમારની અયોગ્યતા અંગે નિર્ણય લેવાનો આદેશ આપ્યા છે. બેંચે અરજદારને કહ્યું કે, જો નક્કી કરેલા સમયમાં નિર્ણય લેવામાં નહીં આવે તો તમે ફરીથી કોર્ટનો દરવાજો ખખડાવી શકો છો. શ્યામ કુમારે કોંગ્રેસની ટિકિટ પર વિધાનસભા ચૂંટણી લડી અને જીત્યા હતા. ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાયા અને વન તથા પર્યાવરણ મંત્રી બન્યા હતા. ોંગ્રેસ ધારાસભ્ય ફજુર રહીમ અને કે મેઘચંદ્રએ પક્ષપલટા કાયદાના આધારે પર શ્યામ કુમારની વિધાનસભા સભ્યતા ખતમ કરવાની માંગ કરી છે.

સીએએના સમર્થનમાં ઉત્તર પ્રદેશના લખનઉમાં અમિત શાહની રેલી, વિપક્ષ પર પ્રહાર

અમિત શાહની સિંહગર્જના: વિરોધીઓ ગમે તેટલા ધમપછાડા કરે સીએએ પરત નહિ લેવાય

● જેએનયુ મુદ્દે શાહ ગરજ્યા, આંખના આંધળા અને કાનના બહેરા લોકોને પાક.માં અલ્પસંખ્યકો પર અત્યાચારનથી દેખાતો
● અમિત શાહે કહ્યુ કે, સીએએ અંગે વિરોધી પાર્ટીઓ દુષ્પ્રચાર અને ભ્રમ ફેલાવી રહી છે, આ કારણે બીજેપી જન જાગરણ અભિયાન ચલાવી રહી છે



લખનઉ

સમગ્ર દેશમાં એક તરફ નાગરિકતા સંશોધિત કાયદા-સીએએની સામે વિરોધ વંટોળ ચાલી રહ્યો છે ત્યારે આજે બીજી તરફ ગૃહમંત્રી અમિત શાહે ભાજપ શાસિત યુપીમાં લખનઉની ધરતી પરથી સિંહ ગર્જના કરી હતી કે કોંગ્રેસ સહિત જે લોકોને આ કાયદોનો જેટલો વિરોધ કરવો હોય એટલો વિરોધ કરી લે, અમારી સરકાર આ કાયદો પાછો નહીં લે, નહીં લે. કેમ કે આ કાયદામાં નાગરિકતા આપવાની જોગવાઈ છે કોઈને છીનવી લેવાની નહીં. તેઓ આજે લખનૌના રામકથા પાર્કમાં એક વિશાળ રેલીને સંબોધન કરી રહ્યાં હતા. તેમની મક્કમતા જોતા એવી છાપ ઉપસી હતી કે મોદી સરકાર

રાહુલને ટોણો મારતા બોલ્યા : કોંગ્રેસના કારણે જ ભારત માતાના બે ટૂકડા થયા

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધતા ગૃહ મંત્રીએ કહ્યું કે, રાહુલ બાબા કાન ખોલીને સાંભળી લે કે તેમની પાર્ટીના કારણે જ ભારત માતાના બે ટૂકડા ધર્મના આધારે થયા છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં છેલ્લાં અમુક વર્ષોમાં અલ્પસંખ્યકોની સંખ્યા ઘટી છે. તો એ લોકો ક્યાં ગયા?

અનુસંધાન પાના નં. ૮

ટ્રમ્પની ભારત મુલાકાત મુદ્દે પાક.માં ખળભળાટ, ઈમરાન બોલ્યો: 'અહીં પણ આવજો'

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડા પ્રધાન ઈમરાન ખાને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સંબોધીને વિનંતી કરી હતી કે અમારે ત્યાં પણ આવજો સાહેબ...

ફેબ્રુઆરીમાં અમેરિકી પ્રમુખ ભારતની મુલાકાતે આવશે એવા સમાચારથી પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો હતો અને ઈમરાન ખાને તરત ટ્રમ્પને સંબોધીને વિનંતીનો સંદેશો મોકલ્યો હતો કે અમારે ત્યાં પણ આવજો ખરા...

રાજકીય પંડિતો માને છે કે હાલ મોંઘવારી, બેકારી, પારાવાર ગરીબી, ભાંગી પડેલું અર્થતંત્ર અને બીજા ઘણા મુદ્દાઓથી પાકિસ્તાન ઘેરાયેલું છે. આંતરરાષ્ટ્રીય મોરચે પણ પાકિસ્તાનની સ્થિતિ હાલ દયામણી છે. એવા સંજોગોમાં અમેરિકા જેવી મહાસત્તાના પ્રમુખ પાકિસ્તાનની મુલાકાત લે તો એનું રાજકીય મહત્ત્વ થોડું વધી શકે એમ છે. ઈમરાનની ઈમેજને પણ લાભ થાય એવું છે.

એટલે ટ્રમ્પ ભારતની મુલાકાતે આવે ત્યારે પોતાને ત્યાં પણ ઊડતી મુલાકાત લે એવી ઈમરાનની ઈચ્છા છે. ભારતની મુલાકાતે આવેલા અમેરિકી પ્રમુખ પાકિસ્તાનની મુલાકાત ન લે તો આંતરરાષ્ટ્રીય મામલાઓમાં પાકિસ્તાનની રહી સહી આબરુના ભુક્કા બોલી જાય એવા સંજોગો છે એટલે પાકિસ્તાન અકળાયું છે.

નાંદોદ તાલુકાના અસંખ્ય ગામોમાંથી પસાર થતી કેનાલો નવી બની ત્યારથી પાણી નથી મળ્યું...!!

કરજણ ડેમ બન્યો ત્યારે બનેલી આ કેનાલોમાં પાણી જોવાજ નથી મળ્યું, ખેડૂતોની રજૂઆતો નિષ્ફળ

સરકાર કેનાલો પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે, ખેડૂતોના વિકાસની મોટી વાતો કરે છે પરંતુ કામગીરી એ બધી વાતો પોકળ સાબિત થતી લાગે છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ગામો સહિતના અનેક ગામોમાં ખેડૂતોને સિંચાઈ માટે પાણીની ગંભીર સમસ્યા જોવા મળી છે ત્યારે નાંદોદ તાલુકાના અસંખ્ય ગામોમાંથી પસાર થતી કેનાલો બની ત્યારથી પાણી જોવાજ મળ્યું ન હોય ખેડૂતો પોતાના બોર કુવા મારફતે પાણી આપી પોતાના મોંઘા પાકનું રક્ષણ કરવા મજબુર બન્યા છે.વારંવાર રજૂઆતો બાદ પણ તંત્ર માત્ર આશ્વાસનો જ આપી ખેડૂતોને લોલીપોપ આપી રહ્યું છે.

જાણવા મળ્યા મુજબ નાંદોદ તાલુકાના ભદામ તોરણ, ટેકરી, ધાનપોર, રસેલા, રૂંઢ, નરખાડી, પોઈચા, ગામડી, કોઠારા, જિયોરપાડી સહિતના અનેક ગામડાઓની કેનાલો બની હતી પરંતુ બની ત્યારથી આ કેનાલો શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ છે કેમકે આ કેનાલો બની તેને લગભગ ૨૫ વર્ષ થવા છતાં તેમાં પાણી નથી અને હાલ આ કેનાલો ખંડેર હાલતમાં જર્જરિત જોવા મળે છે.કેનાલમાં ઝાડી ઝાખરા ઊગી નીકળ્યા છે વર્ષોથી

અનુસંધાન પાના નં. ૮



કરજણ ડેમ બન્યો ત્યારની આ કેનાલો બની છે પરંતુ સુકી ભટ છે :દીપકભાઈ વસાવા (સરપંચ,પોઈચા)

આ બાબતે પોઈચા ગ્રુપ ગ્રામપંચાયના સરપંચ દીપકભાઈ વસાવાના જણાવ્યા મુજબ કરજણ ડેમ બન્યો એ સમયે લગભગ ૨૫ વર્ષ પહેલાં આ તરફ આ કેનાલો બની પરંતુ બની ત્યારથી પાણી નથી મળ્યું, વારંવાર રજૂઆતો પણ કરી છતાં તંત્રના પેટનું પાણી હલ્યું નથી કે કેનાલમાં પાણી આવ્યું નથી.





ઈરાકના મધ્ય બગદાદમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા દળો ટીયર ગેસનો ઉપયોગ કરતી વખતે સરકાર વિરોધી વિરોધીઓ રસ્તાઓ બંધ કરે છે.

નેપાળની હોટલમાં ગેસ ગળતરથી આઠ ભારતીય પ્રવાસીઓના મોત

કાઠમંડુ

૮ ભારતીય પર્યટકો મંગળવારે નેપાળની એક હોટલમાંથી બેભાન સ્થિતિમાં મળ્યા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે જ્યારે તેમને એરલિફ્ટ કરીને કાઠમાંડુની હોસ્પિટલ લાવવામાં આવ્યા ત્યારે ડોક્ટર્સે તેમને મૃત જાહેર કર્યા હતા. વિદેશ રાજ્યમંત્રી વી મુરલીધરને જણાવ્યું કે, દરેક પર્યટકોને તિરુઅનંતપુરમ (કેરળ)ના છે. તેમના મૃતદેહો કાઠમાંડુથી તિરુઅનંતપુરમ લાવવામાં આવી રહ્યા છે.

મુરલીધરને જણાવ્યું કે, મૃતકોમાં રંજીત અને પ્રવીણ સહિત તે બંનેની પત્ની અને ૪ બાળકો સામેલ છે. ડોક્ટરના જણાવ્યા પ્રમાણે શ્વાસ રૂંધાવાના કારણે તેમનું મોત થયું છે.

નેપાળ પોલીસે કહ્યું કે, ૧૫ સભ્યોનું એક ગ્રૂપ કેરળથી નેપાળ આવ્યું હતું. પરત ફરતી વખતે તેઓ મકવાનપુર જિલ્લાના દમણમાં આવેલા એવરેસ્ટ પૈનોરમા રિસોર્ટમાં રોકાયા હતા. હોટલ મેનેજમેન્ટે જણાવ્યું કે, તે લોકો સોમવારે રાતે૯.૩૦ વાગે રિસોર્ટ પર આવ્યા હતા. તેમણે રૂમને ગરમ રાખવા ગેસ હિટર ઓન કર્યું હતું. આ લોકોએ કુલ ૪ રૂમ બુક કર્યા હતા. ૮ લોકો એક જ રૂમમાં રોકાયા હતા જ્યારે બાકીના લોકો અન્ય રૂમમાં રોકાયા હતા. તેમણે રૂમની દરેક બારી અને દરવાજો બંધ કરી દીધા હતા. આ ગ્રૂપના એક સભ્યએ દરેક લોકો બેભાન હોવાની માહિતી સવારે આપી હતી. ત્યારપછી તેમને એરલિફ્ટ કરીને કાઠમાંડુની હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. અહીં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ગેસ હિટરમાંથી ગેસ લીક થવાના કારણે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે.



નવી દિલ્હીના રાજપથ ખાતે આગામી પ્રજાસત્તાક દિનની પરેડની રિહર્સલ દરમિયાન શશાસ્ત્ર સીમા બાલની કૂચ બેન્ડની ટુકડી.

૮મીએ યોજાશે ૭૦ બેઠકો માટે ચૂંટણી, ૧૧ ફેબ્રુઆરીએ પરિણામ

કેજરીવાલ સામે કોંગ્રેસે રોમેશ સભરવાલને, ભાજપે સુનીલ યાદવને મેદાનમાં ઉતાર્યા

કોંગ્રેસ બાકીના ૫, ભાજપાએ ૧૦ ઉમેદવારોની યાદી જાહેર કરી, ભાજપ ૬૭ સીટ પર ચૂંટણી લડશે, ૩ JDU-LJP માટે છોડી કોંગ્રેસે કુલ ૬૬ સીટ પર ચૂંટણી લડશે, ૪ RJD માટે છોડી

સીટ	કોંગ્રેસ ઉમેદવાર
તિલક નગર	રમિન્દ્ર સિંહ બમરાહ
રાજિન્દ્ર નગર	રોકી ટૂસિડ
બદરપુર	પ્રમોદ કુમાર યાદવ
કોંડલી	અમરીશ ગૌતમ
ઘોંડા	ભીષ્મ શર્મા
કરાવલ નગર	અરવિંદ સિંહ
નવી દિલ્હી	રોમેશ સભરવાલ
મદિપુર	જય પ્રકાશ પવાર
વિકાસપુરી	મુકેશ શર્મા
બિજવાસન	પ્રવીણ રાણી
મહરૌલી	મહિંદર ચૌધરી
ઓખલા	પરવેઝ હાશ્મી
બેઠકનું નામ	**ભાજપા ઉમેદવાર**
નાંગલોઈ જાટ	સુમનલત્તા શૌકીન
રાજૌરી ગાર્ડન	રમેશ ખન્ના
હરિ નગર	તેજિંદર પાલ બગ્ગા
દિલ્હી કેન્ટ	મનીષ સિંહ
નવી દિલ્હી	સુનીલ યાદવ
કસ્તૂરબા નગર	રવિન્દ્ર ચૌધરી
મહરૌલી	કુસુમ ખત્રી
કાલકાજી	ધર્મવીર સિંહ
કૃષ્ણા નગર	અનિલ ગોયલ
શાહદરા	સંજય ગોયલ

ન્યુ દિલ્હી

૮ ફેબ્રુઆરીના રોજ યોજાનાર દિલ્હી વિધાનસભાની તમામ ૭૦ બેઠકોની ચૂંટણી માટે કોંગ્રેસે આજે મંગળવારે વધુ ૫ ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી હતી. આ અગાઉ પાર્ટીએ ૬૧ ઉમેદવારો પર ઉમેદવારોના નામોનુ એલાન કર્યુ હતુ. આ રીતે આ ૫ નામો સાથે કોંગ્રેસે ૬૬ સીટો પર ઉમેદવાર જાહેર કરી દીધા છે. ૭૦માંથી બાકીની ૪ બેઠકો કોંગ્રેસે ગઠબંધન હેઠળ બિહારના આરજેડી પક્ષને ફાળવી છે.

મંગળવારે જાહેર કરવામાં આવેલી ૫ ઉમેદવારોની યાદીમાં માદીપુર સુરક્ષિત સીટથી કોંગ્રેસે જયપ્રકાશ પનવારને ઉમેદવાર જાહેર કર્યા છે. જ્યારે વિકાસપુરી સીટથી મુકેશ શર્માને ટિકિટ આપી છે. વળી, બિજવાસથી પ્રવીણ રાણાને કોંગ્રેસે ઉમેદવાર બનાવ્યા છે. મેહરૌલીથી મોહિંદર ચૌધરીને અને ઓખલા બેઠક પરથી પરવેજ હાશમીને ટિકિટ આપી છે. દિલ્હી ચૂંટણી માટે કોંગ્રેસે સૌથી પહેલા ૫૪ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી ત્યારબાદ સાત ઉમદેવારોના નામોનું એલાન કર્યુ હતું.

કોંગ્રેસે હાઈ પ્રોફાઈલ બેઠક નવી દિલ્હી માટે સીએમ અરવિંદ કેજરીવાલ સામે રોમેશ સભરવાલને ઉતાર્યા છે. સભરવાલ ૪૦ વર્ષથી કોંગ્રેસ સાથે છે અને પાર્ટીમાં અજય માકનના પ્રતિસ્પર્ધી માનવામાં આવે છે.

તેમણે પોતાનું કરિયર એનએસયુઆઈથી શરૂ કર્યુ હતુ. આ ઉપરાતં પડપડગંજ સીટથી કોંગ્રેસે લક્ષ્મણ રાવતને ઉમેદવાર જાહેર કર્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પડપટગંજની સીટની ગણતરી હાઈ પ્રોફાઈલ સીટોમાં થાય છે. દિલ્હીના ૩૫ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા આ બેઠક પરથી ચૂંટણી જંગના મેદાનમાં છે. નરેલા સીટથી સિદ્ધાર્થ કુંડુ, તિમારપુરથી અમર લતા સાંગવાન, આદર્શનગરથી મુકેશ ગોયલને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન માટે ઉમેદવારી નોંધાવવાની નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૨૧ જાન્યુઆરી છે. બધી ૭૦ સીટો પર ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન યોજાશે. ૧૧ ફેબ્રુઆરીના રોજ પરિણામો જાહેર કરવામાં આવશે. ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મોટી જીત મળી હતી. આમ આદમી પાર્ટીએ ૬૭ સીટો પર જીત મેળવી હતી જ્યારે ભાજપને ત્રણ સીટો મળી હતી. જ્યારે કોંગ્રેસને એક પણ બેઠક મળી નહોતી.

જેએનયુના વધુ એક વિદ્યાર્થીને ઢોરમાર મરાયો, એબીવીપીએ હુમલો કર્યાનો આક્ષેપ

ન્યુ દિલ્હી

જેએનયુના વધુ એક વિદ્યાર્થી નેતાની મારપીટ કરાઈ હોવાની ઘટના નોંધાઈ હતી. છેક ગયા વર્ષના ડિસેંબરથી જેએનયુ સતત સમાચારોના કેન્દ્રમાં રહી હતી. નાગરિકતા અંગેના નવા કાયદા અને નાગરિકોના રાષ્ટ્રીય રજિસ્ટરના મુદ્દે ગયા મહિનાતી જેએનયુ સતત હિંસક વાતાવરણ વચ્ચે મિડિયાના કેન્દ્રમાં રહી હતી.

જેએનયુના એમ. એ. ફર્સ્ટ યરના સ્ટુડન્ટ રગીબ અકરમે એવો આક્ષેપ કર્યો હતો કે સોમવારે સાંજે એબીવીપીના ગુંડાઓએ એના પર હુમલો કર્યો હતો. એને ઢોરમાર મારવામાં આવ્યો હતો એવું આ વિદ્યાર્થીએ જણાવ્યું હતું.

એણે સોશ્યલ મિડિયા પર પોતાનો એક ફોટો પણ મૂક્યો હતો. જેએનયુના વિદ્યાર્થી સંઘે આ હુમલો એબીવીપીએ કરાવ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. જો કે પોલીસ ફરિયાદ કરી હતી કે કેમ એ જાણવા મળ્યું નહોતું.

અલાહાબાદનુ નામ બદલવા સામે યુપી સરકારને સુપ્રીમ કોર્ટની નોટિસ

ન્યુ દિલ્હી

દેશની સર્વોચ્ચ અદાલતે મંગળવારે સવારે ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારને નોટિસ મોકલીને પોતાનો જવાબ નોંધાવવાનું જણાવ્યું હતું. વિગત એવી છે કે ૨૦૨૦ના પહેલા દિવસે રાજ્ય સરકારે અલાહાબાદ શહેરનું નામ બદલીને પ્રયાગરાજ કરવાની દરખાસ્તને મંજૂરી આપી હતી.

શહેરનું નામ બદલાવવાના આ પગલાને અગાઉ અલાહાબાદ હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. અલાહાબાદ હાઈકોર્ટે રાજ્ય સરકારના પગલાને બહાલી આપી હતી. એટલે હાઈકોર્ટના એ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. અલાહાબાદ હેરિટેજ સોસાયટીએ આ અરજી કરી હતી. એના અનુસંધાનમાં સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ રાજ્ય સરકારને પોતાનો જવાબ નોંધાવવાની નોટિસ મોકલી હતી. અરજદારોએ એવો દાવો કર્યો હતો કે હેરિટેજ શહેરો કે સંસ્થાનાં નામ આ રીતે બદલી શકાય નહીં. નામ બદલવાની સમૂળી પ્રક્રિયાનો અહીં ભંગ થતો હતો. સુપ્રીમ કોર્ટે અ અરજી સ્વીકારી હતી અને રાજ્ય સરકારને જવાબ આપવાનું જણાવ્યું હતું.



હુન્ડાઈ મોટર્સ ઈન્ડિયાના એમડી અને સીઈઓ એસ.એસ. કિમ (આર), એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સેલ્સ એન્ડ માર્કેટિંગ ડી.એચ.પાર્ક (સી) અને ડિરેક્ટર-સેલ અને માર્કેટિંગ તરૂણ ગર્ગ (એલ) નવી દિલ્હીમાં નવી લોંચ કરવામાં આવેલી સેડાન હ્યુન્ડાઈ ઓરા સાથેના ફોટોગ્રાફ્સ માટે પોઝ આપે છે.

ટ્રમ્પનું રટણ છે કે કોઈ અમેરિકન સૈનિકોને નુકસાન થયું નથી

બગદાદના અમેરિકી રાજદૂતાવાસ પર ત્રણ રૉકેટથી હુમલો કરાયો

બગદાદ

ઈરાકની રાજધાની બગદાદમાં અમેરિકી રાજદૂતાવાસ પર હુમલો થયો હોવાની ઔપચારિક જાહેરાત કરાઈ હતી. મોસ્ટ સિક્યોર્ડ ગણાતા રાજદૂતાવાસ વિસ્તારમાં ત્રણ રૉકેટ દ્વારા હુમલો થયો હતો. હુમલો થયા બાદ સમગ્ર વિસ્તારમાં ભયસૂચક સાઈરન ગૂંજી ઊઠી હતી. જો કે કોઈ જાનહાનિ થયાના સમાચાર મળ્યા નહોતા. અમેરિકાએ આ હુમલા માટે ઈરાનને જવાબદાર ગણાવ્યું હતું. છેલ્લા થોડા દિવસથી ખાસ કરીને અમેરિકાએ બગદાદ એરપોર્ટ પર હવાઈ હુમલો કરીને ઈરાનના વગદાર લશ્કરી અધિકારી કાસિમ સુલેમાનીની હત્યા કરી તે દિવસથી સતત અમેરિકા અને ઈરાન વચ્ચે શાબ્દિક અને શાસ્ત્રીય હુમલા વધ્યા હતા. આઠમી જાન્યુઆરીએ ઈરાને મિસાઈલ હુમલો કરતાં ૧૧ અમેરિકી સૈનિકો અને અધિકારીઓ ઈજા પામ્યા હોવાનો દાવો કરાયો હતો. જો કે અમેરિકાએ ૧૧ જણ ઈજા પામ્યા હોવાના ઈરાનના દાવાને નકારી કાઢ્યો હતો. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડના પ્રવક્તા કેપ્ટન બિલ અર્બને કહ્યું હતું કે અલ અસદ એરપોર્ટ પર ઈરાને કરેલા હુમલાથી કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ જેમને ઈજા થઈ હતી તેમને તત્કાળ પૂરતી સારવાર આપવામાં આવી હતી. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના દાવાને ખોટો ગણાવ્યો છે. ટ્રમ્પે અત્યાર સુધી એમ જ કહ્યું છે કે, અમારા કોઈ પણ સૈનિકને કઈ જ નુકસાન થયું નથી. ૮ જાન્યુઆરીએ પણ રોકેટથી હુમલો કરવામાં આવ્યો હતો. ૩ જાન્યુઆરીએ અમેરિકન ડ્રોન હુમલામાં સુલેમાનીનું મોત થયું હતું. ત્યારપછી ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ વધી ગયો હતો. સ્થિતિ એટલી હદ સુધી વણસી ગઈ હતી કે દુનિયામાં વર્લ્ડ વોરની ચર્ચાઓ થવા લાગી હતી.

અય્યરે સરકારના ૩૬ મંત્રીઓને ડરપોક ગણાવ્યા, કહ્યું: '૩૧ જમ્મુ, માત્ર ૫ જ કાશ્મીર જશે'

મલપ્પુરમ

કોંગ્રેસ નેતા મણિશંકર અય્યરે જમ્મુ-કાશ્મીર જતા ભાજપના ૩૬ મંત્રીઓને ડરપોક ગણાવ્યા છે. તેમણે કહ્યું છે કે, આમાથી ૩૧ મંત્રીઓ જમ્મુ જ્યારે ૫ જ કાશ્મીર જવાના છે. નાગરિકતા સંશોધન કાયદો વિશે મલપ્પુરમમાં અય્યરે કહ્યું કે, મોદી સરકારના આ મંત્રીઓ કાયર છે. તેમણે સવાલ પૂછવાના અંદાજમાં કહ્યું કે, આ મંત્રીઓ ત્યાં જઈને કોની સાથે વાત કરશે? શું પૂર્વ મંત્રીઓ સાથે? તેઓ આવું ન કરી શકે, કારણકે ત્યાં તો બધાની અટકાયત કરી લેવામાં આવી છે. ફારુક અને ઉમર અબ્દુલા અને મહેબુબા મુફ્તી જેલમાં છે.

લોકસભા ચૂંટણીમાં ભાજપને મળેલી ભારે બહુમતીનો ઉલ્લેખ કરીને અય્યરે કહ્યું છે કે, આ લોકો ઘમંડી છે. સત્તાનો નશો તેમના માથે ચડી ગયો છે. તેમના માટે આ ખૂબ સારો મોકો છે. કારણકે ફરી તેમને ૩૦૩ સીટો તો મળવાની નથી. જમ્મુ-કાશ્મીરમાં આ લોકો એક નવો રાજકીય વર્ગ બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. ભાજપ પાસે ખીણ વિસ્તારમાં એક વોટ પણ નથી. આ લોકો દગાખોર છે અને જનતાના પ્રતિનિધિ નથી. જો હોત તો બહુ પહેલાં જ ચૂંટાઈ ગયા હોત.

સીએએ-એનઆરસી મુદ્દે થઈ રહેલા પ્રદર્શન વિશે અય્યરે કહ્યું છે કે, ભાજપના નેતાઓ શાહીન બાગ જતા કેમ ડરે છે? ૩૪ દિવસોથી તેઓ ભારતના ધર્મના નામે ભાગલા પાડવાના આ પ્રયત્ન વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. ભાજપને એટલા માટે બહુમતી મળી છે કારણકે તેમણે કહ્યું હતું કે, અમે સૌનો સાથ-સૌનો વિકાસ કરીશું. પરંતુ તેમણે શું કર્યું- સૌનો સાથ-સૌનો વિનાશ. ૧૫ ડિસેમ્બરથી દિલ્હીના શાહીનબાગમાં સીએએ-એનઆરસી વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યા છે.

૧૫ જાન્યુઆરીએ આતંકવાદીઓ સાથે ઝડપાયો હતો

એસપી દેવેન્દર સિંઘના તમામ મેડલો જપ્ત થયા

ન્યુ દિલ્હી

જમ્મુ કશ્મીરમાં હિંસા ફેલાવતા હિઝબુલ મુજાહિદ્દીન આતંકવાદીઓ સાથે ૧૫મી જાન્યુઆરીએ ઝડપાયેલા પોલીસ સુપરિટેન્ડન્ટ દેવેન્દર સિંઘના તમામ મેડલ્સ જપ્ત કરાયા હતા. એને અત્યાર અગાઉ મળેલાં તમામ સન્માન પણ પાછાં ખેંચી લેવામાં આવ્યાં હતાં. લોકશાહીના મંદિર સમાન સંસદ ભવન પર હુમલો કરનારા આતંકવાદીઓ સાથે પણ દેવેન્દર સિંઘ ભળેલો હતો.

રસપ્રદ વિગત તો એ છે કે એ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડમાં હતો ત્યારે એની કાર્યક્ષમતા જોઈને એને પ્રમોશન અપાયાં હતાં. હાલ જે પોલીસ અધિકારીઓને પ્રમોશન આપવાનાં હતાં તેમની યાદીમાં દેવેન્દર પણ હતો. છેલ્લા થોડા દિવસથી દેવેન્દર રજા પર હતો. ગયા શુક્રવારે ૧૫મી જાન્યુઆરીએ જે આતંકવાદી ઝડપાયા એમની સાથે દેવેન્દર પણ હતો. અત્રે એ યાદ રહે કે સંસદ ભવન પર હુમલામાં સંડોવાયેલા મનાતા અને ફાંસીની સજા પામેલા અફઝલ ગુરુએ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલી એફિડેવિટમાં પણ દેવેન્દર સિંઘનું નામ હતું. હવે ગુપ્તચર સંસ્થાઓ એના ભૂતકાળને ખોદીને એની અસલિયતનો પત્તો મેળવવાની કોશિશમાં છે. એ પોલીસ દળમાં ભરતી થયો ત્યારથી આજ સુધીની એની તમામ વિગતો ગુપ્તચર વિભાગ મેળવશે.

ટેલિકોમ કંપનીઓની નવી અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી માટે સહમત થઈ

ન્યુ દિલ્હી

દેશની ટેલિકોમ કંપનીઓ ભારતી એરટેલ, વોડાફોન આઈડીયા અને તાતા ટેલિસર્વિસિઝને ડીપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યૂનિકેશનન્સ (ડીઓટી)ને ચૂકવવાના નિકળતા રૂ. ૧.૪૭ લાખ કરોડના મામલે સુપ્રીમ કોર્ટમાં કરાયેલી નવી અરજી પર સુનાવણી માટે સર્વોચ્ચ ન્યાયાલય તૈયારી દર્શાવી છે. આગામી સપ્તાહે સ્ટેચ્યુટરી ડ્યુસને ચૂકવવા નવા કાર્યક્રમને લગતી ટેલિકોમ કંપનીઓની અરજી પર સુપ્રીમ કોર્ટ સુનાવણી કરશે. ચીફ જસ્ટિસ એસ એ બોબડની અધ્યક્ષતા હેઠળની ત્રણ જજોની બેન્ચે વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી અને સી એ સુંદરમની નોંધને ધ્યાનમાં લેતા નવી અરજી પર આગામી સપ્તાહે સુનાવણી હાથ ધરવા જણાવ્યું છે. આ બેન્ચમાં અન્ય જજ તરીકે જસ્ટિસ એસ એ નઝીર અને સંજીવ ખન્નાનો સમાવેશ થાય છે. વકીલ સુંદરમે જણાવ્યું કે, 'અમે બાકી રકમની ચૂકવણીને લઈને વિવાદ નથી કરવા માંગતા અમે ફક્ત ચૂકવણી માટે નવી મુદતની માગ કરી રહ્યા છીએ.' ટેલિકોમ કંપનીઓના મતે તેઓ બાકી નિકળતા નાણાંની ચૂકવણી માટે નવી મુદતની અરજી અંગે ઓપન કોર્ટ સુનાવણી ઈચ્છે છે. આ મામલે ચીફ જસ્ટિસે જણાવ્યું કે સુનાવણી ઓપન કોર્ટ કરવી કે ઈન-ચેમ્બર તેનો નિર્ણય બેન્ચ દ્વારા કરાશે. અગાઉ ૧૬ જાન્યુઆરીના સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અરૂણ મિશ્રાની અધ્યક્ષતા હેઠળની બેન્ચે એમ જણાવતા ટેલિકોમ કંપનીઓની ૧.૪૭ લાખ કરોડના સ્ટેચ્યુટરી ડ્યુની ચૂકવણીના આદેશ સામે કરાયેલી રિવ્યૂ પિટિશન ફગાવી દીધી હતી કે, તેમને આમાં કોઈ વાજબી કારણ નથી જણાતું અને તેમને બાકી રકમ ૨૩ જાન્યુઆરી સુધીમાં ચુકવવા આદેશ આપ્યો હતો.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

૨૬ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

ખતરનાક કેમિકલ છે

દરરોજ ઉપયોગમાં આવતી ચીજો શરીરને ખુબ નુકસાન કરી રહી છે. હાલના સમયમાં દરેક ચીજવસ્તુઓમાં કેમિકલ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. દરેક ચીજમાં ખતરનાક કેમિકલ્સ ટ્રાઇક્લોસનની ઉપસ્થિતી શરીરને ધીમે ધીમે નુકસાન કરી રહી છે. ટોક્સિક લિન્કના એક રિપોર્ટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ટોક્સિક લિન્કે દિલ્હી એનસીઆરથી દરરોજ ઉપયોગમાં આવતી કેટલીક ચીજોને આવરી લઇને તેમાં ચકાસણી હાથ ધરી હતી. જેના આધાર પર કેટલાક નવા દાવા કરવામાં આવ્યા છે. રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ટુથપેસ્ટ, હેયર કન્ડીશર , શેમ્પુ , શેવિંગ ક્રીમ, ડિઓ, શુઝ, વસ્ત્રો, કેપ્સુલ, વોટર બોટલ, અને બાળકોના રમકડામાં આ કેમિકલ્સ હોવાની વિગત સપાટી પર આવી છે. ટ્રાઇક્લોસન નામનના આ ખતરનાક કેમિકલ્સ અમારા શરીરમાં પહોંચીને શરીરના જુદા જુદા હિસ્સાને નુકસાન કરે છે. ફેંફસા અને આંતરડાને પણ નુકસાન કરે છે. જેના કારણે કેન્સરની બિમારીને આમંત્રણ મળે છે. રિપોર્ટમાં કેટલાક બ્રાન્ડના પાણીની બોટલના સેમ્પલ પણ લેવામાં આવ્યા હતા. જેમાં જાણવા મળ્યુ હતુ કે એક લીટર પાણીની બોટલમાં સરેરાશ ૩૨૫ પ્લાસ્ટિકના રજકણ મળી આવ્યા છે. આવી જ રીતે પ્લાસ્ટિકના લંચ બોક્સમાં ગરમ ભોજન રાખવાની સ્થિતીમાં તેમાં પણ પ્લાસ્ટિક મળે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે માર્ગ પર ગાડી ચલાવવાથી ટાયર ઘસાય છે. જેથી માઇક્રો પ્લાસ્ટિકના રજકણ પણ હવામાં આવી રહ્યા છે. જે શ્વાસ મારફતે શરીરમાં પ્રવેશ કરી રહ્યા છે. ટોક્સિક લિંકના ચીફ પ્રોગ્રામ કો ઓર્ડિનેટર પ્રિતિ મહેશે કહ્યુ છે કે કેમિકલ્સ શરીર આરોગ્ય અને પર્યાવરણ બંનેને નુકસાન કરે છે. ભારે નુકસાન થઇ રહ્યુ હોવા છતાં કોઇ પણ પ્રકારના અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી નથી. તેના ઉપયોગના નિયંત્રણ માટે પણ કોઇ પગલા લેવામાં આવી રહ્યા નથી. હાલમાં જ ટુથપેસ્ટના સંબંધમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વ્યાપક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યા છે કે સવારે ઉઠીને અમે જે ટુથપેસ્ટથી બ્રશ કરી રહ્યા છીએ તે અમારી અંદર ઝેર પહોંચાડે છે. એક ટૂથપેસ્ટમાં નવ સિગારેટ જેટલું નિકોટીનનું પ્રમાણ હોઈ શકે છે. દિલ્હી સ્થિત ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ એન્ડ રિસર્ચે પોતાની તપાસમાં આ મુજબનો ઘટસ્ફોટ કર્યો છે. આ સંસ્થાએ કહ્યું છે કે તમામ ટુથપેસ્ટ બનાવટી કંપનીઓ લોકોના દાંતને ખરાબ કરવાની પ્રક્રિયામાં જોડાયેલી છે. આ સંસ્થાના પૂર્વ અધિકારી અને પ્રોફેસર એસ એસ અગ્રવાલે જણાવ્યું છે કે બજારમાં ઉપલબ્ધ તમામ ટોચની કંપનીઓના પેસ્ટને લઈને તપાસ કરવામાં આવી ચૂકી છે. આમાંથી ૧૧ પેસ્ટ અને દાતમંજનમાં નિકોટીનનું પ્રમાણ અપેક્ષા કરતાં વધારે જોવા મળ્યું છે. પેસ્ટમાં યુઝીનોલ અને ટારનું પ્રમાણ પણ ખૂબ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ફ્લોરાઈડનું પ્રમાણ પણ મોટી માત્રામાં જોવા મળ્યું છે. ઘણા પેસ્ટ અને દાંતમંજનમાં ૧૮ મિલીગ્રામ સુધી નિકોટીનનું પ્રમાણ જોવા મળ્યું છે. એક સિગારેટમાં ૨થી ૩ મિલીગ્રામ નિકોટીનનું પ્રમાણ રહે છે.

દરેક ચીજમાં કેમિકલની હાજરીના કારણે ભારે નુકસાન થઇ રહ્યુ છે તે તો નક્કી છે

ફિટનેસ એલર્ટ : કેન્સર જેવી જીવલેણ બિમારીને આમંત્રણ આપે છે

સ્મોકિંગ ટેવ ઓછી વયે વૃદ્ધ બનાવે છે



સ્મોકિંગ અથવા તો ધુમ્રપાનની ટેવ કેટલીક રીતે શરીરને ભારે નુકસાન કરે છે : સ્મોકિંગના કારણે વ્યક્તિ ૨૦ વર્ષ પહેલા વૃદ્ધ બની જાય છે

સ્મોકિંગની ટેવ કેન્સર જેવી જીવલેણ બિમારીને પણ આમંત્રણ આપે છે. આ ટેવ શરીરને કેટલીક રીતે નુકસાન કરે છે. જેમાંથી એક વયને ઘટાડી દેવામાં પણ તેની ભૂમિકા છે. હવે એક નવા અભ્યાસમાં તો અહીં સુધી કહેવામાં આવ્યુ છે કે સ્મોકિંગના કારણે માત્ર વય જ ઓછી થતી નથી બલ્કે વ્યક્તિને ૨૦ વર્ષ પહેલા વૃદ્ધ બનાવી દેવામાં તેની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. એટલે કે સ્મોકિંગ કરનાર યુવાનની વય ૨૦ વર્ષની છે તો તેની ક્રોનિલોજિકલ વય કોઇ ૪૦ વર્ષની વ્યક્તિની જેમ દેખાય છે. ક્રોનલોજિકલ અથવા તો બાયોલોજિકલ વય શુ છે તેને લઇને વારંવાર પ્રશ્ન થતા રહે છે. માનવ શરીરની બે પ્રકારની વય હોય છે. પ્રથમ ક્રોનોલોજિકલ અને બીજી બાયલોજિકલ વય હોય છે. ક્રોનિલોજિકલ વય એ છે જે વ્યક્તિની જન્મ સાથે ગણવામાં આવે છે. અને તેમાં વ્યક્તિ કોઇ પણ વયના દેખાય છે. બાયલોજિકલ વય વય પ્રમાણે દેખાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્મોકિંગના નુકસાનને લઇને ૧૪૯૦૦૦ પુખ્તવયના બ્લડ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં આ બાબત સપાટી પર આવી છે કે સ્મોકિંગ કરનાર યુવાનોની ક્રોનોલોજિકલ વય તેમના કરતા નોન સ્મોકર્સ કરતા ડબલ નજરે પડે છે. જ્યારે સ્મોકિંગ ન કરનાર યુવાનની વય તેના જન્મના સમય મુજબ સટીક રહે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૦ પૈકી સાત એવા સ્મોકર્સ નિકળ્યા છે જેમની વય ૩૦ વર્ષ કરતા ઓછી હોવા છતાં ક્રોનોલોજિકલ વય ૩૧થી ૪૦ વર્ષની જેવી દેખાઇ રહી છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા લોકો પૈકી ૪૯૦૦૦ લોકો સ્મોકર્સ હતા તેમની સરેરાશ વય ૫૨ દર્શાવવામાં આવી છે. જે ચિંતાનો વિષય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે સ્મોકિંગ લોકોના આરોગ્યને બરબાદ કરી નાંખે છે અને વય કરતા પહેલા મોત તરફ દોરી જાય છે. કેટલીક બિમારીને પણ આમંત્રણ મળી જાય છે. સ્ટડીમાં એવુ પણ જાણવા મળ્યુ છે કે નોન સ્મોકર્સની તુલનામાં સ્મોકિંગ કરનારની વય ખરુબ ઝડપથી વધી છે. આ પ્રક્રિયાને લઇને અભ્યાસમાં સામેલ થનાર લોકો પણ ચોંકી ગયા છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે પેસીવ ધુમ્રપાન બાળકોમાં બેરાશ લાવવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોના શરીરમાં ધૂમ્રપાનની ખૂબ જ માઠી અસર થાય છે. આ પ્રકારના ધૂમ્રપાનથી કેટલીક ગંભીર પ્રકારની આરોગ્યની તકલીફ ઊભી થાય છે. તે પ્રકારના તારણો પહેલાંથી જ બહાર આવી ચૂક્યા છે. હવે નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે પણ ટીનેજરો ઉપર માઠી અસર થાય છે. આવા ધૂમ્રપાનથી બાળકોમાં સાંભળવાની શક્તિ જતી રહેવાનો ખતરો રહે છે. ૧૨થી ૧૯ વયના ૧૫૦૦ જેટલા લોકોને આવરી લઈને ન્યૂયોર્ક યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેકન્ડ હેન્ડ સ્મોકના કારણે ગ્રસ્ત બાળકો સાંભળવાની શક્તિ વધારે ગુમાવે છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે પેસિવ સ્મોકિંગથી એક એવા વિસ્તારને બ્લડ સપ્લાયને અસર કરે છે જે દરેક વ્યક્તિ માટે ખૂબ જ ઉપયોગી હોય છે અને આ વિસ્તાર વ્યક્તિની ભાષા સમજવા અને સાંભળવાની શક્તિને સક્ષમ રાખવામાં ભૂમિકા ભજવે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નાના બાળકો ધરાવતા માતાપિતા પૈકીના ઘણા માતાપિતા બાળકો ઘરે અભ્યાસ કરે છે ત્યારે અથવા તો રમતા હોય છે ત્યારે ઘરમાં ધૂમ્રપાન કરે છે. આ પ્રકારના વાતાવરણમાં રહેનાર બાળકોનું સ્કૂલમાં વર્તન પણ અશાંત રહે છે. શિક્ષણમાં પણ નબળા હોય છે. ભણવામાં નબળા હોવાના કારણો જાણવા મળ્યા નથી. તારણોમાં જણાવવામાં આવ્યું છે કે આરોગ્યની ઘણી સમસ્યાઓ ધૂમ્રપાનને લીધે ઊભી થાય છે. અસ્થમા, હાર્ટના રોગ, ફેંફસાના કેન્સર સહિતના ઘણા ગંભીર રોગ ધૂમ્રપાનના કારણે થાય છે તેવા અહેવાલ પહેલેથી જ આવી ચૂક્યા છે. આ અભ્યાસ કરતી વેળા સંશોધકોએ ટીનેજરોની સાંભળવાની વ્યાપક પ્રવૃત્તિમાં અભ્યાસ કર્યો હતો. સ્મોકિંગ કરનાર મહિલા અને પુરૂષોમાં આ પ્રક્રિયા એક સમાન નજરે પડી છે. સ્મોકિંગના કારણે શરીરના આંતરિક અંગોને પણ ભારે નુકસાન થાય છે.

ટેસ્ટ, વનડે અને ટ્વેન્ટી ક્રિકેટમાં દુનિયાભરમાં પ્રભુત્વ જમાવ્યુ...

ક્રિકેટમાં સ્ટાર વિરાટ કોહલીનો ડંકો

ટેસ્ટમાં ૨૭ અને વનડે ક્રિકેટમાં ૪૩ સદી જેવા રેકોર્ડ સાબિત કરે છે કે આવનાર વર્ષોમાં તમામ રેકોર્ડ તેના નામ પર જ રહેનાર છે



અવિરત ધરખમ દેખાવ જારી

વિરાટના વિરાટ આંકડા

ક્રિકેટના મેદાન પર પોતાની રમતથી ધુમ મચાવનાર ધરખમ ક્રિકેટર વિરાટ કોહલીએ હવે વિશ્વભરમાં પોતાના નામનો ડંકો વગાડી દીધો છે. આજે વિરાટ કોહલીની સામે સ્પર્ધામાં ઉભા પણ રહી શકે તેવા કોઇ ખેલાડી દુનિયામાં નથી. વિરાટના વિરાટ આંકડાથી સાબિત થાય છે કે તે શા માટે આજે દુનિયાનો સૌથી ધરખમ ખેલાડી છે.

નામ	:	વિરાટ કોહલી
જન્મ તારીખ	:	પાચમી નવેમ્બર ૧૯૮૮
હાલની વય	:	૩૧
જન્મ સ્થળ	:	દિલ્હી, ભારત
નીક નેમ	:	ચિકુ
હાઇટ	:	પાંચ ફુટ નવ ઇંચ
બેટિંગ સ્ટાઇલ	:	રાઇટ હેન્ડ
બોલિંગ સ્ટાઇલ	:	રાઇટ આર્મ મિડિયમ
રોલ	:	બેટ્સમેન
રાષ્ટ્રીય ટીમ	:	ભારત
ટેસ્ટ પ્રવેશ	:	૨૦મી જુન ૨૦૧૧ (વિન્ડીઝ)
અંતિમ ટેસ્ટ	:	૨૨મી નવેમ્બર ૨૦૧૯ (બાંગ્લાદેશ)
વનડે પ્રવેશ	:	૧૮મી જાન્યુઆરી ૨૦૦૮ (શ્રીલંકા)
અંતિમ વન ડે	:	૧૯મી જાન્યુઆરી ૨૦૨૦ (ઓસ્ટ્રેલિયા)
શર્ટ નંબર	:	૧૮
ટેસ્ટ-વનડે	:	૮૪-૨૪૫
ટેસ્ટ-વનડે રન	:	૭૨૦૨-૧૧૭૯૨
ટેસ્ટ-વનડે એવરેજ	:	૫૪.૯૭-૫૯-૮૫
ટેસ્ટ-વનડે સદી	:	૨૭-૪૩
ટેસ્ટ-વનડે	:	૨૨-૫૭

ક્રિકેટના મેદાન પર પોતાની રમતથી ધુમ મચાવનાર ધરખમ ક્રિકેટર વિરાટ કોહલીએ હવે વિશ્વભરમાં પોતાના નામનો ડંકો વગાડી દીધો છે. આજે વિરાટ કોહલીની સામે સ્પર્ધામાં ઉભા પણ રહી શકે તેવા કોઇ ખેલાડી દુનિયામાં નથી. વિરાટ કોહલી વિરાટ દેખાવ સાથે વિશ્વમાં છવાઇ ગયો છે. તેના આંકડા પરથી જ સાબિત થઇ જાય છે કે તે આજે ક્રિકેટમાં કેટલા સ્તર પર રમી રહ્યો છે. વિરાટ કોહલીએ ૨૪૫ વનડે મેચોમાં હજુ સુધી ૧૧૭૯૨ રન બનાવ્યા છે. જેમાં ૪૩ સદી અને ૫૭ અડધી સદી ફટકારી છે. બીજી બાજુ ટેસ્ટમાં ૮૪ મેચમાં કોહલીએ ૨૭ સદી અને ૨૨ અડદી સદી કરી છે. આંકડા સાબિત કરે છે કે આજે તે રન મશીન તરીકે છે. કોહલી વર્તમાન સમયમાં દુનિયાના શ્રેષ્ઠ બેટ્સમેન છે તેમાં કોઇ શંકા નથી. વનડેના મામલે તે માસ્ટર બ્લાસ્ટર બેટ્સમેન સચિન તેન્દુલકરના રેકોર્ડની દિશામાં ઝડપી આગળ વધી રહ્યો છે. તમામ પૂર્વ મહાન ખેલાડી કહી રહ્યા છે કે તે સચિન તેન્દુલકરના મોટા ભાગના ટેસ્ટ અને વનડે રેકોર્ડ તોડી દેશે. જે રીતે અને જે ગતિથી તે આગળ વધી રહ્યો છે તે જોતા સચિનના રેકોર્ડને તોડી નાંખવામાં વધારે સમય લેશે નહીં. વનડે અને ટેસ્ટ ક્રિકેટમાં તેના ધરખમ બેટિંગ દેખાવના કારણે હવે માત્ર મેદાનમાં જ નહીં બલ્કે એવોર્ડમાં પણ તે સપાટો બોલાવી ચુક્યો છે. વિરાટ કોહલીએ છેલ્લે આઇસીસી એવોર્ડ કાર્યક્રમમાં પણ સપાટો બોલાવી દીધો છે. ટીમ ઇન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલીએ ક્રિકેટના ત્રણેય મોટા એવોર્ડ જીતી લીધા :જ. વિરાટ કોહલી આઇસીસી ક્રિકેટર ઓફ ધ યર, આઇસીસી ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર અને આઇસીસી વનડે ક્રિકેટર ઓફ ધ યરના એવોર્ડ પોતાના નામ પર કરી ચુક્યો છે. યુવા ક્રિકેટમાં વિરાટ કોહલી તમામના ફેવરીટ સ્ટાર તરીકે ઉભરી આવ્યો છે. વિરાટ કોહલી અંગે ખુબ ઓછા લોકો જાણે છે કે દિલ્હીના રસ્તા પર રમીને તે આગળ વધ્યો છે. ક્રિકેટને લઇને તેના ક્રેઝના કારણે તે આજે આ સ્થાન પર પહોંચી શક્યો છે. તેના ક્રેઝને જોઇને તેના પિતાએ આખરે તેને ક્રિકેટ એકેડમીમાં મુક્યો હતો. જ્યાં કોચ રાજકુમાર શર્મા પાસેથી ટ્રેનિંગ મેળવી હતી. વિરાટ કોહલીએ પોલી ઉમરીગર અને વિજય મર્ચેન્ટ ટ્રોફીમાં રમ્યા બાદ દિલ્હીની ફર્સ્ટ ક્લાસમાં ટીમમાં જગ્યા બનાવી હતી. ત્યારબાદ કોહલીને ભારતની અંડર-૧૯ ટીમના હિસ્સા તરીકે રહેવાની તક મળી ગઇ હતી. લાલચંદ રાજપુતના કોચ તરીકેના ગાળામાં ઇંગ્લેન્ડ અને પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. જ્યાં તેની બેટિંગની ખુબ પ્રશંસા થઇ હતી. કોહલી હમેંસા દરેક સ્પર્ધામાં સૌથી વધારે રન કરનાર ખેલાડી તરીકે રહ્યો છે. ભારતની અંડર ૧૯ ટીમમાં પસંદ કરવામાં આવ્યા બાદ કોહલીને ચાર મહિના પછી જ રણજી ટ્રોફીમાં રમવાની તક મળી ગઇ હતી. પોતાના પિતાની મૃત્યુના આગલા દિવસે કોહલીએ ૯૦ રનની અવિશ્વસનીય ઇનિંગ્સ રમી હતી. આની સાથે જ કોહલીને ચારેબાજુ સન્માન મળ્યુ હતુ. વર્ષ ૨૦૧૮માં આઇસીસી અંડર ૧૯ વર્લ્ડ કપમાં તેના નેતૃત્વમાં ભારતીય ટીમ વિજેતા બની હતી. તમામ લોકો જાણે છે કે ઓપનિંગ જોડી સચિન તેન્દુલકર અને વિરેન્દ્ર સહેવાગની ગેરહાજરીમાં તેને રાષ્ટ્રીય ટીમમાં રમવાની તક મળી હતી. કોહલીએ ૧૮મી ઓગષ્ટ ૨૦૦૮ના દિવસે ભારતીય ક્રિકેટ ટીમમાં એન્ટ્રી કરી હતી. પોતાની કેરિયરની શરૂઆતમાં તેને કેટલાક ઉતારચઢાવની સ્થિતીનો સામનો કરવો પડ્યો હતો. ખરાબ ફોર્મ હોવા છતાં વિરાટ કોહલીએ પોતાની ટેકનિકના કારણે મક્કમ રહ્યો હતો. વર્ષ ૨૦૧૧માં તે બેટ્સમેનોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગયો હતો. આ જ વર્ષે તે ટેસ્ટ ક્રિકેટમાં પણ એન્ટ્રી કરી ગયો હતો. વર્ષ ૨૦૧૪માં ધોનીએ ટેસ્ટ કેપ્ટન પદ છોડી દીધા બાદ કોહલીને ટેસ્ટ કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી લીધી હતી. વર્ષ ૨૦૧૭માં તે વનડે અને ટ્વેન્ટી ક્રિકેટમાં કેપ્ટન બની ગયો હતો. વિરાટ કોહલીને રન મશીન તરીકે ગણવામાં આવે છે. વિશ્વના અનેક ધરખમ ખેલાડીઓ આજે દાવો કરી રહ્યા છે કે વિરાટ કોહલી આજે આધુનિક સમયના ડોન બ્રેડમેન તરીકે છે. પાંચમી નવેમ્બર ૧૯૯૮ના દિવસે જન્મેલા વિરાટ કોહલીએ શિસ્તના મામલે પણ દાખલા બેસાડ્યા છે. મેદાન પર તે ખુબ આક્રમક ખેલાડી તરીકે છે. જો કે મેદાનની બહાર ખુબ શિસ્તમાં રહે છે. થોડાક સમય પહેલા જ થોડાક સમય માટે પ્રેમમાં રહ્યા બાદ આખરે અભિનેત્રી અનુષ્કા શર્મા સાથે લગ્ન કરી લીધા હતા.

મહાન ખેલાડી કોહલી હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં સૌથી મોટી સેલિબ્રિટી તરીકે છે. ઓક્ટોબર ૨૦૧૭ બાદથી તે વિશ્વમાં ટોપ રેન્કના વનડે ખેલાડી છે. હાલમાં ૯૨૮ પોઇન્ટ સાથે તે ટેસ્ટમાં પ્રથમ રેન્ક ખેલાડી તરીકે છે. ભારતીય બેટ્સમેનોમાં કોહલીએ હજુ સુધી ટેસ્ટમાં ૯૩૭ પોઇન્ટ, વનડેમાં ૯૧૧ પોઇન્ટ અને ટી-૨૦માં ૮૯૭ પોઇન્ટ મેળવ્યા છે.

ક્રિકેટ, જાહેરાત મારફતે જંગી રેકોર્ડ આવક...

દુનિયામાં સૌથી લોકપ્રિય

વિરાટ કોહલીએ આજે ક્રિકેટની દુનિયામાં અનેક રેકોર્ડ પોતાના નામ પર કરી લીધા છે. સાથે સાથે કમાણીના મામલે પણ તે વિશ્વના ટોપ ખેલાડીઓમાં સામેલ રહ્યો છે. તેની કમાણીની વાત કરવામાં આવે તો તે ક્રિકેટમાંથી જંગી આવકની સાથે સાથે જાહેરાતોમાંથી પણ તે જંગી આવક મેળવી રહ્યો છે. વિરાટ કોહલી આજે ક્રિકેટની સાથે સાથે અનેક બિઝનેસ કારોબારમાં પણ ઝંપલાવી ચુક્યો છે. હાલમાં તે ૨૦થી પણ વધારે જાહેરાતોમાં કામ કરી રહ્યો છે. ઈએસપીએન દ્વારા વિશ્વના સૌથી લોકપ્રિય અને જાણીતા એથલિટોની યાદીમાં પણ તે સ્થાન મેળવી ચુક્યો છે. ક્રિકેટ કેરિયરની સાથે સાથે એફસી ગો એનમાં તે માલિકી ધરાવે છે. ફોર્બ્સ દ્વારા સૌથી લોકપ્રિય અને મોંઘા એથલીટ તરીકે ફોર્બ્સ દ્વારા જે યાદી જાહેર કરવામાં આવી હતી તેમાં તે સ્થાન મેળવી ગયો હતો. વર્ષ ૨૦૧૯માં તે સમગ્ર વિશ્વમાં સૌથી પ્રભાવશાળી લોકોની યાદીમાં પણ સ્થાન મેળવી ગયો હતો. કોહલી પંજાબી હિન્દુ પરિવારમાં જન્મયો હતો. તેના પિતા પ્રેમ કોહલી ક્રિમીનલ લોયર તરીકે કામ કરતા હતા. તેની માતા સરોજ કોહલી હાઉસવાઈફ તરીકે રહી છે. દિલ્હીના ઉત્તમ નગર વિસ્તારમાં વિરાટ કોહલી ઉછર્યો હતો. વિસાળ ભારતી પબ્લિક સ્કુલમાં ગયો હતો. જાહેરાતની દુનિયામાં તે આજે વિશ્વની મોટી મોટી કંપનીઓ સાથે કામ કરી રહ્યો છે. કેટલીક કંપનીઓ સાથે તો તે મહાકાય સમજુતી ધરાવે છે. કમાણીના મામલે અને લોકપ્રિયતાના મામલે પણ તે સૌથી આગળ રહ્યો છે. માર્ચ ૨૦૧૯માં કોહલીએ મોબાઈલ ઈસ્પોર્ટસ પ્લેટફોર્મ મોબાઈલ પ્રિમિયર લીગના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે હસ્તાક્ષર કર્યા હતા. વર્ષ ૨૦૧૯માં કોહલી દુનિયાના સૌથી અમીર એથલીટોમાં સામેલ રહ્યો હતો. હાઈએસ્ટ પેઈડ એથલીટોમાં તે એકમાત્ર ભારતીય તરીકે સામેલ રહ્યો છે. તેની કમાણીની વાત કરવામાં આવે તો ૨૫ મિલિયન ડોલરની આસપાસ છે. જે પૈકી ૨૧ મિલિયન ડોલરની કમાણી જાહેરાતો મારફતે અને બાકીની કમાણી પગાર અને અન્ય જીત મારફતે છે. તે કેટલાક ચેરિટી કામ સાથે પણ જોડાયેલો રહ્યો છે. અનેક કંપનીઓ સાથે લાંબા ગાળાના કરાર તે ધરાવે છે.



રિયલ એસ્ટેટ દેશમાં રોજગાર આપનાર બીજા સૌથી મોટા ક્ષેત્ર તરીકે છે : કુલ યોગદાન ૨૦૨૫ સુધી ૧૩ ટકા પહોંચી જવાની આશા

નાણાંપ્રધાન નિર્મલા સીતારામન હવે પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવા જઇ રહ્યા છે. બજેટના પ્રકાશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. હમેંશાની જેમ આ વખતના બજેટથી પણ તમામને ખુબ આશા રહેલી છે. સામાન્ય લોકોની સાથે સાથે કોર્પોરેટ જગતને પણ ખુબ આશા રહેલી છે. મધ્યમ વર્ગ ઇચ્છે છે કે ઇન્કમ ટેક્સમાં છુટછાટ મળે, ખેડુત ઇચ્છે છે કે સબસિડી આપવામાં આવે. કંપનીઓ ઇચ્છે છે કે તેમના ટેક્સમાં કોઇ પણ રીતે ઘટાડો કરવામાં આવે, રિયલ એસ્ટેટ ઇચ્છે છે કે તેને વધારે રાહત આપવામાં આવે. કાપડ ઉદ્યોગ બીજા દેશો સાથે સ્પર્ધામાં ટકી રહેવા માટે મદદની ઇચ્છા રાખે છે. જવેલરી ઉદ્યોગ પણ નિકાસ વધારી દેવા માટે તેને કેટલીક રાહત મળે તેમ ઇચ્છે છે. જવેલરી ઉદ્યોગ ઇચ્છે છે કે તેને ડ્યુટીમાં કાપ કરીને રાહત આપવામાં આવે. દરેક વ્યક્તિ અને કારોબારીની કઇકને કઇક આશા રહેલી છે. મુળ બાબત એ છે કે બજેટના એક હિસ્સા તરીકે દરેક વ્યક્તિ ઇચ્છે છે. દરેક સેક્ટરની માંગ વાજબી છે. જો કે લાખ ટકાનો સવાલ એ છે કે શુ નાણાં પ્રધાનના ખજાનામાં એટલા નાણાં છે કે તમામની અપેક્ષાને પૂર્ણ કરી

આર્થિક સુસ્તી વચ્ચે લોકપ્રિય બજેટ રજૂ કરવા માટેની તૈયારી

બજેટમાં ખજાનો ખોલવાની જરૂર

શકાય. આનો જવાબ એ છે કે નાણાંપ્રધાનના ખજાનામાં આટલી રકમ રહેલી નથી. સરકારી આંકડા દર્શાવે છે કે સરકારને આ નાણાંકીય વર્ષના પ્રથમ છ મહિનામાં કુલ ૬.૦૭ લાખ કરોડના પ્રત્યક્ષ ટેકસની વસુલી થઇ છે. જે કુલ લક્ષ્ય ૧૬.૪૯ લાખ કરોડના માત્ર ૩૭ ટકાની આસપાસ છે. હાલમાં નાણાંકીય વર્ષને પૂર્ણ થવા આડે થોડોક સમય રહ્યો છે પરંતુ તેમાં વધારાની આશા રાખી શકાય છે. કારણ કે સરકાર આના માટે સતત પ્રયાસ કરી રહી છે. બીજી બાજુ જુલાઇમાં પોતાના પૂર્ણ બજેટમાં નાણાંપ્રધાને જીએસટી વસલી ટાર્ગેટ ૬.૬૩ લાખ કરોડ રૂપિયા રાખતા તેની અસર પણ થઇ હતી. જો કે ટાર્ગેટ પૂર્ણ થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. પરોક્ષ ટેક્સ વસુલીના ટાર્ગેટ પણ જ્યારે પૂર્ણ થઇ રહ્યા નથી ત્યારે નાણાંપ્રધાન પ્રજા માટે ખજાનો કઇ રીતે ખોલી શકે છે તે બાબત પણ પ્રશ્નો થઇ રહ્યા છે.બીજી બાજુ જીડીપી વિકાસ દર ઘટીને પાંચ ટકા થઇ ગયો છે. જો કે સરકારને હવે ખજાનો તો ખોલવો જ પડશે. તે તેની તૈયારી પણ કરી ચુકી છે. આવુ કરવાની બાબત તેના માટે જરૂરી પણ બની ગઇ છે. કારણ કે આ સમયમાં વપરાશમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. જેની અસર માત્ર ઉદ્યોગો પર પડી રહી નથી. સાથે સાથે ઉત્પાદનમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. રોકાણમાં પણ ઘટાડો થઇ રહ્યો છે. આ ભારે ચિંતાજનક બાબત રહેલી છે. કારણ કે અમારી અર્થવ્યવસ્થા વપરાશ પર આધારિત રહેલી છે. પ્રજા અથવા તો ગ્રાહક જેટલી રકમ ખર્ચ કરે છે તેટલા જ પ્રમાણમાં તેજી આવે છે. જીડીપીમાં વધારો થાય છે. જેથી સરકારને પોતાના ખજાનાનો દરવાજો તો ખોલવો જ પડશે. જેથી બજેટને લઇને ખુબ આશા છે. નિર્મલા સીતારામન કેટલી રાહત આપી શકે છે તે બાબત પણ તમામ નિષ્ણાંતોની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. સૌથી પહેલા તો ઇન્કમ ટેક્સમાં છુટની વાત થઇ શકે છે. છેલ્લા બજેટમાં ઇન્કમ ટેક્સમાં છુટની મર્યાગા વધારીને પાંચ લાખ કરવામાં આવી હતી. જેના કારણે લોકોને કેટલાક અંશે રાહત થઇ હતી. જો કે તેનાથી ઉપરના સ્લેબમાં કોઇ રાહત મળી શકી ન હતી. આશા રાખી શકાય છે કે આ વખતે કેટલીક રાહત ઉપરના સ્લેબમાં મળી શકે છે. એ પણ હોઇ શકે છે કે આ વખતે સરકાર ૮૦ સીની મર્યાદામાં વધારો કરી નાંખે. જેના કારણે ટેક્સમાં લોકોને રાહત મળી શકે છે. કસ્ટમ ડ્યુટી હજુ પણ સરકારની પાસે છે. આશા છે કે આના કારણે આંશિક રાહત મળી શકે છે. આ પ્રકારના સામાનની ઉદ્યોગોને જરૂર હોય છે. એવો અંદાજ રાખવામાં આવી રહ્યો છે કે કેટલીક ચીજ વસ્તુઓની આયાત પર કસ્ટમ ડ્યુટીમાં છુટછાટ મળી શકે છે. રિયલ એસ્ટેટ રોજગાર આપનાપ બીજા સૌથી મોટા ક્ષેત્ર તરીકે છે. જીડીપીમાં તેનુ કુલ યોગદાન ૧૩ ટકા સુધી પહોંચી જવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમાં પહેલા કરતા વધારે પારદર્શકતા આવી છે. જો કે આ ક્ષેત્રમાં વ્યાપક મંદી પ્રવર્તી રહી છે. તેને સરકારના ટેકાની જરૂર દેખાઇ રહી છે. મકાન ખરીદનારની લોન પર ટેક્સની છુટછાટને વધારી શકાય છે. નિર્માણ હેઠળ રહેલા મકાનો પર જીએસટીમાં કેટલીક રાહત મળી શકે છે. પ્રોપર્ટીમાં થનાર આવકમાં ટેક્સમાં છુટછાટ મળી શકે છે. જેથી આ સેક્ટરમાં તેજી આવી શકે છે. શેરબજારમાં ગતિ લાવવા માટેના પ્રયાસ કરવામાં આવી શકે છે. આ વખતે પ્રધાન લોન્ગ ટર્મ કેપિટલ ગેઇન ટેક્સમાં રાહત આપી શકે છે. સાથે સાથે લાભ પર પણ લાગુ ટેક્સમાં રાહત મળી શકે છે. ટુંકમાં સરકારને ખજાનો ખોલવાની જરૂર દેખાઇ રહી છે. સરકાર સામે સુસ્તીના માહોલમાં કેટલાક પડકારો રહેલા છે. તમામની નજર બજેટ પર હવે કેન્દ્રિત થઇ ગઇ છે.

સ્થુળતા રોગપ્રતિકારક ક્ષમતા ઘટાડે છે...

સ્થુળતા-રોગપ્રતિકારક ક્ષમતા




કેટલાક લોકો વારંવાર બીમાર થઈ જાય છે અને નોકરી પર રજા પડી જાય છે. આડેધડ નોકરીમાં રજા પડવાના કારણે વ્યક્તિની પ્રતિષ્ઠા ઉપર માઠી અસર થાય છે. વારંવાર બીમાર કેમ થઈ જવાય છે અને ઓફિસમાં રજા કેમ પડે છે તેને લઈને હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નબલી રોગપ્રતિકારક ક્ષમતાના લીધે વારંવાર વ્યક્તિ નાની મોટી બિમારીઓથી ઘેરાઈ જાય છે. રોગપ્રતિકારક ક્ષમતાને વધતી જતી સ્થૂળતા માઠી અસર કરે છે. રોગપ્રતિકારક ક્ષમતાને સ્થૂળતા ઘટાડે છે. સ્થૂળતા અને રોગપ્રતિકારક ક્ષમતા વચ્ચે સીધા સંબંધ રહેલા છે. હાલમાં જ કરવામાં આવેલા નવા રિસર્ચમાં જાણવા મળ્યું છે કે સ્થૂળતા અને નબળી રોગપ્રતિકારક ક્ષમતા વચ્ચે આંતર સંબંધો રહેલા છે. સામાન્ય રીતે ઓછી રોગપ્રતિકારક ક્ષમતા ધરાવતા લોકો તાવ, શરદી ગરમી, અન્ય પ્રકારના ઈન્ફેક્શનો, હાથપગના દુખાવાથી પીડીત રહે છે. રોગપ્રતિકારક શક્તિ ઘટવાનો મતલબ એ છે કે વજન ઘટે છે. જુદા જુદા રોગો સામે લડવામાં સક્ષમ રોગપ્રતિકારક ક્ષમતા ઘટી જવાથી બિમારીઓ સંકજો વધુ મજબૂત બનાવે છે. સાથે સાથે વહેલી તકે બિમારીમાંથી રિકવર થવામાં પણ સમય લાગે છે. હાઈફેટનો મતલબ ઓછા આયુષ્ય સાથે સંબંધિત છે. સાથે સાથે સામાન્ય રીતે વય સંબંધિત બિમારીઓનો ખતરો વધી જાય છે. બાયોલોજીકલ વયની સરખામણીમાં રોગપ્રતિકારક ક્ષમતાની કામગીરી વયની પ્રક્રિયા સાથે વધી સીધા સંબંધ ધરાવે છે. આનો મતલબ એ થયો કે જો તમારી વય ૫૦ વર્ષની છે અને રોગપ્રતિકારક ક્ષમતા મજબૂત છે તો બાયોલોજીકલ વય માઠી અસર કરશે નહીં. પુરુષો સામાન્ય રીતે મહિલાઓ કરતા ઊંચા મેટાબોલીક રેટ ધરાવે છે. હાર્મોનની આ સમતુલા અથવા માંદગીની પણ અસર થાય છે. ચોક્કસ દવાઓ, ખાસ કરીને સ્ટેરોઈડ વજન વધારવામાં ભૂમિકા ભજવે છે. સ્ટેરોઈડ અથવા કેટલીક એન્ટી ડિપ્રેશન સાથે સંબંધિત દવાઓ વધારે પડતું વજન વધારે છે. રોગપ્રતિકારક ક્ષમતા ઘટી ગઈ છે તે વાત કઈ રીતે જાણી શકાય તેવા પ્રશ્નોના જવાબમાં તબીબોનું કહેવું છે કે વધારે પડતો થાક, વારંવાર ઈન્ફેક્શન, શરીરમાં દુખાવા, ઘા ઝડપથી ઠીક ન થવાનો સમાવેશ થાય છે. સ્કીન ઈન્ફેક્શન, વેજીનીયર ઈન્ફેક્શન, લો ગ્રેડ ફિવર, વાર ખરી જવા જેવી બાબતો પણ રોગપ્રતિકારક શક્તિ ઘટવાનો સંકેત આપે છે.

સારા આરોગ્ય માટેની વાત : સારી ટેવથી બીપી સંતુલિત રહે છે

હાઈપરટેન્શનમાં પણ બીપી સંતુલિત

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિને કેટલીક તકલીફ અને સમસ્યા સતાવતી રહે છે. તે ગળા કાપ સ્પર્ધાના યુગમાં અન્યોથી આગળ નિકળી જવા માટે સતત પ્રયાસ કરે છે. જો કે આ પ્રકારની વ્યસ્ત અને સ્પર્ધાવાળી લાઈફમાં પણ કેટલીક સારી ટેવ રાખીને હાઈપરટેન્સનની સ્થિતીમાં પણ બીપી સંતુલિત રાખી શકાય છે. જાણકાર તબીબો અને જાણકાર લોકો કહે છે કે બ્લડ પ્રેશર પ્રતિદિન અને પ્રતિ કલાકમાં ફેરફાર થતા રહે છે. વધારે પડતા કામ, ચિંતા, ભય, શોક, ક્રોધ અને કસરત કરવા જેવી સ્થિતીમાં બ્લડ પ્રેશર થોડાક સમય માટે વધી જાય છે. જો કોઈ વ્યક્તિનુ બ્લડ પ્રેશર થોડાક સમય માટે વધી જાય છે અને બ્લડ પ્રેશર સામાન્ય કરતા વધારે આવે છે તો તેને હાઈપરટેન્શન કહેવામાં આવે છે. તબીબો કહે છે કે હાઈપરટેન્શન પણ એક ગંભીર બિમારી છે. જે એક સાઈલન્ટ કિલર તરીકે કામ કરે છે. હાર્ટ શરીરને લોહી પહોંચાડી દેવા માટેનુ કામ કરે છે. લોહી પ્રવાહના સમય અથવા તો બ્લડપ્રેસરના સમય હાર્ટ એક દબાણ પૈદા કરે છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એક સ્વસ્થ વ્યક્તિમાં સિસ્ટોલિક બ્લડપ્રેશર ૧૨૦ (એમએમએચજી) હોય છે. જ્યારે ડાયાસ્ટોલિક બ્લડ પ્રેશર ૮૦ હોય છે. જ્યારે સિસ્ટોલિક બ્લડ પ્રેશર ૧૪૦ અથવા તો તેનાથી ઉપર પહોંચી જાય છે ત્યારે અથવા તો ડાયાસ્ટોલિક ૯૦ અથવા તો તેનાથી ઉપર હોય છે ત્યારે તેને હાઈપરટેન્શન કહેવામા આવે છે.ય કેટલીક સાવધાની રાખવામાં આવે તો બ્લડ પ્રેસર ચારથી ૧૪ સુધી ઓછુ કરી શકાય છે. જાણકાર લોકો કહે છે કે સામાન્ય રીતે વજન વધી જવાના કારણે બ્લડ પ્રેશર વધી જાય છે. વજન વધી જવાથી ઉંઘતી વેળા શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગે છે. આને સ્લીપ એપ્રિયા કહેવામાં આવે છે. શરીરના વજનને ઘટાડી દઈને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં આવી શકે છે. નિયમિત રીતે શરીરને ગતિશિલતામાં રાખવામાં આવે તે જરૂરી છે. દરરોજ



સામાન્ય રીતે બ્લડપ્રેશર પ્રતિ દિન અને પ્રતિ કલાક બદલાય છે : વધારે કામ, ભય, ચિંતા અને ક્રોધથી બ્લડ્ પ્રેશર તરત જ વધી જાય છે

૩૦ મિનિટ સુધી તેજ પગલાથી ચાલવાથી , જોગિગ કરવાથી, સાયકલિંગ કરવાથી, સ્વીમિંગ કરવાથી સીધો ફાયદો થાય છે. આ તમામ પ્રકારની ગતિવિધી કરવાથી બ્લડ પ્રેશર ૪-૯ એમએમએચજી સુધી ઘટાડી શકાય છે. હાઈપરટેન્સનની પ્રારંભિક અવસ્થામાં પ્રતિદિન કસરત કરવાથી ફાયદો થાય છે. ભોજનમાં મોટા અનાજનો ઉપયોગ કરવાથી ફાયદો થાય છે. ફળ, શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે તો ફાયદો થાય છે. આવી રીતે ભોજનથી આશરે ૧૪ એમએમએચજી સુધી બ્લડ પ્રેશરને ઘટાડી શકાય છે. મિઠાના પ્રમાણને ઘટાડી દઈને બ્લડ પ્રેશરને કાબુમાં લઈ શકાય છે. સામાન્ય રીતે પ્રતિદિન એક સામાન્ય વ્યક્તિને પાંચ ગ્રામથી ઓછુ અને હાઈપરટેન્શનના દર્દીને દરરોજ બે ગ્રામથી ઓછા પ્રમાણમાં ભોજનમાં મીઠાનો ઉપયોગ કરવો જોઈએ. દરરોજ યોગ કરવાની સાથે સાથે રતમ અને મનોરંજનમાં રસ લેવા માટે પણ તબીબો સલાહ આપે છે. હાઈપરટેન્શનના લક્ષણની વાત કરવામાં આવે તો માથામાં દુખાવો રહે ચે. આંખથી ધુંધળુ દેખાય છે. ગરદનમાં પિડા રહે છે. ઘબરામણ થાય છે. ઉલ્ટી થાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આવા તમામ લક્ષણો આમાં જોવા મળે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીસના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીસથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીસથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીસ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકા છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. સારી ટેવ રખાય તો હાઈપરટેન્શનની સ્થિતીમાં પણ બીપીને નિયંણિત અને સંતુલિત રાખી શકાય છે.

પુરૂષોમાં પ્રોસ્ટેટ કેન્સર રોગ સર્જી શકે છે...

ફોલ્ટી જીન ખતરનાક હોય છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારવામાં ભુમિકા ભજવનાર ફોલ્ટી જીન અથવા તો ખામીવાળા જનીનથી પુરુષોમાં પણ પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. આ સંશોધન હાથ ધરનાર લંડનમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોફેસર રોશ ઈલેસે કહ્યું છે કે હજુ સુધી કેટલી શંકાઓ હતી. પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો ફોલ્ટી જીન વધારે છે કે કેમ તેને લઈને શંકા હતી પરંતુ હવે આ શંકા દુર થઈ રહી છે. તેમણે કહ્યું છે કે અમારા અભ્યાસમાં સાબિતી મળે છે કે પ્રોસ્ટેટ કેન્સર સાથે ગ્રસ્ત પુરુષોમાં ખામીવાળા જીન રહેલા છે. ખામીવાળા જીનના લીધે જ પુરુષોમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ફોલ્ટી અથવા તો ખામીવાળા બીઆરસીએ-૧ જીનથી પ્રોસ્ટેટ કેન્સર થવાનો ખતરો ૧૧ પૈકી ૧માં રહેલો હોય છે. અભ્યાસ મુજબ ફોલ્ટી જીનના સીધા સંબંધ જુદા જુદા રોગ સાથે હોય છે. બીઆરસીએ -૧ પ્રોસ્ટેટ કેન્સરના ખતરાને ૫ ગણો વધારવામાં ભુમિકા ભજવે છે. મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારે છે. ૧૦ પૈકીની ૬ મહિલાઓમાં આના લીધે ખતરો વધી જાય છે. જ્યારે સ્વસ્થ મહિલાઓમાં ૮ પૈકી ૧ મહિલામાં આ રોગનો ખતરો રહે છે. ફોલ્ટી જીન ધરાવતી કેટલીક મહિલાઓમાં સ્તન કેન્સરનો જોખમ સૌથી ઉંચો છે. ચેરિટી પ્રોસ્ટેટ એક્શનના મુખ્ય કારોબારી એમ્મા માલ્કને કહ્યું છે કે વહેલીતકે પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો મળી આવવાથી સફળ સારવારની તકો વધી જાય છે. પરંતુ વિલંબ થવાની સ્થિતિમાં સારવાર મુશ્કેલ બની જાય છે.

હિન્દી સિનેમામાં હવે ટર્નિંગ પોઈન્ટ આવ્યા છે

રાઈટર-ડિરેક્ટર જ હિરો છે

*કોઈ પણ ફિલ્મને નંબર્સના આધાર પર જજ કરવાનો ટ્રેન્ડ હાલમાં ચાલી રહ્યો છે. જે બિલકુલ યોગ્ય નથી. જે ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયામાં તૈયાર થાય છે અને ૧૨૦ કરોડની કમાણી કરે છે તેને હિટ ફિલ્મ તરીકે ગણી શકાય નહીં. એ ફિલ્મને હિટ ગણી શકાય છે જે બે કરોડના બજેટ સાથે તૈયાર થાય અને ૨૨ કરોડ રૂપિયાની કમાણી કરી લે છે. અભિનેતા અંસુમાન ઝાં દ્વારા આ મુજબનો અભિપ્રાય આપવામાં આવ્યો છે. લવ સેક્સ એન્ડ ધોખા, યે હે બકરાપુર અને અંગ્રેજી મે કહેતે હે જેવી ફિલ્મોમાં તે નજરે પડી ચુક્યો છે. તેનુ કહેવુ છે કે હવે સમય બદલાઇ રહ્યો છે. ફિલ્મ ફેસ્ટીવલમાં પણ હવે ક્વાલિટી ફિલ્મનો દોર ચાલી રહ્યો છે. ફિલ્મ જો કન્ટેન્ટ, સાઉન્ડ, ટેકનિકલી તમામ મામલે સારી હોય ત્યારે જ તેની પસંદગી કરવામાં આવે છે. ફિલ્મ ફેસ્ટીવલમાં આવનાર ફિલ્મો હવે કોમર્શિયલ સિનેમામાં પણ શાનદાર ભૂમિકા અદા કરી રહી છે. લિપ્સિટિક અંડર બુરખા આના માટે શાનદાર દાખલા તરીકે છે. છેલ્લા દશકમાં એક્ટિગની સ્ટાઇલ પણ બદલાઇ ચુકી છે. હિન્દી સિનેમાના ટર્નિંગ પોઇન્ટ તરીકે હવે જોઇ શકાય છે. હવે સારી પટકથા આવી રહી છે. ફિયરલેસ સ્ટોરી લખવામાં આવી રહી છે. આયુષ્માન ખુરાનાની ફિલ્મ બાલા રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મ ૯૦ના દશકમાં બની હોત તો એટલી સફળ સાબિત થઇ ન હોત. જો કે હવે તે સુપરહિટ સાબિત થઇ રહી છે. એક્ટિંગ સ્ટાઇલ પણ હવે બદલાઇ રહ્યા છે. સિનેમાને લઇને ચાહકોની વિચારધારા અને પસંદ હવે બદલાઇ રહી છે. હવે તેમને એવી ફિલ્મો પસંદ પડી રહી નથી જે ફિલ્મો મસાલા ફિલ્મ તરીકે રહે છે. હવે ચાહકો પટકથા જોઇને ફિલ્મ નિહાળવા માટે જાય છે. સ્ક્રિપ્ટ શાનદાર રહે તેની પ્રાથમિકતા હવે જોવા મળી રહી છે. હવે ફિલ્મના અસલી હિરો તો રાઇટર અને ડિરેક્ટર તરીકે છે. જ્યાં સુધી અભિનેતાઓની વાત છે તો જો તેઓ પોતાનુ કામ ઇમાનદારીથી કરે છે તો આવા સ્ટાર ચોક્કસપણે ચાહકોને પસંદ પડે છે. દિબાકર બેનર્જી સાથે કામ કરીને આન્સુમાન ભારે ખુશ છે. વેબ સિરિઝ અને ડિજિટલ પ્લેટફોર્મનો ક્રેઝ ચાહકોમાં સતત વધી રહ્યો છે. મનોરંજન હવે ઇન્ટરનેટ પર ચાલે છે. તેનુ કહેવુ છે કે જ્યારે તે બહાર નિકળે છે ત્યારે જોવે છે કે ફ્રી ટાઇમમાં સિક્યુરિટી ગાર્ડ પણ મોબાઇલ પર વેબસિરિઝ અને શો નિહાળે છે. ડિજિટલ પ્લેટફોર્મ પર નવી નવી પટકથા અને વાર્તા આવી રહી છે. તે પોતે પણ એક એક વેબશો કરી રહ્યો છે.

પ્રિયતમા એ કહ્યુ કે, કોઈ પણ પરિસ્થિતિમાં હિંમત ન હારીને સતત પુરૂષાર્થ કરવો જોઈએ



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

'સમયની સાથે ચાલતો વિનય કેમ હજુ સુધી કોલેજ આવ્યો નહીં હોય? વિનય કાંઈ મુશ્કેલીમાં તો નહીં મુકાઈ ગયો હોય ને? તેનો મોબાઈલ પણ વારંવાર પ્રયત્ન કરવા છતાં લાગતો નથી અને કે જેની સાથે નિયમિત કોલેજ આવે છે તે તમામ વિદ્યાર્થીઓ કોલેજ આવી ગયા છે. તેમને પણ વિનય ક્યાં છે તેની ખબર નથી.' આ શબ્દો છે વિનયની પ્રિયતમા નિરાલીના. નિરાલી તેની સહેલ સોહમ ને આ બધી વાત કરી રહી છે. સોહમે નિરાલીને આશ્વાસન આપતા કહ્યું કે 'નિરાલી તું શાંતિ રાખ. ખોટી ચિંતા ન કરીશ. વિનય નક્કી કોઈ કામમાં અટવાઈ ગયો હશે એટલા માટે તેને કોલેજ આવવામાં મોડું થઈ ગયું હશે. તું નિશ્ચિંત બની અને તારા મનને શાંત કર. ચાલ આપણે થોડો નાસ્તો કરીએ એટલે તારું મન હળવું થઈ જશે' આ સાંભળીને નિરાલીએ કહ્યું 'વિનય વગરનો નાસ્તો મારા ગળે નહીં ઉતરે. જ્યાં સુધી વિનયને નહીં જોવું ત્યાં સુધી નાસ્તો તો શું પાણી પણ નહીં પી શકું.' સોહમે કહ્યું 'સારુ નાસ્તો ન કરતી પરંતુ આપણે આજે કોલેજમાં લેક્ચર ભરવા માટે નહીં જઈએ અને તું મારી સાથે મંદિરમાં ચાલ. આપણે મંદિરના બગીચામાં બેસીને વિનયના આવવાની રાહ જોઈશું.' નિરાલી થોડા સમય માટે તો સોહમ ને કોલેજ કેમ્પસ છોડીને મંદિરમાં જવાની ના પાડે છે પરંતુ થોડી સમજાવટ પછી નિરાલી સોહમની સાથે કોલેજની સામે જ આવેલા મંદિરમાં જાય છે અને ભગવાનના દર્શન કરે છે. દર્શન કર્યા પછી સોહમની સાથે નિરાલી મંદિરના પ્રાંગણમાં બનાવવામાં આવેલા બગીચામાં બેસે છે અને વિનયના આવવાની રાહ જોઈ રહી છે.

મંદિરમાં આવવાના કારણે નિરાલીનું મન થોડું શાંત થાય છે અને સોહમ સાથે વાતચીત કરી રહી છે. નિરાલી નું મન પ્રફુલ રાખવાના પ્રયત્નો કરતાની સાથે સોહમ સતત વિનયનો સંપર્ક કરવા માટે પ્રયત્નશીલ રહે છે. ત્રણેક કલાક પછી વિનય નિરાલીને ફોન કરે છે. પોતાના મોબાઈલની સ્ક્રીન પર વિનય નો નંબર જોતાની સાથે જ નિરાલી ખુશ થઈ જાય છે. એક જ ક્ષણમાં નિરાલી વિનયનો ફોન ઉપાડી લે છે અને સામે વિનયનો અવાજ સાંભળતાની સાથે નિરાલીના મનને શાંતિ મળે છે. ફોન પર બંને ખૂબ જ ટૂંકમાં વાત કરે છે અને થોડીવારમાં વિનય સીધો નિરાલીને મળવા માટે બગીચામાં આવે છે. વિનયને જોતાની સાથે જ નિરાલી દોડે છે અને ભેટી પડે છે. નિરાલીની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગે છે ત્યારે વિનય ફક્ત એટલું જ કહે છે કે આજે તારા પ્રેમના આધારે જ હું જીવી રહ્યો છું બાકી ક્યારનો આ દુનિયા છોડીને હું અનંત યાત્રાએ નીકળી ગયો હોત અને તું સાચે ખૂબ રડી રહી હોત. આ સાંભળીને નિરાલીએ કહ્યું કે હવે એક પણ વખત જો મરવાની વાત કરી છે તો તમને મારી સોગંદ છે. આપણે મરવાનું નથી અને આપણે તો સાથે જીવવાનું છે. તું કઈ મુશ્કેલ પરિસ્થિતિમાં મુકાઈ ગયો છું કે હું જાણતી નથી અને તે તારી નહીં પરંતુ એ મારી નિષ્ફળતા છે તે મને લાગી રહ્યું છે. તું જો સાચે જ મને પ્રેમ કરી રહ્યો હોય તો તારા મનને બધી જ વ્યથાઓ મને કહી દે. વિનય કહ્યું કે તારા પ્રેમના કારણે જીવી રહ્યો છું અને એટલા માટે જ તને મળવા માટે અહીં આવ્યો છું. મારા પારિવારિક પ્રશ્નો ને કારણે ખુબ જ કંટાળી ગયો છું અને મારે શું કરવું તેની મને કંઈ ખબર પડતી નથી. કદાચ હવે હું કોલેજ પણ નહીં આવી શકું અને આર્થિક જવાબદારીઓ માથે આવી જવાના કારણે મારે નોકરી પણ શરુ કરવી પડશે. ત્યારે નિરાલીએ કહ્યું કે કોઈ પણ પરિસ્થિતિમાં હિંમત ન હારી ને સતત પુરુષાર્થ કરવો જોઈએ. સતત પુરુષાર્થી કોઈ પણ વિકટમાં વિકટ પરિસ્થિતિનો પણ સામનો કરી શકાય છે. દુઃખના દિવસો તો આવીને જતા રહેશે આમ હિંમત હારી ન જવાય. ઊઠ ઊભો થા અને



પ્રતિકાત્મક તસવીર

પડકારોનો સામનો કરતાં શીખ. હું કોઈપણ પરિસ્થિતિમાં તારી સાથે જ છું. નિરાલીની પ્રેરણાદાયી વાતોને વિનયના મન પર હકારાત્મક અસર થાય છે અને વિનય તમામ નિરાશાને ખંખેરી ને સકારાત્મક વિચારો સાથે પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જ બને છે. વિકટ પરિસ્થિતિમાં પ્રિયતમા નિરાલી વિનયની સાથે ઉભી રહે છે. વિનય અભ્યાસની સાથે નોકરી શરૂ કરે છે અને વિનયની સાથે વધુ સમય પસાર કરવા માટે નિરાલી પણ નોકરી શરૂ કરે છે. કોલેજમાં અભ્યાસ કર્યા પછી નિરાલી અને વિનય નોકરી પર પણ સાથે જઈ રહ્યા છે. નિરાલી સતત વિનયને હિમ્મત આપી રહી છે અને સતત વિનયને ખુશ રાખવા માટે પ્રયત્નશીલ રહે છે. નોકરીમાં એક મહીનાનો સમય પુરો થતા વિનયના હાથમાં બે પગાર આવે છે. વિનયને એક પગાર તેનો માલીક અને બીજો પગાર તેની પ્રિયતમા આપે છે. નિરાલી વિનયના હાથમાં પગાર આપતા કહે છે કે, આપણી વિકટ પરીસ્થિતીનો આપણે સાથે મળીને સામનો કરીશુ. વિનય કહે છે કે, તે મને ખુબ જ સહકાર આપ્યો છે પરંતુ તારા આખા મહીનાની મહેનતના પૈસા હું ન લઈ શકુ. આ સાંભળીને નિરાલી સ્પષ્ટ કહી દે છે કે, તારૂ ને મારુ કર્યા વગર આપણુ વિચાર, હું જીવનભર તારી જ છુ એટલે મારી સઘળી કમાણી પર તારો સંપુર્ણ અધિકાર છે. મે મારા પરીવારને પણ આપણે બન્ને સાથે નોકરી કરીએ છીએ અને તમામ પગાર તારા હાથમાં જ આપીશ તે અંગે જાણ કરી દીધી છે. આખરે વિનય નિરાલીનો પગાર પોતાની પાસે રાખે છે. પછી તો ડબલ પગારના કારણે વિનય ધીમે ધીમે આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર આવી રહ્યો છે અને થોડા વર્ષોમાં જ તમામ વિકટ પરીસ્થિતીઓ દુર થઈ જાય છે. બન્ને પરીવારો અને નજીકના મિત્રોની હાજરીમાં ખુબ જ સાદગીભર્યા સમારંભમાં વિનય અને નિરાલી લગ્નગ્રંથીથી જોડાય છે. વિનય નિરાલી જેવી જીવનસાથી મેળવી તેને પોતાનું સારૂ નસીબ માને છે. આપત્તિનો સમય પુર્ણ થતા હવે વિનય ખુશીથી જવન વ્યતિત કરી રહ્યો છે અને લગ્ન પછી રજાઓ પુર્ણ થતા વિનય નોકરી પર જવા તૈયાર થઈ રહ્યો છે ત્યારે નિરાલી પણ ઘરનું તમામ કામકાજ પુર્ણ કરીને સાથે જ નોકરી પર જવાનું કહે છે. આ સાંભળીને વિનય નિરાલીના ચહેરા પર પ્રેમથી હાથ ફેરવીને કહે છે કે, આપત્તિના સમયે તે મને ખુબ સાથ આપ્યો છે પરંતુ હવે સુખી સમયમાં તારે નોકરી નથી કરવાની. હું પરીવારની આર્થિક જવાબદારીઓ પુર્ણ કરવા માટે સક્ષમ છુ અને તારે બાકીની સઘળી જવાબદારી એ નિભાવવાની છે. વિનયના આગ્રહના કારણે નિરાલી લગ્ન પછી નોકરી છોડીને ફક્ત પારીવારીક જવાબદારીઓ નિભાવી રહી છે. લગ્નજીવનના વર્ષો પછી પણ નિરાલી અને વિનય એકબીજાને ભરપુર પ્રેમ આપી રહ્યા છે અને પ્રેરણાત્મક જીવન જીવી રહ્યા છે. નિરાલી પારીવારીક જવાબદારીઓમાંથી થોડો સમય કાઢીને સામાજીક કાર્યો પણ કરી રહી છે અને લોકોને તેમાં પણ ખાશ કરીને યુવાનોને તમામ નિરાશાઓ ખંખેરીને સકારાત્મક વિચારો સાથે જીવન જીવવા માટે પ્રેરણા આપી રહી છે. નિરાલીની પ્રેરણાથી આજે અનેક યુવક-યુવતીઓ નિષ્ફળતાની ચિંતાથી મુક્ત બનીને કોઈ પણ પરીસ્થિતીનો સમાનો કરવા માટે સક્ષમ બન્યા છે.

(તસવીર સૌજન્યઃ- તૃપ્તિ ચૌહાણ, અમદાવાદ)

પ્રેમદાસ જલારામ હોસ્પિટલમાં માઁ કાર્ડના દર્દીઓને ડાયાલિસિસ બાદ એચસીવીનો ચેપ લાગ્યો

વડોદરા

વડોદરા શહેરના હરણી-વારસીયા રિંગ રોડ ઉપર આવેલી ટ્રસ્ટ સંચાલિત પ્રેમદાસ જલારામ હોસ્પિટલ ઉપર માઁ કાર્ડ દ્વારા ડાયાલિસિસ કરાવવા માટે જતા કેટલાક દર્દીઓમાં એચસીવી (હિપેટાઈટીસ સી વાયરસ) જોવા મળ્યો હતો. જેથી ગાંધીનગર આરોગ્ય વિભાગની ટીમે હોસ્પિટલમાં તપાસ હાથ ધરી હતી.

વડોદરાની પ્રેમદાસ જલારામ હોસ્પિટલમાં માઁ કાર્ડના ૧૦૦ જેટલા દર્દીઓ ડાયાલિસિસ કરાવે છે. જે પૈકી કેટલાક દર્દીઓને ડાયાલિસિસ દરમિયાન હિપેટાઈટીસ સી વાયરસનો ચેપ લાગ્યો હતો. જેને પગલે અઠવાડિયા પહેલા આરોગ્ય વિભાગના અધિકારીઓએ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ મશીન સાફ સફાઈ કરવા અને જ્યાં સુધી ન થાય ત્યાં સુધી માઁ કાર્ડના દર્દીઓ માટે વપરાતા ડાયાલિસિસ મશીન બંધ રાખવાની સૂચના આપવામાં આવી હતી. ફરીથી ગાંધીનગરથી આરોગ્ય વિભાગની ટીમ આજે દોડી આવી હતી. જેમાં સ્થાનિક મેડિકલ કોલેજના મેડિસિન વિભાગના પ્રાધ્યાપક પણ તપાસમાં જોડાયા હતા.

ગાંધીનગર આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. રાજેશ પટેલે જણાવ્યું હતું કે, હિપેટાઈટીસ સી વાયરસ અંગે પ્રેમદાસ જલારામ હોસ્પિટલમાં અમે ૫ અધિકારીઓની ટીમે હોસ્પિટલમાં તપાસ કરી છે, જેને રિપોર્ટ અમે રાજય સરકારને સોંપીશું.

સૌરાષ્ટ્ર યુનિ.માં હોમસાયન્સ ડિપાર્ટમેન્ટના હેડને ચાર્જ સોંપતા વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો

રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિવાદોથી ઘેરાયેલી જ રહે છે. અંગ્રેજી ભવનના ડિપાર્ટમેન્ટ હેડ સંજયભાઇ મુખર્જીની જગ્યાએ હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટના હેડ નિલામ્બરીબેનને સોંપવામાં આવતા વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો હતો. તમામ વિદ્યાર્થીઓ ક્લાસ છોડી કેમ્પસમાં એકત્ર થયા હતા અને સુત્રોચ્ચાર કર્યા હતા. અગાઉ વિદ્યાર્થીઓએ વીસીને આ અંગે રજૂઆત કરી હતી. છતાં અચાનક અંગ્રજી ભવન ડિપાર્ટમેન્ટમાં હેડનો ચાર્જ અન્યને સોંપવામાં આવ્યો હતો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૦૭ કોપીકેસ થયાનું બહાર આવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૦૭ કોપી કેસ નોંધાયા છે. ગોંડલની મહિલા કોલેજનું નામ ફરી વિવાદમાં આવ્યું છે. આ કોલેજના બીકોમ સેમેસ્ટર ૩ના ૧૩ વિદ્યાર્થીઓ સામે કોપી કેસ નોંધાયા છે. જ્યારે મોરબીના સાદુડકા ગામમાં આવેલી કોલેજમાં બીકોમ સેમ ૩ના ૨૫ વિદ્યાર્થીઓની ઉત્તરવહીમાં એક સરખું લખાણ સામે આવતા તમામ સામે કોપી કેસ નોંધાયા છે. આ અંગે હિયરીંગ કરવામાં આવશે.

પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી

રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી રાજકોટમાં, ૭૮૭ પોલીસ જવાનો તૈનાત રહેશે

રાજકોટ

૭૧માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી રાજકોટમાં થશે. ઉજવણીને લઈને કલેક્ટર અને પોલીસ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે. આ અંગે પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપી હતી. તેઓના જણાવ્યાનુસાર ૨૪ જાન્યુઆરીએ શસ્ત્રપૂજન, ફલાવર શો, લાઈટિંગ શો અને ટેબ્લો સહિતના કાર્યક્રમો યોજાશે. તેમજ ઉજવણી દરમિયાન ૭૮૭ પોલીસ જવાનોનો બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

સલામતીના ભાગરૂપે નાના બાળકો માટે ઓળખકાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. શહેરમાં ૨ ડીસીપી, ૭ એસીપી, ૧૮ પીઆઈ, ૫૩ પીએસઆઈ, ૫૯૦ પોલીસ જવાનો, ૧૧૦ વોર્ડન પોલીસ જવાનો મળી કુલ ૭૮૭ પોલીસનો બંદોબસ્ત રહેશે. જ્યારે રાજકોટ જિલ્લામાં ૪ ડીસીપી, ૨૦ એસીપી અને ડીવાયએસપી, ૨૫ પીઆઈ, ૫૮ પીએસઆઈ, ૩૦૦ જવાનો, ૧૦૦ વોર્ડન કુલ ૫૧૪ પોલીસનો બંદોબસ્ત રહેશે.

૨૬ જાન્યુઆરી સવારે ૮:૫૫ વાગ્યે રેસકોર્ષ ગ્રાઉન્ડમાં રાજ્યપાલના હસ્તે ધ્વજ વંદન, પોલીસ પરેડમાં ગુજરાત પોલીસ, મધ્ય પ્રદેશ પોલીસ, કોસ્ટગાર્ડ, આર્મી પ્લાટુન મળી ૨૭ પ્લાટુન ભાગ લેશે. ૯૦૦ જેટલા મહિલા અને પુરૂષ પોલીસ કર્મીઓ માર્ચ પાસ કરશે. મોટર સાયકલ પર પોલીસના જવાનો કરતબો કરશે. ગુજરાત પોલીસના ચેતક કમાન્ડો બસ ઈન્ટરવેશન કરશે. જેમાં ૨૦ ચેતક કમાન્ડો આંતકવાદીઓ દ્વારા હાઈજેક કરેલ બસને ત્રણ મિનિટમાં મુસાફરોનું રેસ્ક્યુ કરશે. ત્રણ રાજમાર્ગોને ડાયવર્ટ કરવામાં આવશે.

ગુજરાત કોમન એન્ટ્રન્સ પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૨૦ની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી ૩૧મી માર્ચે ગુજકેટની પરીક્ષા યોજાશે, ત્યારે ૨૧મી જાન્યુઆરીથી ૫ ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરાવી શકાશે. વિદ્યાર્થી ગુજસેટ. ગીએસઈબી. ઓઆરજી પર જઈને ઓનલાઈન એપ્લાય કરી શકે છે.

ગુજકેટ-૨૦૨૦ની તમામ માહિતી તથા ઓનલાઈન ફોર્મ ભરવાની તમામ સૂચનાઓ www.gseb.org વેબસાઈટ પર મૂકવામાં આવી છે. આ પરીક્ષાનું ફોર્મ www.gseb.org અથવા gujcet.gseb.org વેબસાઈટ પરથી ભરી શકાશે. સાયન્સના ગ્રુપ એ, ગ્રુપ બી અને ગ્રુપ એબીના વિદ્યાર્થીઓને ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમાં ફાર્મસીમાં પ્રવેશ લેવા માટે ગુજકેટની પરીક્ષા આપવાની હોય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સેટ ૨૦૨૦માં એપ્લાય કરવા માટે અરજદારને ૩૦૦ રૂપિયા એપ્લિકેશન ફી આપવાની રહેશે. એપ્લિકેશન ફી ઓનલાઈન ભરવાની રહેશે. અરજદાર વેબસાઈટ દ્વારા પરીક્ષા પેટર્ન અને યોગ્યતા વિશે જાણી શકે છે. ગત વર્ષે આ પરીક્ષામાં ૧.૩૫ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્યના ૩૪ કેન્દ્રો પર ગુજસેટ આયોજન કરવામાં આવ્યું હતું.

આરટીઓ દ્વારા મુકવામાં આવેલા પ્રતિબંધને પડકારતી અરજી હાઈકોર્ટે ફગાવી

બીએસ-૨ અને બીએસ-૩ સ્પેસિફિકેશનવાળા વાહનોનું રી-રજિસ્ટ્રેશન નહીં થઈ શકેઃ હાઈકોર્ટ

અમદાવાદ

હવા પ્રદુષણને લઈને ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. જેથી હવે બીએસ-૪ સ્પેસિફિકેશન ના ધરાવતા હોય તેવા વાહનોનું આરટીઓ રજીસ્ટ્રેશન નહીં કરે. બીએસ-૪ ધરાવતા વાહનોનું ફરી રજીસ્ટ્રેશન આરટીઓ દ્વારા મુકવામાં આવેલા પ્રતિબંધને પડકારતી અરજી કરવામાં આવી હતી. જે અંગે હાઈકોર્ટે સ્પષ્ટતા કરી છે કે સ્વચ્છ પર્યાવરણ દરેક નાગરિકનો મૂળભૂત બંધારણીય અધિકાર છે અને વાહનોથી ફેલાતા હવા પ્રદુષણ પર નિયંત્રણ જરૂરી છે.

આ ચુકાદાને પગલે હવે આરટીઓ બીએસ-૪ ટેકનોલોજી ધરાવતા વાહનોનું રી રજીસ્ટ્રેશન નહીં કરે. અન્ય રાજ્યમાંથી રી-રજીસ્ટ્રેશન માટે આવતા વાહનોમાં બીએસ-૪ ફરજિયાત કરવાનો નિર્ણય કરાયો છે.

ધો.૧૦-૧૨ની ડુપ્લીકેટ માર્કશીટ હવે ઘર બેઠા મળશે

ગાંધીનગર

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૯૫૨થી અત્યાર સુધીની ધોરણ ૧૦ અને ૧૨ની માર્કશીટનું ડિજીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીને ડુપ્લીકેટ માર્કશીટ લેવા માટે ગાંધીનગરના ધક્કા ખાવા નહીં પડે પરંતુ ઓનલાઈન ફોર્મ ભરવાથી ઘરે બેઠા માર્કશીટ મળી જશે.

માધ્યમિક શિક્ષણ બોર્ડની સ્થાપનાથી લઈ અત્યાર સુધીની લગભગ પાંચ કરોડ માર્કશીટનું ડિજીટલાઈઝેશન કરવામાં આવી રહ્યું છે. તેમજ તેનું ટેસ્ટિંગ પણ કરવામાં આવી રહ્યું છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ ઘરે બેઠા ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે અરજદારે ઓનલાઈન ફોર્મ ભરવું પડશે અને તેના માટે નિયત કરેલી ફી ચૂકવવી પડશે. આ કાર્યવાહી થયા બાદ અરજદારને કુરિયર મારફતે ઘરે બેઠા એક અઠવાડીયામાં જ માર્કશીટ મળી જશે. નવી સિસ્ટમને કારણે સમય અને નાણાંનો વ્યય થતો અટકશે.

જો કે અત્યાર સુધી દર વર્ષે સરેરાશ ૫૦ હજાર જેટલી ડુપ્લીકેટ માર્કશીટ ઈસ્યૂ કરવામાં આવતી હતી. પરંતુ ડુપ્લીકેટ માર્કશીટ મેળવવા માટે અરજદારે ગાંધીનગર ખાતે માધ્યમિક શિક્ષણ બોર્ડની ઓફિસે ધક્કા ખાવા પડતા હતા. પરંતુ નવી સિસ્ટમ અમલમાં આવ્યા બાદ ગાંધીનગરના ધક્કામાંથી મુક્તિ મળશે.

સામાન્ય બોલાચાલીમાં ૪ મિત્રોએ યુવકને છરીના ઘા ઝીંકી પતાવી દીધો

રાજકોટ

ગુજરાતના મોટા મોટા શહેરોમાં રેપ અને મર્ડરની ઘટના ખુબ બની રહી છે. માણસોએ માણસાઈ નેવે મુકીને આજે કલંકિત કામો કરવાનું શરૂ કર્યું છે. ત્યારે રાજકોટમાં એક સનીસની મોતનો મામલો સામે આવ્યો છે. એક યુવાનને છરીના ઘા ઝીંકીને પતાવી દીધો છે. રાજકોટમાં વધુ એક હત્યાનો બનાવ બન્યો છે. શહેરના કોઠારિયા વિસ્તારમાં આવેલા રણુજા મંદિર નજીક હરી દર્શન નામની દુકાન પાસે રાજુ કે રાહુલ ગોસ્વામી નામના યુવકની છરીના ઘા ઝીંકી હત્યા કરી નાખી.

હાલમાં મળતી માહિતી મુજબ રાહુલ તેના મિત્રો સાથે ઉભો હતો. ત્યારે જ ચાર જેટલા શખ્સો સાથે તેની સામાન્ય બોલાચાલી થઇ. આ વાતનો ખાર ખાઈને ચાર શખ્સોએ તેના પર છરી વડે હુમલો કર્યો. આ હુમલામાં રાહુલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ત્યારબાદ રાહુલને રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં હત્યા પાછળ જયેશ માઢ, દિવુ જાડેજા અને દિવ્યેશ લાવડીયા તથા અન્ય એક શખ્સ હોવાની આશંકા છે. જેના આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે, હત્યા કરનાર શખ્સો રાહુલના મિત્રો જ છે. જેથી ક્યા કારણોસર સામાન્ય બોલાચાલી ઉગ્ર બની તે દિશામાં તપાસ આગળ હાથ ધરવામાં આવી રહી છે.

મહિલાને કેફી પીણું પીવડાવી યુવકે બિભત્સ ફોટો પાડી દુષ્કર્મ આચરતા ખળભળાટ

અમદાવાદ

ગુજરાતમાં દુષ્કર્મના કેસ અવાર નવાર આવતા જોવા મળે છે. એમાં પણ અમદાવાદ જેવા મોટા શહેરોમાં તો આવી બિભત્સ ઘટના વારંવાર બને છે. એ જ રીતે ફરી એકવાર અમદાવાદમાં આવી અશ્લીલ ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદમાં મહિલાનું દુષ્કર્મ કરી રૂપિયા પડાવ્યાની ફરિયાદ નોંધાઈ છે. મહિલાને બ્લેકમેલ કરી આરોપીએ રૂ.એક લાખ પડાવી લીધા.

એક શખ્સે કેફી પીણું પીવડાવી મહિલાના બિભત્સ ફોટા પાડ્યાનો આરોપ નાખવામાં આવ્યો છે. ત્યારબાદ નરાધમમે ફોટા વાયરલ કરવાની ધમકી આપીને મહિલા પર દુષ્કર્મ આચર્યું. આટલેથી તેને સંતોષ ન થતા આરોપીએ દુષ્કર્મ આચર્યા બાદ મહિલાના અશ્લીલ ફોટા ડિલિટ કરવાના પાછા રૂ.એક લાખ માંગ્યા.

મહિલાએ લાખ રૂપિયા આપવાની ના પાડી તો નરાધમે એક નવો કિમીયો અપનાવ્યો. આરોપીને મહિલાએ રૂપિયા ન આપતા અન્ય ૨ આરોપીએ મળીને મહિલાને ધમકી આપી. હાલમાં ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં આ ૩ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે અને પોલીસે તપાસ હાથ ધરી છે.

આઈ.એ.આર ખાતે ઈનોવીઝ ડિસ્કવરિંગ બીઝનેસ ઈનોવેશનનું આયોજન, ગાંધીનગર મેયર રહ્યા ઉપસ્થિત

ગાંધીનગર ખાતે આવેલ આઈ.એ.આર. બિઝનેસ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઈનોવીઝ ડિસ્કવરિંગ બીઝનેસ ઈનોવેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મેયર રીતા પટેલે હાજરી આપી હતી. આ કાર્યક્રમ બે દિવસ ચાલશે જેમાં પેહલા ઓફવસે રીતા પટેલ તો બીજા દિવસે મુખ્ય મહેમાન તરીકે રમણલાલ વોરા હાજરી આપશે.આ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ્ય છે કે કલેશ ઓફ ટાઈકોન્સ,સ્ટોક ટ્રેડીંગ, એડમેડ, બેટલ ઓફ બેન્ડ્સ, બિઝનેસ પ્લાન, હંગી બડર્સ, બીઝનેસ ક્વિઝ જેવી તમામ સ્પર્ધાઓનો બીઝનેસ ફસ્ટ રહશે.

કાર્યક્રમમાં ગાંધીનગર મેયર રીટા પટેલે હાજરી આપતા જણાવ્યું કે આ કાર્યક્રમમાં અમદાવાદ અને ગાંધીનગરના વિધાર્થીઓ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતા. ત્યારે આ કાર્યક્રમ દરમિયાન વક્તાઓએ વિધ્યાર્થી ઓ ને એક સારી સ્પીચ આપી મોટીવેટ કર્યા હતા. આઈ.એ.આર ખાતે તમામ પ્રકારના બીઝનેસ ને લઈ વક્તાઓ એ વિદ્યાર્થીઓને કેવી રીતે સફળ થવાનું અને કેવી રીતે બીઝનેસ કરવાનું તેનું એક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગાંધીનગર મેયર રીટા પટેલે વધુ માં જણાવ્યું કે દરેક વિદ્યાર્થીઓને પોતામાં એક ધેય રાખવું અને અને દરેક ધેય ને પ્રાપ્ત કરવા માટે નાના પગથીયા થી શરુઆત કરવી જોઈએ. ત્યારે મને વિદ્યાર્થીઓ ઉપર સપૂર્ણ ભરોષો છે કે આજે આપેલ સ્પીચ થી વિદ્યાર્થીઓ ઘરે જશે અને એ સ્પીચ ને ફોલો કરશે.

કાર્યક્રમ દરમિયાન અલગ અલગ સ્કૂલ તથા સસ્થાઓ માંથી ૫૦૦ થી વધારે અમદાવાદ અને ગાંધીનગર ના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અને આ કાર્યક્રમ દરમિયાન વિજેતા વિદ્યાર્થીને પ્રથમ ઈનામ રૂ.૫૦૦૦ દ્વીર્તીય ઈનામ રૂ.૩૦૦૦ અને ત્રીજા ઈનામ માં રૂ.૧૦૦૦ રાખવામાં આવ્યો છે જે વિજેતા વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ત્યારે આઈ.એ.આર. પ્રેસિડેન્ટ પ્રોફેસર રાઓ એ પણ સુંદર વક્તાત્વ્ય કરી વિદ્યાર્થીને જીવન જીવવાની એક સરળ ઉપાય બતાવ્યું હતું. અને કાર્યક્રમ ની જાણકારી આપતા જણાવ્યું કે અમે ઈચ્છીએ છે કે વિદ્યાર્થી આ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ની મુલાકાત લે અને પોતાના ધેય ને પ્રાપ્ત કરી વિદ્યાર્થી પોતાના જીવન માં આગળ વધે. ત્યારે વિદ્યાર્થીમાં વિજ્ઞાન, હિસ્ટ્રી, મેથમેતીક્સ, ઈંગ્લીશ, સિવાય બીજા વિષયો ઉપર પણ ધ્યાન આપવો જોઈએ. આ વસ્તુ જો સ્યૂલ ના ટીચરો લાગુ કરશે તો શિક્ષા ક મહત્વ વધશે. અને વિદ્યાર્થીઓ પોતાના જીવન માં સફળ થશે.

કુતરાના ખસીકરણ પાછળ થતાં ખર્ચમાં ભ્રષ્ટાચાર હોવાનો MLAનો આક્ષેપ

અમદાવાદમાં બે લાખ કરતા વધુ રખડતા કુતરાઓનો આતંકઃ એક વર્ષમાં ૬૭૭૫૬ને કરડ્યાં

રખડતા કુતરાઓના આંતકનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો

અમદાવાદ શહેરમાં રખડતા કુતરાઓના આતંકનો મામલો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. માત્ર અમદાવાદ શહેરમાં વર્ષે ૬૦ હજારથી વધુ લોકોને રખડતા કુતરા કરડ્યાં હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૧૦ લોકોને કુતરાના ટોળાએ ફાડી ખાધા હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ મામલાને ગંભીરતાથી લેતા અમદાવાદ પોલીસ કમિશનર, મ્યુનિસિપલ કમિશનર અને ગૃહ વિભાગને નોટિસ જારી કરી છે. તેમજ ૫ ફેબ્રુઆરી સુધી આ મામલે ખુલાસો કરવા નિર્દેશ આપ્યા છે.

રાજ્યમાં ૯ બાળકો અને એક વૃદ્ધાને કુતરાના ટોળાએ ફાડી ખાધા હોવા અંગે પણ હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. તેમજ કુતરાના ખસીકરણ પાછળ પણ ભ્રષ્ટાચાર હોવાની કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત લોકોના રક્ષણની જવાબદારી પોલીસ તેમજ સરકારની હોવાની પણ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી.

અમદાવાદ

અમદાવાદ શહેરમાં રખડતા કુતરાઓના ત્રાસ અંગે કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાના ખેડાવાલાએ મુખ્યમંત્રીને પત્ર લખીને ફરિયાદ કરી છે. ફરિયાદમાં ખેડાવાલાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં રખડતા કુતરાની સમસ્યા વિકરાલ બની રહી છે. ખેડાવાલાને કુતરાઓના આતંક અંગેની મળેલી માહિતી મુજબ વર્ષ ૨૦૧૯માં અમદાવાદમાં અલગ-અલગ વિસ્તારમાં કુલ ૬૭૭૫૬ લોકોને કુતરા કરડ્યાં છે. અમદાવાદમાં ૨ લાખ કરતા વધુ રખડતા કુતરાનો આતંક છે. દર મહિને ખસીકરણ માટે ૩૦ લાખનો ખર્ચ કરવામાં આવે છે તો પણ કુતરા ઘટવાના બદલે વધી રહ્યાં છે. જેથી ખસીકરણ પાછળ પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થતાં હોવાનો ખેડાવાલાએ આક્ષેપ કર્યો છે.

વર્ષ ૨૦૧૯ના આંકડા મુજબ જાન્યુઆરીમાં ૬૫૨૪ લોકોને કુતરા કરડ્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે ફેબ્રુઆરીમાં ૫૮૧૭, માર્ચમાં ૫૮૯૪, એપ્રિલમાં ૬૦૯૯, મેમાં ૬૧૨૩, જૂનમાં ૪૯૨૫, જુલાઈમાં ૫૨૮૬, ઓગસ્ટમાં ૪૩૫૫, સપ્ટેમ્બરમાં ૪૭૫૮, ઓક્ટોબરમાં ૫૧૮૦, નવેમ્બરમાં ૮૦૭૮ અને ડિસેમ્બરમાં ૬૧૭૧ લોકો રખડતા કુતરાઓના આતંકનો ભોગ બન્યા છે.

યુવાનને તીક્ષ્ણ હથિયારોથી રહેંસી નાંખ્યો, પ્રેમ પ્રકરણની આશંકા

ગાંધીધામ

ભચાઉના શિકારપુર વિસ્તારમાં મંગળવારે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં અઢાર વર્ષીય યુવાને તીક્ષ્ણ હથિયારથી રહેંસી નાંખવામાં આવ્યો હતો. ત્યારબાદ હત્યારાઓએ તેના મૃતદેહને ગામના ચોકમાં રાખી દીધો હતો. આ મામલે પ્રેમ પ્રકરણમાં હત્યા થઈ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

કેટલાક શખ્સોએ શિકારપુરમાં ક્રિપાલસિંહ જાડેજા નામના ૧૮ વર્ષીય યુવાનને ઘાતક હથિયારો સાથે હુમલો કરીને મોતને ઘાટ ઉતાર્યો હતો. ત્યારબાદ તેના મૃતદેહને ગામના ચોકમાં ફેંકી દીધો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને લાશને પીએમ માટે પંચનામું કરીને ખસેડ્યો હતો.

હત્યારાઓ યુવાનને રહેંસી નાખીને ફરાર થઈ ગયા હતા. જ્યારે તેના મૃતદેહને ચોકમાં ફેંકતા ઘટનાની પોલીસને જાણ કરાઈ હતી. આ મામલે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને ફરીયાદ લેવાની પ્રક્રિયા અને તપાસની તજવીજ શરૂ કરી હતી. તપાસ ચાલુ હોવાથી આ મામલે પોલીસ કંઈ વધુ ફોડ પાડ્યો નથી. આંતરિક સુત્રોના અનુસાર પ્રેમ પ્રકરણમાં યુવાનની જિંદગીનો કરુણ અંજામ આવ્યો છે. હત્યાના બનાવને પગલે ગામમાં ડરનો માહોલ છે.

કેઈન વડે અકસ્માતગ્રસ્ત વાહનને હટાવતા સમયે ૮ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો

વડોદરા

વડોદરા શહેર નજીક નેશનલ હાઈવે નં-૪૮ તરસાલી બાયપાસ પાસે સોમવારે મોડી રાત્રે કેઈન મારફતે રોડ પરથી વાહન હટાવતી વખતે આઠ વાહનોનો વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં લગ્ન કરીને કારમાં જઈ રહેલા નવ દંપતીની આબાદ બચાવ થયો હતો.

નેશનલ હાઈવે નં-૪૮ ઉપર તરસાલી બાયપાસ પાસે કેન વડે વાહન હટાવવાની કામગીરી ચાલી રહી હતી. તે દરમિયાન પુરપાટ જઈ રહેલા ટ્રક ચાલકે આગળની સર્જાયેલી અકસ્માતની ઘટના જોઈને અચાનક બ્રેક મારતાં પાછળથી આવી પહેલા અન્ય વાહનો એક પછી એક ૭થી ૮ જેટલા વાહનો સાથે અથડાયા હતા. જેમાં એક નવ દંપતીની શણગાર કરેલી કારનો પણ સમાવેશ થાય છે. સદનસીબે નવ દંપતી સહિત અન્ય વાહનચાલકોને સાધારણ ઈજાઓ થઈ હતી.

એક પછી એક ૭થી ૮ વાહનો વચ્ચે થયેલા આ વિચિત્ર અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. જોકે એક તબક્કે ટ્રક ચાલકે જોરદાર બ્રેક મારતાં અન્ય વાહન ચાલકોના જીવ પડીકે બંધાયા હતા. સદનસીબે જાનહાની ટળી હતી અને કલાકો બાદ વાહન વ્યવહાર પુનઃ કાર્યરત થયો હતો.

જાનની બસ પુલ નીચે ખાબકતા ૪૨ના મોત થયા હતા

રંઘોળા કેસમાં આરોપી ડ્રાઈવરને ૨ વર્ષની સજા ફટકારાઈ

ભાવનગર

૨૨ માસ પહેલા બોટાદના રંઘોળા ગામે ગયેલી જાનનો ટ્રક પુલ નીચે ખાબકતા ૪૨ના મોત થયા હતા. જેમાં ડ્રાઈવર નીતિનભાઈ લાલજીભાઈ વાઘેલાને કોર્ટે બે વર્ષની સજા ફટકારી છે. તેની પત્ની ગર્ભવતી છે. ટ્રક દુર્ઘટનામાં નાનકડા એવા ૨૫-૩૦ ખોરડા ધરાવતા અનીડા ગામે લગભગ દરેક ઘરનો એક મોભી ગુમાવ્યો હતો. આ અકસ્માત કેસનો ચુકાદો આવ્યો ત્યારે આ ગામની મુલાકાત લેતા બે વર્ષ પહેલાની દુર્ઘટનાના હજી આજેય ડુસકા સંભળાતા હોય તેવું વાતાવરણ હતું. ડ્રાઈવર નીતિન ટ્રક પુલ નીચે ખાબકે તે પહેલા કુદી જતા તે બચી ગયો હતો.

જેના લગ્ન નિમિત્તે ટ્રકમાં જાન નીકળી હતી તે યુવાન વિજય વાઘેલા અને તેની પત્નીના મોઢા પર હજી આજેય નુર નથી આવ્યું. ગામના લોકોએ એકત્ર થઈ કહ્યું કે, 'અમારા તો એક એક ઘરમાંથી મોભી ભગવાનના ધામે ગયા છે. જેને સજા થઈ તે ટ્રક ચલાવનાર નીતિનભાઈ લાલજીભાઈ વાઘેલા પણ અમારા પરિવારના જ સભ્ય હતા. બાકીના બધા ધામે ગયા અને હવે આ જેલમાં જશે. હવે તો બે હાથ જોડીને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ કે, 'ઉપરવાળા હવે ખમૈયા કરજે. હવે વધુ દુ:ખો અમે સહન નહીં કરી શકીએ.'

ટ્રક ડ્રાઈવર આરોપી નીતિનભાઈ લાલજીભાઈ વાઘેલા જેને કોર્ટે દોષિત જાહેર કર્યા છે તેમના પરિવારમાં એક દીકરો અને એક દીકરી છે. હાલ તેના પત્ની ગર્ભવતી છે. નીતિનભાઈ તેમના પરિવારમાં કમાનાર મુખ્ય વ્યકિત છે. તેમણે પણ એ ગમખ્વારમાં તેમના સ્વજન પણ ગુમાવ્યા છે. અનીડા ગામના એક એક ઘરની દીવાલો પર લાઈનસર હાર ચડાવેલા મૃતકોના ફોટાઓ જોવા મળે છે એક પણ ઘર બાકી નથી જેના પરીવારમાંથી અકસ્માતમાં કોઈ અવસાન પામ્યું ન હોય.

પૂરપાટ ઝડપે આવતી સ્કોર્પિયો ડિવાઈડર કુદી બાઈક પર પડતા યુવાનનું મોત

કેશોદ

કેશોદથી ગડુ વચ્ચે આવતા ડાયવર્ઝન પાસે પાછળથી પૂરપાટ ઝડપે આવતી સ્કોર્પિયો કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ડિવાઈડર ટપી હવામાં ઉડી બાઈક પર પડી હતી. બાઈકમાં સવાર પંકજ નામના યુવાનને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલી તેની પિતરાઇ બહેનને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, માળિયાહાટીના તાલુકાના વાંદરવડનો પંકજ દેવાયતભાઈ ભેંદરડા (ઉ. ૨૩) પોતાના બાઈક પર પિતરાઇ બહેન મધુબેન મેરામણભાઈ ભેંદરડા (ઉ. ૨૦) સાથે પોતોના લગ્નના ફોટાનો ઓર્ડર આપવા કેશોદ જતો હતો. તે નેશનલ હાઈવે પર આવેલા ડાયવર્ઝન નજીક પહોંચતા પાછળથી આવતી એક સ્કોર્પિયો કારના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ડિવાઈડર પરથી કાર ફિલ્મી ઢબે હવામાં ઉછળી હતી અને પંકજના બાઈક પર પડી હતી. જેમાં પંકજનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી કારચાલક ફરાર થઈ ગયો હતો.

કલરકામ કરતા યુવકે સગીરાને કેનાલ પાસે લઈ જઈ દુષ્કર્મ આચર્યું

મહેસાણા

ફરી એકવાર ગુજરાતમાં સગીરા સાથે રેપનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ ઘટના મહેસાણાના કડીમાં બની હતી. કડીની એક સગીરા સાથે દુષ્કર્મ થયું છે. કલરકામ કરવા જતા કામદારે દુષ્કર્મ આચર્યાનો આરોપ નાખવામાં આવી રહ્યો છે. આ શખ્સે દોઢ માસ અગાઉ પીડિતા સગીરાના ઘરે કલરકામ કર્યું હતું.

જ્યારે સગીરા ટ્યુશનથી ઘરે જતી ત્યારે. આરોપી કલરીયાએ સગીરાને બાઈક પર ચઢાવી લીધી અને જબરદસ્તી કેનાલ પાસે લઈ ગયો. કેનાલ પાસે લઈ જઈને દુષ્કર્મ આચર્યું એવો આરોપ લગાવવામાં આવ્યો છે. નરાધમે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરીને પાછી કોઈને જાણ ન કરવાની ધમકી આપી. કહ્યું કે, જો કોઈને જાણ કરીશ તો તારા નાના ભાઈને જીવતો મારી નાખીશ.

જ્યાં સુધી માહિતી મળી છે, એ પ્રમાણે આ કલરકામ કરતાં કલરીયાનું નામ પ્રવીણ છે. હાલમાં નરાધમ પ્રવીણ સામે ગુનો નોંધીને પોલીસે આગળ તપાસ હાથ ધરી છે.

વાપીમાં રેવન્યુ પ્રીમયર લીગ ટુર્નામેન્ટ યોજાઈ

વલસાડ

વલસાડ જિલ્લાના વાપી તાલુકાના બિલખીયા ગ્રાઉન્ડજ ખાતે રમાયેલી રેવન્યુ પ્રીમીયર લીગની ફાઇનલ મેચ ઉમરગામ મામલતદાર કચેરીની ટીમ સામે કલેક્ટનર-એ ટીમ સાથે યોજાઈ હતી. જેમાં કલેક્ટનર-એ ટીમ વિજેતા બની હતી. ૯ ટીમો વચ્ચેલ રમાયેલી આ સીરીઝમાં વિજેતા ટીમ, રનર્સઅપ ટીમ, ઓલરાઉન્ડે પ્રદર્શન કરનાર સાવન ચૌધરી મેન ઓફ ધ સીરીઝ તેમજ બેસ્ટ બેસ્ટામેન તરીકે ઉમરગામ મામલતદારના બ્રિજરાજ મોરી, બેસ્ટે બોલર તરીકે કલેક્ટીર-એ ટીમના જીજ્ઞેશભાઈને વલસાડ કલેક્ટ ૨ સી.આર.ખરસાણના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

બટાટા ભરેલી ટ્રકમાં આગ લાગતા ડ્રાઈવર બળીને ભડથું થયો

બનાસકાંઠા

બનાસકાંઠાના ડીસાનો એક ટ્રક આગનો બનાવ સામે આવ્યો છે. કે જેમાં એકનું મોત નિપજ્યું છે. ચંડીસર પાસે ટ્રકમાં એવી આગ લાગી કે ડ્રાઈવર સળગીને ભડથું થઈ ગયું. આ ટ્રકમાં બટાટા ભરેલા હતા. બટાટા ભરેલી ટ્રકમાં આગ લાગતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી.

ડીસાના પાલનપુર હાઈવે પર એક દુર્ઘટના પ્રકાશમાં આવી છે, કે જેના કારણે ચકચાર મચી ગઈ છે. ચંડીસર જોડે આઈસર ગાડીમાં આગ લાગતાં લોકોમા દોડધામ મચી ગઈ. આ આગમા ડ્રાઈવરનું મોત થયું છે. બટાટા ભરેલી આઈસર ગાડીમાં આગ લાગતા ગાડી ભળભળ બળીને ખાખ થઈ ગઈ. અફસોસ કે સાથે સાથે ડ્રાઈવર પણ ભડથું થઈ ગયો. મોડી રાત્રે આ બનાવ બન્યો હતો.

ચા પાણી સિવાય બીજું પીવાનું મળતું હોય તો બંધ કરાવો : આનંદીબેન પટેલ

વિરમગામ

ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ વિરમગામ તાલુકાના જખવાડાના મહેમાન બન્યા હતા. તેમણે વિરમગામની જખવાડા ગ્રામ પંચાયત અને પક્ષીઘરનું લોકાર્પણ કર્યું હતું. દરમિયાન તેમણે દારૂબંધીને લઈને ટોણો મારતા કહ્યું હતું કે, અહીં ખાવા જેવું છે, અહીં પીવા જેવું છે. પીવાનું એટલે બીજું નહી ચા પાણી બધુ. બીજું પીવાનું તો મળતું હશે? મળે છે? બંધ કરાવો. તેમણે સાથે જ પોટલીનું ગણિત સમજાવ્યું હતું.

જખવાડા ગામમાં ઢોલનગારા સાથે આનંદીબેન પટેલનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ ખાસ જીપમાં કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા. તેમનું ૫૦૦ કુમારીકાઓએ કળશ રાખીને પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું. તેમણે રિબિન કાપીને ગ્રામ પંચાયતના બિલ્ડિંગનું લોકાર્પણ કર્યું હતું.

મહેસાણાના વિજાપુરમાં પલ્સ પોલિયો અભિયાનના ભાગ રૂપે આનંદીબેન પટેલે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. ઉપરાંત વિધવા મહિલાઓને સહાય આપી હતી. તેમણે પોતાની સ્પીચમાં જૂના દિવસોને યાદ કર્યા હતા અને ગામના ગામના પૂર્વ સરપંચના વખાણ કર્યા હતા.



નવી દિલ્હીમાં રાષ્ટ્રીય બહાદુરી એવોર્ડ ૨૦૧૯ માટે પસંદ કરાયેલા બાળકો, એક પ્રેસ કોન્ફરન્સ પછી જૂથના ફોટોગ્રાફ્સ માટે પોઝ આપે છે.

ચિદમ્બરમ બોલ્યા ભારતનો જીડીપી ૪.૮ ટકા કરતા પણ ઓછો રહે તો નવાઈ નહી

કોંગ્રેસ નેતાઓનો વ્યંગઃ કેન્દ્રના મંત્રી હવે આઈએમએફના ગીતા ગોપીનાથનને નિશાન બનાવશે..!

મોદી સરકારના મંત્રી હવે ગીતાને નિશાન બનાવી હુમલો કરશેઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ એટલે કે આઈએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથન દ્વારા ભારતના જીડીપી દરને ઘટાડીને ૪.૮ ટકા કરતાં અને ભારતની મંદીની અસર બીજા દેશોને પણ થાય છે એવી જાહેરાતના પગલે કોંગ્રેસના પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમ અને પૂર્વ કાયદા મંત્રી કપિલ સિબ્બલે તે મુદ્દે મોદી સરકારની સામે પ્રહારો કર્યા કે સરકારની ટીકા કરવા બદલ હવે મંત્રી દ્વારા ગીતા ગોપીનાથનને નિશાન બનાવીને તેમના પર હુમલાની તૈયારી રાખવી પડશે...! કોંગ્રેસના નેતાઓએ આ પ્રકારની ટીપ્પણી મોદી સરકારના મંત્રીઓ સરકારની ટીકા કરનારાઓની આલોચના કરતાં હોવાનું માનીને કરી છે.

આઈએમએફના આ અનુમાન પછી કોંગ્રેસે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. પૂર્વ નાણા મંત્રી પી. ચિદમ્બરમ અને પૂર્વ કાનૂન મંત્રી કપિલ સિબ્બલે કહ્યું કે, હવે મોદી સરકારના મંત્રી આઈએમએફ અને મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથ પર હુમલો કરશે.

કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે ટ્વીટ કરીને કહ્યું કે, મોદી સરકારની નોટબંધીની નિંદા કરનારા આ મા આઈએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી ગીતા ગોપનાથ હતા. મને લાગે છે કે, આપણે આઈએમએફ અને ડો. ગીતા ગોપીનાથ પર સરકારના મંત્રીઓના હુમલા માટે પોતાને તૈયાર રાખવા જોઈએ. બધી જ કોશિશો પછી પણ જીડીપી ૪.૮ ટકા રહેશે. જો આ આનાથી પણ ઓછી થાય તો મને આશ્ચર્ય થશે નહીં. આઈએમએફના રિયાલિટી ચેકમાં ૨૦૧૯-૨૦માં ગ્રોથ રેડ ૫ ટકાથી ઘટાડાની ૪.૮ ટકા હશે

મોદી અને અમિત શાહની જોડી ભારતીય અર્થતંત્રને નબળુ બનાવી રહી છે એમ કહીને કોંગ્રેસના અન્ય નેતા કપિલ સિબ્બલે કહ્યું, આઈએમએફે ૨૦૧૯-૨૦ માટે ભારતના જીડીપીને ઘટાડીને ૪.૮ ટકા કરી દીધું છે. આનાથી દુનિયા અર્થવ્યવસ્થા પડી ભાંગશે.. આખા ભારતમાં લોકો, યુવા અને વૃદ્ધો પ્રદર્શન કરી રહ્યાં છે. તેમણે કહ્યું મોદી અને અમિત શાહની જોડી ભારતીય લોકતંત્રને અને અર્થતંત્રને નબળુ બનાવી રહી છે.

આઈએમએફના ગીતા ગોપીનાથને જે જીડીપીની વાત કરી છે તેના પર નદર નાંખીએ તો જીડીપી એટલે કોઈ ચોક્કસ સમય દરમિયાન વસ્તુ અને સેવાના ઉત્પાદનની કુલ કિંમત. ભારતમાં કૃષિ, ઉદ્યોગ અને સેવા મુખ્ય ત્રણ ઘટક છે, જેમાં ઉત્પાદનની વધઘટના સરેરાશ પર જીડીપીનો આધાર રહેલો છે. જીડીપી વધે તો આર્થિક વિકાસદર વધે છે. આ આંકડા દેશના વિકાસ પર આંગળી ચીંધે છે.

ભારતીયની કિસ્મત ખુલી... લોટરીમાં ૩.૪૦ લાખ રોકડા અને લક્ઝરી કાર મળ્યા

અબુ ધાબી

સંયુક્ત આરબ અમિરાત (યુએઈ)માં એક ભારતીય દુકાનદારને લોટરી લાગતા તેની કિસ્મત રાતોરાત બદલાઈ ગઈ છે. લોટરીના ઈનામ સ્વરૂપે ભારતીયને ૪૦ લાખ રૂપિયા (બે લાખ દિરહામ) અને લક્ઝરી કાર મળ્યા છે. શ્રીજીત નામનો આ શખ્સ ગત ૧૦ વર્ષથી દર વર્ષે લોટરીની ટિકિટ ખરીદતો હતો. આ વર્ષે તેને ઈન્ફિનિટી ક્યુએક્સ૫૦ કાર સાથે બે લાખ દિરહામ રોકડમાં મળ્યા છે. આ લોટરી દુબઈ શોપિંગ ફેસ્ટિવલના ૨૫માં સંસ્કરણ અંતર્ગત બહાર પાડવામાં આવી હતી.

શ્રીજીતે લોટરી જીત્યા બાદ જણાવ્યું કે, 'મને માનવામાં નથી આવી રહ્યું. હું દર વર્ષે એ જ આશાએ લોટરીમાં એક ટિકિટ ખરીદતો હતો કે ક્યારેક તો કિસ્મત સાથ આપશે. આ ઈનામનું મારા જીવનમાં ઘણું મહત્વ છે અને હવે મને લાગે છે કેમારું સપનું પૂરું થઈ શકે છે. મારા બે બાળકો છે અને ત્રીજા બાળકનો ઈંતજાર છે. આ નાણાંની મદદથી હું બાળકોનું ઉજ્જ્વળ ભાવિ સુનિશ્ચિત કરી શકીશ.'

ઈન્ફિનિટી મેગા રેફલ અંતર્ગત દુબઈ શોપિંગ ફેસ્ટિવલમાં આવતા મુલાકાતીઓને દરરોજ ઈન્ફિનિટી ક્યુએક્સ૫૦ કાર સાથે બે લાખ દિરહામ રોકડ ઓફર કરવામાં આવે છે. આમાં ભાગ લેવા ઈચ્છતા મુલાકાતીઓએ ૨૦૦ દિરહામ (રૂ. ૪ હજાર)ની એક ટિકિટ ખરીદવાની હોય છે. આ ઉપરાંત શોપિંગ ફેસ્ટિવલના સમાપન પર કોઈએક ભાગ્યશાળીને ૧૦ લાખ દિરહામ (બે કરોડ રૂપિયા)નું એક ગ્રાન્ડ પ્રાઈઝ પણ આપવામાં આવે છે.

મુસ્લિમોના કહેવાથી જ શિવસેના સાથે જોડાણ કર્યુંઃ અશોક ચવાણ

ન્યુ દિલ્હી

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને હાલની સરકારના એક પ્રધાન અશોક ચવાણે એવો દાવો કર્યો હતો કે અમે (કોંગ્રેસે) મુસ્લિમોના કહેવાથી જ શિવસેના સાથે જોડાણ કરીને મહારાષ્ટ્રમાં સરકાર રચી હતી.

ચવાણના આ દાવાએ ફરી એકવાર મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો. નાગરિકતા અંગેના નવા કાયદાના વિરોધમાં બોલતી વખતે ચવાણે આ દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે મુસ્લિમોએ અમને કહ્યું કે ભાજપ અમારો એક નંબરનો શત્રુ છે. ભાજપને મહારાષ્ટ્રમાં સરકાર રચતાં અટકાવવા તમે શિવસેના સાથે મળીને સરકાર બનાવો એટલે અમે શિવસેના સાથે હાથ મિલાવ્યા. રાજ્ય અમારું છે. મહારાષ્ટ્રમાં સરકાર આપણી બની છે. ભાજપને સરકાર રચતી અટકાવવા અમે શિવસેના સાથે હાથ મિલાવ્યા. અમે એવું ન કર્યું હોત તો ભાજપે મહારાષ્ટ્રમાં ફરી સરકાર રચી નાખી હોત. કોંગ્રેસે મુસ્લિમોના કહેવાથી શિવસેના જોડે હાથ મિલાવ્યો અને સરકાર રચી. તમામ મુસ્લિમોએ કહ્યું કે ભાજપને મહારાષ્ટ્રમાં સરકાર બનાવવામાં અટકાવવા તમે શિવસેના સાથે હાથ મિલાવી લો.

તેંડુલકર પોન્ટિંગ-૧૧ના અને વોલ્શ વોર્ન-૧૧ના કોચ તરીકે ફરજ નિભાવશે

ઓસ્ટ્રેલિયામાં આગનાં રાહતકાર્ય માટે ફંડ ભેગું કરવા ૮ ફેબ્રુઆરીએ ચેરિટી મેચ

મેલબર્ન

ઓસ્ટ્રેલિયાના જંગલોમાં લાગેલી આગથી પ્રભાવિત લોકો માટે ફંડ ભેગું કરવા ૮ ફેબ્રુઆરીએ મેલબોર્નમાં એક ચેરિટી ક્રિકેટ મેચ રમાશે. આ મેચ પોન્ટિંગ-૧૧ અને વોર્ન-૧૧ની ટીમ વચ્ચે રમાશે. પૂર્વ કપ્તાન રિકી પોન્ટિંગની ટીમના કોચ તરીકે સચિન તેંડુલકર, જ્યારે દિગ્ગજ સ્પિનર શેન વોર્નની ટીમના કોચ તરીકે કર્ટની વોલ્શ ફરજ નિભાવશે.

૮ ફેબ્રુઆરીના રોજ બિગ બેશ લીગની ફાઇનલ પણ રમાશે. તેમજ મેલબોર્નના જંકશન ઓવલ મેદાન પર ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટ ટીમ અને ભારતીય મહિલા ટીમ વચ્ચે ટી-૨૦ રમાશે.

પોન્ટિંગ અને વોર્ન સિવાય આ મેચમાં ઓસ્ટ્રેલિયાના જસ્ટિન લેન્ગર, એડમ ગિલક્રિસ્ટ, બ્રેટ લી, શેન વોટ્સન, એલેક્સ બ્લેકવેલ અને માઈકલ ક્લાર્ક રમશે.

સ્ટીવ વો અને મેલ જોનેસ એકપણ ટીમમાં રમશે નહીં, પરંતુ મેદાન પર હાજર રહેશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા અનુસાર, આગામી બે અઠવાડિયામાં બંને ટીમ સંબંધિત વધુ માહિતી શેર કરવામાં આવશે.

વોર્ને ફંડ માટે પોતાની ટેસ્ટ કેપ (બેગી ગ્રીન) ૧૦ જાન્યુઆરીએ લગભગ ૪.૮૮ કરોડ રૂપિયા (૧ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર)માં વેચી હતી. આ પહેલા ક્રિસ લિન, ગ્લેન મેક્સવેલ અને ડાર્સી શોર્ટ જેવા ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ બિગ બેશ લીગમાં પોતે ફટકારેલી દરેક સિક્સ માટે ૨૫૦ ઓસ્ટ્રેલિયન ડોલર આપવાની જાહેરાત કરી હતી.

અવંતીપોરામાં ભારતીય સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા, જવાન શહીદ

અવંતીપોરા

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરામાં સુરક્ષાકર્મીઓ અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં ભારતીય સેનાને બે આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. આ કાર્યવાહીમાં એક જવાન શહીદ થયો છે અને એક એસપીઓ ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ય જાણકારી પ્રમાણે દક્ષિણ કાશ્મીરના અવંતીપોરામાં સવારે ભારતીય સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. ઘણા કલાકો સુધી ચાલેલી આ અથડામણ બાદ આખરે ભારતીય સેનાને સફળતા સાંપડી છે. જવાનોએ બે આતંકવાદીઓને ઠાર કરી દીધા છે. આ અથડામણમાં બે જવાનો પણ ઈજાગ્રસ્ત થયા હતા જેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

સિદ્ધિવિનાયક ગણપતિને ૩૫ કિલો સોનાનું છત્ર ચડાવાયું

મુંબઈ

મુંબઈના પ્રભાદેવી વિસ્તારમાં આવેલા સિદ્ધિવિનાયક ગણપતિ મંદિરને ૩૫ કિલો સોનાની ભેટ મળી હતી. ગણપતિના મસ્તક પર છત્ર રૂપે આ સોનું દાનમાં આપવામાં આવ્યું હતું. પાટનગર નવી દિલ્હીના એક અનામી ભક્તે પોતાનું નામ નહીં આપવાની શરતે આ છત્ર મોકલાવ્યું હતું.

આ ગણપતિ મંદિરના ગણપતિને હજારો શ્રદ્ધાળુઓ માને છે. મેગાસ્ટાર અમિતાભ બચ્ચન અને તેમના કુટુંબીજનો જેવા કેટલાક શ્રદ્ધાળુઓ તો પોતાના નિવાસસ્થાનેથી પગપાળા ચાલીને આ મંદિરના દર્શને આવે છે.

મહારાષ્ટ્રના સૌથી શ્રીમંત મંદિરોમાં આ મંદિરની પણ ગણના થાય છે. દિલ્હીના ભક્તે ૩૫ કિલો સોને મઢેલું છત્ર દાનમાં આપ્યું હતું. આ છત્રની કિંમત ૧૪ કરોડ રૂપિયા આંકવામાં આવી હતી. આ છત્રને મંદિરની છત પર લગાડવાની એના સંચાલકોની યોજના છે. મંદિરના સંચાલકોએ આ ભક્તની ઓળખ જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો.

અમેઠીમાં કાર અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં પનાં મોત, ૧ ગંભીર

અમેઠી

ઉત્તર પ્રદેશના અમેઠી વિસ્તારમાં ગૌરીગંજ પોલીસ સ્ટેશનની હદમાં સોમવારે મોડી રાત્રે એક ટ્રક બોલેરો કાર સાથે અથડાતાં કારમાં બેઠેલાં પાંચ જણનું ઘટનાસ્થળેજ મૃત્યુ થયું હતું.

અકસ્માતના સમાચાર મળતાં તરત પોલીસ ત્યાં દોડી ગઈ હતી અને મૃતદેહોનો કબજો લીધો હતો. અકસ્માત એટલો જોરદાર હતો કે બોલેરો કારમાં ફસાયેલા અને મરણ પામેલા લોકોને બહાર કાઢવા પોલીસે જેસીબી મશીન મંગાવવું પડ્યું હતું. મરનારા બધા લાલા કા પુરવા ભરેથા નામના વિસ્તારના રહેવાસી હતા. એ લોકો હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા પોતાના એક સંબંધીના ખબર પૂછવા ગૌરીગંજ ક્ષેત્રના સંભાવા ગામની મુલાકાતે આવ્યા હતા. બીમાર સંબંધીને મળીને એ લોકો પાછા જવા રવાના થયા હતા.



સેન્ટ્રલ અમેરિકન સ્થળાંતર કરનારા બાળકોને ગ્વાટેમાલાથી મેક્સિકો સુધીના સુસિએટ નદીની પાર, મેક્સિકોના સિયુડાડ હિડાલ્ગો નજીક, બાળકો લઈ જતા હોય છે.

વોટ્સઅપ પર બુક કરી બોલાવેલી કોલગર્લ પત્ની જ નીકળતા હાહાકાર

કાશીપુર

ઉત્તરાખંડના કાશીપુરમાં એક એવી અજીબોગરીબ ઘટના સામે આવી છે જે સભ્ય સમાજ માટે કલંક રૂપ છે. આજકાલ અહીંના સમગ્ર વિસ્તારમાં આ ઘટનાની ચર્ચાઓ ચાલી રહી છે. અહીં એક પતિને તેમની પત્નીના ચારિત્રને લઈને અને તે દેહવ્યાપાર કરતી હોવાની શંકા હતી. આથી તેણે પત્નીનો ભાંડો ફોડવા માટે મહિલા દલાલના માધ્યમથી એક કોલગર્લની ડિમાંડ કરી. પતિના આશ્ચર્ય વચ્ચે મહિલા દલાલે તેમને જે ફોટાઓ મોકલ્યા હતા તેમાં તેમની જ પત્નીનો ફોટો પણ હતો. પતિએ

પત્નીને ગ્રાહક તરીકે કોણ છે તેની ખબર નહોંતી આથી તે નક્કી કરેલી જગ્યાએ પહોંચી પણ ગઈ. અહીં જ્યારે પતિ અને પત્ની બંનેનો આમનો સામનો થયો ત્યારે વાત બોલાચાલી અને મારામારી સુધી પહોંચી ગઈ અને પોલીસ બોલાવવી પડી. પોલીસની હાજરીમાં બંનેએ એકબીજા સામે ગંભીર આરોપ લગાવ્યા હતા. હાલ પોલીસ આ સમગ્ર મામલે હાલ તપાસ કરી રહ્યા છે.

પતિની ડિમાન્ડ અનુસાર જ્યારે મહિલા દલાલે તેમની પત્નીને નક્કી કરેલી જગ્યાએ મોકલી આપી હતી. પરંતુ પત્ની જ્યારે તે જગ્યા પર ગઈ તો તેના પગ નીચેથી જમીન સરકી ગઈ કારણે કે ગ્રાહક તરીકે બીજો કોઈ નહીં પરંતુ તેમનો જ પતિ હતો.

પછી બંને વચ્ચે શરૂઆતમાં ઉગ્ર બોલાચાલી થઈ હતી અને પછી બંને મારામારી પર ઉતરી આવ્યા હતા. પતિએ પત્નીના ચારિત્રને લઈને ફરીયાદ કરી હતી તો પત્નીનું કહેવું હતું કે તેમની બહેનપણી સાથે તેમના પતિના આડા સબંધો છે અને પતિ શંકા કરીને તેમને માર મારે છે. સ્થાનિક પોલીસ હાલ આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે. પરંતુ સભ્ય સમાજમાં આવી ઘટના આપણા સમાજમાં બેસી ગયેલા સડાની ચાડી ખાય છે.

છેલ્લા દિવસે
પહેલા પાનાથી ચાલુ

ભાગ લઈ રહ્યા છે." આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે લગભગ ૩૫ ઉમેદવારો આરઓ (રિટર્નિંગ ઓફિસર) ઓફિસમાં બેઠા છે. તેમની પાસે પૂરતા કાગળ પણ નથી. આપ નેતાએ આક્ષેપ કર્યો છે કે આ ઉમેદવારો પાસે ૧૦ પ્રસ્તાવકો પણ નથી. આ લોકો તેમના અરજદારોને ફોન કરીને ફોન કરી રહ્યા છે, તેઓ કહે છે કે તેમનું ફોર્મ ભર્યા પછી જ તેઓ સીએમને ફોર્મ ભરવા દેશે.

અરવિંદ કેજરીવાલ થોડા કલાકો પહેલા જ ઉમેદવારી નોંધાવવા માટે રીટર્નિંગ ઓફિસરની કચેરી જામનગર હાઉસ પહોંચ્યા હતા. અત્યારે તે રીટર્નિંગ ઓફિસરની .ઓફિસમાં છે. કેજરીવાલ જામનગર હાઉસ ફોર્મ ભરવા પહોંચ્યા ત્યારે કેટલાક લોકોએ તેમની સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. આ પછી અહીં સુરક્ષા વધારી દેવામાં આવી છે. વહીવટીતંત્રે અહીં વધારાના દળની માંગણી કરી છે.

અહેવાલ મુજબ, કેજરીવાલના નામાંકન ભરવા માટે ચૂંટણી પંચ પર બપોરે ૩ વાગ્યા સુધીનો સમય નક્કી કરવામાં આવ્યો હતો. પરંતુ સાંજના ૫ વાગ્યા સુધી તેમનો નંબર આવી શક્યો નહોતો.

દરમિયાન, નોમિનેશન પર પહોંચેલા સીએમ અરવિંદ કેજરીવાલે વધુ એક ટ્વિટ કર્યું છે. તેણે કહ્યું છે કે તેને કોઈ સમસ્યા નથી. આમાંના ઘણા લોકો પ્રથમ વખત કાગળો ફાઇલ કરે છે, આ લોકો ભૂલો કરશે, અમે પણ પ્રથમ વખત ભૂલો કરી છે. આપણે તેમને મદદ કરવી જોઈએ. હું તેમની સાથે રાહ જોવામાં આનંદ અનુભવું છું. તે બધા અમારા પરિવારના સભ્યો છે.

અમીત શાહ
પહેલા પાનાથી ચાલુ

આ કાયદા સામે તસુભાર પણ નમતુ જોખવા તૈયાર નથી. નાગરિકતા સંશોધન કાયદાનો દેશના અલગ અલગ વિસ્તારોમાં વિરોધ થઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મંગળવારે ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉમાં નાગરિકતા સંશોધન એક્ટના સમર્થનમાં સભા સંબોધી હતી. અમિત શાહે કહ્યું કે, વિરુદ્ધ વિપક્ષ ભ્રમ ફેલાવી રહ્યા છે અને દેશને તોડવાનું કામ કરી રહ્યા છે. આ જ મુદ્દે અમારી પાર્ટીએ જન જાગરણ અભિયાન કરવાનો નિર્ણય કર્યો છે.

અમતિ શાહે વિપક્ષ સામે સવાલ ઉભા કરતાં કહ્યું કે, જ્યારે કાશ્મીરમાંથી લાખો પંડિતોને ભગાડી દીધા હતા ત્યારે માનવધિકાર ક્યાં ગયો હતો. તેમણે કહ્યું કે, જેને વિરોધ કરવો હોય તે કરે પરંતુ સીએએ પરત લેવામાં નહીં આવે.

ગૃહમંત્રીએ કહ્યું કે, સંસદ સત્રમાં જ્યારે અમારી સરકાર બિલ લાવી ત્યારે રાહુલ બાબા એન્ડ કંપની વિરોધમાં કાઉ-કાઉ કરતી હતી. આ મુદ્દે ભ્રમ ફેલાવામાં આવી રહ્યો છે કે આ કાયદાથી મુસ્લિમોની નાગરિકતા જતી રહેશે. વિપક્ષનો કોઈ પણ નેતા ચર્ચા કરવા તૈયાર થઈ જાય તો અમારા તરફથી સ્વતંત્રદેવ સિંહ ચર્ચા કરવા માટે તૈયાર છે.

અખિલેશ યાદવ વિશે શાહે કહ્યું કે, અખિલેશ બાબુ વધારે ન બોલો તો જ સારુ છે. કોઈના ગોખાયેલા વાક્યો બોલી દો છો. સ્ટેજ પર આવીને સીએએ વિશે કંઈક કહી શકો તો કહો. અખિલેશે ક્યારેક વાંચવાનું પણ રાખવું જોઈએ. વાંચનથી ફાયદો થાય છે. ગૃહ મંત્રીએ કહ્યું કે, દલિત બંગાળીઓને આજે નાગરિકતા મળી રહી છે તો મમતા બેનરજીને તકલીફ થઈ રહી છે. વિપક્ષને આદત પડી ગઈ છે દેશહિતની દરેક વાતનો વિરોધ કરવાની.

નાંદોદ તાલુકાના
પહેલા પાનાથી ચાલુ

પાણી ન અભાવે ખેડૂતો ને સિંચાઈની મોટી તકલીફ હોય વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર નવી કેનાલો બનાવવા આશ્વાસનો જ આપે છે. એક તરફ સરકાર ચૂંટણી સમયે ખેડૂતો માટે નવી નવી યોજનાઓ જાહેર કરી વોટબેંક ઉભી કરવા મોટી મોટી વાતો કરે છે પરંતુ ખેડૂતો ને નિયમિત વીજળી કે પાણી આપવામાં સરકાર નિષ્ફળ નિવડી હોય એમ ચૂંટણી બાદ ધરતીપુત્રો તરફ કોઈ જોનાર નથી ત્યારે નાંદોદ તાલુકાના આ ગામોના ગ્રામજનો તેમના ગામની કેનલોમાં નિયમિત પાણી મળે તેવી માંગ કરી રહ્યા છે.

વિરમગામ તાલુકાના જખવાડા ખાતે આનંદીબેન પટેલના હસ્તે પંચાયત ઘરનું લોકાર્પણ કરાયુ



ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ વિરમગામના જખવાડા ગામના મહેમાન બન્યા

અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના જખવાડા ગામના ગુજરાત રાજ્યના પુર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ મહેમાન બન્યા હતા. આનંદીબેન પટેલના વરદ હસ્તે જખવાડા ગામમાં સત્ય પ્રેમ કરુણા પ્રવેશ દ્વાર, પક્ષીઘર, નવા ગ્રામ પંચાયતનું મકાન, પાણીની પરબનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, સાંસદ ડો, મહેન્દ્ર મુજપરા, અનાર પટેલ (ડાયરેક્ટર લવ ઈન્ડિયા ફેલોશિપ),ગૌભક્ત ચૈતન્ય શંભુ મહારાજ, કિરીટસિંહ ગોહિલ, પ્રમોદભાઈ પટેલ, દિપકભાઈ પટેલ, લખુભા મોરી, જખવાડાના સરપંચ મનોજસિંહ ગોહિલ, જનકભાઈ સાધુ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જખવાડા ગામના યુવા સરપંચ મનોજસિંહ ગોહિલે જણાવ્યુ હતુ કે, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના વરદ હસ્તે જખવાડા ગામમાં સત્ય પ્રેમ કરુણા પ્રવેશ દ્વાર, પક્ષીઘર, નવા ગ્રામ પંચાયતનું મકાન, પાણીની પરબનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મેં ગામના ૮ બાળકોને શિક્ષણના હેતુથી દત્તક લીધા છે અને તેમના તમામ શૈક્ષણીક ખર્ચમાં મદદરૂપ બનવામાં આવશે. આ કાર્યક્રમમાં ૨૦૦ વિધવા બહેનોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. માત્ર ૨૪ દિવસનાં બાળક ને ૧૧૦૦૦ રૂપિયા રોકડા આપવામાં આવ્યાં હતા. આ ઉપરાંત પોલિયો અભિયાન અંતર્ગત બાળકને મહામહિમ રાજ્યપાલના વરદ હસ્તે પોલિયો પણ પીવડાવવામાં આવ્યો હતો.



સુરત ગ્રામ્યના જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટ્રાફિક સપ્તાહની ઉજવણીના રૂપે જનતાને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સમજ કરવામાં આવી હતી.

ઓલપાડ તાલુકામાં ડોર ટુ ડોર પોલીયો રસીકરણ અભિયાન

ઝુંબેશને ૧૦૦ ટકા સફળ બનાવવાના પ્રયાસો

સુરત

ઓલપાડ તાલુકાના કુલ સાત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના જુદા જુદા ગામોમાં ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, સરપંચશ્રી, જીલ્લા પંચાયત સદસ્યશ્રી, ધરાસભ્યશ્રી, તાલુકા પંચાયત સદસ્યશ્રી દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોની રસી પીવડાવીને શુભારંભ કરાવ્યો હતો.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઓરણા સરોલી ગામે ઓલપાડ તાલુકાના નોડેલ ઓફિસર શ્રીમતી ચેતનાબેન દેસાઈ જિલ્લા અધિકારીશ્રી સુરત તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રશાંત સેલર દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકને પોલીયોની રસી પીવડાવી બુથને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. આમ ઓલપાડ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કરંજના નધોઈ ગામે જિલ્લા પંચાયતના સદસ્ય તથા બાંધકામ સમિતિના ચેરમેન શ્રી હિતેશભાઈ પટેલ, તથા અન્ય પદાધિકારીઓએ બાળકોને રસી પીવડાવી અભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આ દરમિયાન તાલુકા હેલ્થ ઓફિસરે જણાવ્યું હતુ કે, ઓલપાડ તાલુકાના અંદાજીત ૨૦,૦૮૬ બાળકો માંથી અંદાજીત ૯૨ ટકા કામગીરી બુથ પર જ કરવામાં આવશે અને બાકીના બાળકોને ૨૦-૨૧ જાન્યુઆરીના રોજ ઘરે ઘરે ફરીને બાળકોને પોલીયો રસી પીવડાવી ૧૦૦ ટકા કવરેજ કરવામાં આવશે.

ભાવિ વેવાણને લઈ વેવાઈ ભાગી ગયા, યુવક-યુવતીના લગ્ન પર મુકાયું પૂર્ણવિરામ

સુરત

સુરતના કતારગામ વિસ્તારમાં રહેતા યુવકના લગ્ન નવસારીની યુવતી સાથે થવાના હતા. પરંતુ લગ્નના એક મહિના પહેલા યુવતીની માતા અચાનક ગુમ થઈ ગઈ હતી. પરિવારે આ અંગે પોતાની રીતે તપાસ કર્યા બાદ કોઈ પરિણામ ન મળતા અંતે આ અંગે પોલીસમાં જાણ કરી હતી. બીજી તરફ યુવકના પિતા પણ અચાનક ગુમ થઈ ગયા હતા અને તેઓના પણ કોઈ સમાચાર ન મળતા હોય તેમના પરિવારે પોલીસને આ અંગે જાણ કરી હતી.

પારિવારીક સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર વરરાજાના પિતા અને વરવધૂની માતા બંને પહેલાથી એકબીજાને ઓળખતા હતા. અને બંને યુવાનીના સમયથી લગ્ન કરવા માંગતા હતા. પોલીસને જાણ કર્યાના ૧૦ દિવસ થયા હોવા છતાં હજુ સુધી પોલીસને આ બંનેનું પગેરૂ મળ્યું નથી જેથી બંને પરિવારે યુવક-યુવતીના લગ્ન કેન્સલ રાખ્યા છે અને આ સબંધ પર પૂર્ણવિરામ મુક્યું છે.

એક તરફ જ્યાં લગ્નની શરણાઈ વાગવામાં થોડા દિવસોની વાર હતી. યુવક અને યુવતી બંને લગ્નને લઈને ઉત્સાહમાં હતા અને મોટાભાગની ખરીદી પણ થઈ ગઈ હતી. એવામાં વેવાઈ ભાવી વેવાણને લઈને ભાગી જવાની ઘટના સામે આવતા બંને પરિવારો વચ્ચે સબંધો વણસી ગયા હતા અને યુવક-યુવતી બંનેએ આ લગ્ન કરવાનું કેન્સલ રાખ્યું હતુ.

વરાછામાં ક્રિકેટ મેચ પર સટ્ટો ખેલતા ચાર લોકોની ધરપકડ

કારખાનામાં પીસીબી પોલીસે છાપો માર્યો

સુરત

પીસીબી પોલીસે વરાછા રોડ મહાત્મા ઈન્ડસ્ટ્રીઝના કારખાનામાં મેચ ઉપર જુગાર રમતાં ચાર જણાની ધરપકડ કરી રૂપિયા ૧,૩૭,૫૫૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પીસીબી પોલીસે મળેલી બાતમીના આધારે મહાત્મા ઈન્ડસ્ટ્રીઝ ખાતા નંબર ૨૮થી ૩૦ની ઓફિસમાં દરોડા પાડ્યા હતા. એમ્બ્રોડરી કારખાનેદાર હરેશ રણછોડ મકવાણા ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાતી મેચ પર જુગાર રમાડતો હતો. પીસીબી પોલીસે આરોપી હરેશ રણછોડ, ભાવેશ છગન મકવાણા, કૌશિક વાલજી મકવાણા, મુકેશ વજુ લાઠીયાની ધરપકડ કરી હતી. જ્યારે પી.ડી. નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કર્યો હતો.

પીસીબી પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા, લેપટોપ, ૧૮ મોબાઈલ ફોન, ઈલેક્ટ્રીકના સાધનો સહિત કુલ રૂપિયા ૧,૩૭,૫૫૦ની મતા કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે સુરતના રાજન દેસાઈનું યુવા એવોર્ડ સન્માન

રાજન દેસાઈએ બે પુસ્તકોનું લેખન કર્યું છે

સુરત

સ્વામી વિવેકાનંદ ની જન્મજયંતિ ઉજવણી પ્રસંગે ગુજરાત રાજ્ય ના રમત ગમત યુવા સાંસ્કૃતિ પ્રવુતિઓ વિભાગ, ગુજરાત રાજ્ય યુવક બોર્ડ ગુજરાત સરકાર દ્વારા એનાયત ×ગુજરાત રાજ્ય યુવા એવોર્ડ વર્ષ ૨૦૧૯× શ્રી રાજન હરગોવન દેસાઈ ને રાષ્ટ્રીય યુવા દિવસ ૧૨ જાન્યુઆરી ૨૦૨૦. ના દિવસે મહાત્મા ગાંધી મંદિર, ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી માનનીય શ્રી ઈશ્વરભાઈ પટેલ મંત્રી શ્રી રમત ગમત વિભાગ અને રાજ્ય સરકાર ના અધિકાર ગણ તેમજ હજારો યુવા ઓ ની હાજરી માં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી સાહેબ ના વરદ હસ્તે યુવા એવોર્ડ તેમજ પ્રમાણપત્ર અને ૨૧૦૦૦/- રૂપિયા ની રકમ નો ચેક એનાયત કરી ને રાજન દેસાઈ ને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

યુવા સંગઠન અને યુવા પેઢી ને સ્પર્શ તથા વિષયો પર રાજન ભાઈ એ મહત્વ ની કામગીરી કરે છે . ભારતીય સંસ્કૃતિ અને પ્રાચીન પરંપરા વિષય પર નાની વય માં

રાજન ભાઈ એ ૨ પુસ્તક નું લેખન કર્યું છે . ×સંબધો ના સથવારે× અને ×ભારતીય શિક્ષા સનાતન અને વર્તમાન× .આ સિવાય સમાજ જાગૃતિ અંતર્ગત ૫ થી વધુ જરૂરિયાતમંદ કુટુંબ નું નિર્માણ કરેલ હતું જેમાં મહિલા સશક્તિકરણ , સ્વચ્છ ભારત વિષય નો સમાવેશ કરવામાં આવ્યો હતો . ગરીબ બાળકો ના અભ્યાસ તથા સ્ત્રી સુરક્ષા તેમજ સ્વચ્છતા જેવા વિષયો પર અનેક કાર્યક્રમો કર્યા હતા . તેમની જાગૃત અને સેવાકીય પ્રવૃતિઓ માટે પ્રતિષ્ઠ સંસ્થા તરફથી પ્રમાણપત્રો અને કામગીરી બિરદાવેલ છે. રાષ્ટ્ર નિર્માણ માં યુવા ની ભૂમિકા એ વિષય પર મહત્વ ની કામ કરે છે.આ વિષયો ને ધ્યાન માં રાખી ને યુવા પેઢી ને પ્રેરના મળે તે હેતુ થી રાજ્ય સરકાર દ્વારા રાજન ભાઈ દેસાઈ નું સન્માન કરવામાં આવ્યું હતું.

ડોકટર રાજન દેસાઈ હાલ મા બેચલર ઓફ ફિજીઓથેરાપી (B P T) અભ્યાસ પૂર્ણ કરેલ છે.રાજન ના પિતા હરગોવનભાઈ હરજી ભાઈ ગામ મોટપ હાલ જીલ્લા પંચાયત સુરત ખાતે ફરજ બજાવે છે માતા ઉર્મિનબેન દેસાઈ શિક્ષણ તેમજ મહિલા જાગૃતિ અને સમાજસેવા જેવી પ્રવુતિઓ ખૂબ સારુ કામ કરે છે. સંસ્કાર સંસ્કૃતિ અને મજબૂત યુવા શક્તિ નિર્માણ થી રાષ્ટ્ર શક્તિ નિર્માણ થાય તે માટે રાજન દેસાઈ કામગીરી કરે છે.

પૂ.મોરારી બાપુના હસ્તે માલનપાડાના શિક્ષક મહેન્દ્રસિંહ પરમારનું સન્માન

નવી નગરી શાળાના શિક્ષકને ચિત્રકૂટ એવોર્ડ

વલસાડ

ગુજરાત રાજ્યાના કાર્યનિષ્ઠમ અને વિશિષ્ટ શિક્ષકોના કાર્યને બિરદાવવા માટે છેલ્લા ૨૦ વર્ષથી ચિત્રકૂટ ધામ દ્વારા ચિત્રકૂટ એવોર્ડની સન્માજનિત કરવાની પરંપરા છે. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ગામે યોજાયેલા એવોર્ડ સન્મા?ન સમારંભમાં સંત શિરોમણિ પૂ.મોરારી બાપુના હસ્તેજ ધરમપુર તાલુકાના માલનપાડા સ્થિયત નવીનગરી પ્રાથમિક શાળાના ઉપશિક્ષક મહેન્દ્રિસિંહ એન. પરમારને ચિત્રકૂટ એવોર્ડથી સન્માાનિત કરી પારિતોષિક એનાયત કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. મોરારિબાપુના હસ્તેક આ સન્માખન અને પારિતોષિક પ્રાપ્ત કરનાર મહેન્દ્ર સિંહ પરમાર સમગ્ર ધરમપુર તાલુકાના પ્રથમ શિક્ષક બન્યાર છે. મહેન્દ્ર સિંહ પરમારને અગાઉ રાજયપ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધરમપુર તાલુકાના શ્રેષ્ઠક શિક્ષક અને વલસાડ જિલ્લાના શ્રેષ્ઠક શિક્ષકનો એવોર્ડ એનાયત થઈ ચુકયો છે. રાજયા કક્ષાએ ચિત્રકૂટ એવોર્ડનું આ સન્માાન પ્રામક કરવા બદલ ધરમપુર

નગરપાલિકાના પ્રમુખ જયદિપસિંહ સોલંકી, વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને ગુજરાત રાજ્યર પ્રાથમિક શિક્ષક સંઘના સીનિયર કાર્યાધ્યિમક્ષ ગોકુળભાઈ એમ. પટેલ અને ધરમપુર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કૌસરબેન કસલીએ મહેન્દ્ર સિંહને વિશેષ અભિનંદન પાઠવ્યા છે.

વધુ એક કેડીટ કાર્ડ ધારક સાથે ઠગાઈ

સુરત

પલસાણા-ગંગાધરા-કારેલી ખાતે એક્સિસ બેંકમાંથી બોલુ છુ તેમ જણાવી સીવી તથા ઓટીપી નંબર માંગી ૩૭ હજાર ઉપાડી લઈ એક યુવક સાથે છેતરપિંડી કરી અજાણ્યો મોબાઈલ ફોન ધારક ફરાર થઈ ગયો હતો.

મૂળ રાજસ્થાન વિજયપુરા ખાતેના વતની અને હાલમાં રાહી ટાઉનશીપ ખાતે રહેતા ગ્યાનીશભાઈ શર્માનો મોબાઈલ ફોન પર અજાણ્યા મોબાઈલ ફોન ધારકે ફોન કરીને જણાવ્યું હતું કે, હું એક્સિસ બેંકમાંથી બોલું છું તમારી કેડીટ કાર્ડની લિમિટ વધારી આપીશ તેમ જણાવી સીવી તથા ઓટીપી નંબર માંગીને તેમના કેડીટ કાર્ડમાંથી ૩૭ હજાર ઉપાડી લઈ ફરાર થઈ ગયો હતો. પલસાણામાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કતારગામ ઝોને ખુલ્લા પ્લોટનો વેરો વસુલવા મિલ્કતો ટાચમાં લીધી

૯ મિલ્કતોને સીલ મારી દેવાયા: ૧૭.૭૨ લાખની વસુલાત

સુરત

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ દરમ્યાનહાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૧૬/૦૧/૨૦૨૦, તા.૧૭/૦૧/૨૦૨૦ અનેતા.૧૮/૦૧/૨૦૨૦ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા અમરદીપ કોમ્પલેક્ષ-અમરોલી રોડ, મધુકુંજ સોસાયટી-કતારગામ રોડ, નીલકંઠ સોસાયટી, સાંઈ એબ્રો ઈન્ડસ્ટ્રી-કોસાડ વિગેરેવિસ્તારમાં ૦૯ મિલ્કતોને સીલ કરવામાં આવેલ તેમજ ખુલ્લા પ્લોટ ટાંચમાં લેવા અંગે કુલ ૩૧ નોટીસ બોર્ડ ગુરૂકૃપા સોસાયટી- નાનીવેડ, ગજરાબા સોસાયટી-ડભોલી ગામ, શ્રીનગર સોસાયટી-ડભોલીગામ, અખંડ આનંદ સોસાયટી, ભૂમિપાર્ક સોસાયટી-ડભોલી ગામવિસ્તારમાં પ્રસિધ્ધ કરવામાં આવતા સ્થળ ઉપર રૂા. ૧૭,૭૨,૦૦૦/- રૂપિયાની વસુલાતકરવામાં આવેલ છે.

વલસાડ જિલ્લા પંચાયત કચેરીમાં ધ્વજવંદન થશે

વલસાડ જિલ્લા પંચાયતના પટાંગણમાં આગામી તા.૨૬મી જાન્યુઆરીના દિને પ્રજાસત્તાક પર્વ ઉજવણી અવસરે સવારે ૭-૩૦ કલાકે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલના હસ્તેત ધ્વેજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી પ્રજાસત્તાક પર્વ ઉજવણીમાં સહભાગી બનવા જિલ્લા વિકાસ અધિકારી અર્પિત સાગર દ્વારા અનુરોધ કરાયો છે.

અઠવા ઝોનમાં રંગપુરણી અને નિબંધ સ્પર્ધા યોજાશે

સુરત

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨/૦૧/૨૦૨૦ના રોજ અઠવા ઝોન વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓના ધો.૧ થી ૪ની રંગપુરણી હરિફાઈ સવારે ૧૧.૩૦ કલાકે અને ધો.૫ થી ૮ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની નિબંધ સ્પર્ધાનું આયોજન બપોરે ૧.૦૦ કલાકે એસ. કે. પાર્ક ઉમરા કોમ્યુનિટી હોલ, ઉમરા ગામ રોડ, એસ.વી.એન.આઈ.ટી. કોલેજ પાસે, ઈચ્છાનાથ, સુરત ખાતે કરવામાં આવેલ છે.

કડવા પાટીદાર હિત વર્ધક મંડળનો વાર્ષિક સ્નેહ મિલન સમારંભ યોજાયો

સુરત

શ્રી ઉમિયા માતાજી મંદિર, ઉમિયાધામ વરાછા રોડ ખાતે ગત રવિવાર તા. ૧૯/૦૧/૨૦૧૮ ના રોજ શ્રી સત્તાવીસ સમાજ કડવા પાટીદાર હિત વર્ધક મંડળના ૩૫મા વાર્ષિક સ્નેહમિલન સમારંભનું આયોજન થયું હતું. શ્રી સત્તાવીસ સમાજ ક.પા. હિતવર્ધક મંડળ દ્વારા ૩૫ વર્ષથી સમાજના તેજસ્વી બાળકોને ઇનામ વિતરણ, ધો. ૧૦ અને ૧૨માં પ્રથમ આવનાર બાળકોને ગોલ્ડ મેડલ તથા ધો. ૫,૬,૭ તથા ૮,૯,૧૧ માં પ્રથમ આવનાર બાળકોને સીલ્વર મેડલથી બહુમાન કરી પ્રોત્સાહિત કરવામાંઆવેછે. શિક્ષણની સાથે અન્ય પ્રવૃત્તિઓમાં સફળતા મેળવનાર બાળકોને પણ સ્મૃતિ ભેટ આપવામાં આવે છે જેમાં જીપીએસસી યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરનાર તેજસ્વી તારલાઓને વિશિષ્ટ સિદ્ધિ બદલ ખાસ બહુમાન આપવામાં આવે છે. આ સાથે જ સમાજની વિધવા બહેનોને તથા અસહાય પરિવારોને વર્ષમાં બે વખત સમાજની કીટ તેમજ આકલ્પિત મેળવનાર બાળકોને પણ સ્મૃતિ ભેટ આપવામાં આવે છે જેમાં જીપીએસસી યુપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરનાર તેજસ્વી તારલાઓને વિશિષ્ટ સિદ્ધિ બદલ ખાસ બહુમાન આપવામાં આવે છે.

મણિનગર શ્રી સ્વામી નારાયણ ગાદી સંસ્થાનમાં બાળ જીવન ઘડતર શિબિર

બાળ ઘડતરની બારાખડી રજૂ કરતા રાજેશ ધામિલીયા

અમદાવાદ

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર-અમદાવાદ ખાતે શ્રી મુક્તજીવન ઓડિટોરિયમ હોલમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીશ્રીની પ્રેરણાથી, પૂજનીય સંતોના સાંનિધ્યમાં એક દિવસીય બાળ જીવન ઘડતર શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

નાના નાના બાળકોના પ્રાર્થના ગીતથી કાર્યક્રમનો શુભારંભ થયો. પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજના સ્વાસ્થ્ય માટે સમૂહ પ્રાર્થના કરવામાં આવી. શ્રી હરિભાઈ ઠક્કર, ડો.સ્પંદન એસ.ઠાકર અને શ્રી રાજેશભાઈ ધામેલિયા, શ્રી હર્ષદભાઈ પટેલ વગેરેએ બાળકોને આ પ્રસંગે સંબોધન કર્યું હતું.

બાળ ઘડતરની બારાખડી વિષયને કેંદ્રમાં રાખીને શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, દ્ઢ મનોબળ અને સખત પુરુષાર્થથી વિકટ પરિસ્થિતિમાં પણ જવલંત સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્ , ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ વગેરે અનેક મહાનુભાવોનું બાળપણ ખૂબ ગરીબીમાં વીત્યું હતું, પરંતુ સાચી દિશાની મહેનત દ્વારા વિશ્વભરમાં પોતાનું નામ રોશન કર્યું. આ બન્ને મહાનુભાવો શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સાથે આત્મીયતાથી જોડાયેલા હતા. સફળતા પ્રાપ્ત થતા જેનામાં નમ્રતા વધે તે જ સાચો મહાન વ્યક્તિ છે. જો આપણી ઉચ્ચ લક્ષ્ય રાખીને તેને પ્રાપ્ત કરવા આયોજનપૂર્વક પુરુષાર્થ કરીશું, ભગવાન પર ભરોસો રાખીશું તો એક દિવસ અવશ્ય સફળ થઈશું. આજે લોકો અનેક બાબતોમાં સરખામણી કરતાં થયા છે, ત્યારે આપણી સરખામણી આપણી ગઈકાલ,વીતેલાં વર્ષો સાથે કરવી; પરંતુ અન્ય લોકો સાથે ક્યારેય સરખામણી કરવી નહી. બાળકો સાથે સંવાદરૂપે યોજેલા આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવોના જીવન પ્રસંગો કહીને બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. પ્રશ્નોત્તરીમાં સૌ બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.સાચા જવાબ આપનાર બાળકોનું પૂજનીય સંતોના હસ્તે પુસ્તિકાઓ આપીને સન્માન કરવામાં આવ્યું.

આ શિબિરમાં બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવી હતી તેમજ બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. સદ્ગુરુ શ્રી સર્વેશ્વરદાસજી સ્વામીએ નિયમિત પૂજા કરવી,માતાપિતાને પ્રણામ કરવા,વગેરે રોજિંદા જીવનમાં આચરણમાં મૂકવા જેવી જીવન ઘડતરની બાબતો કહી હતી.

જલારામધામ વિદ્યામંદિરનો વાર્ષિક મહોત્સવ યોજાયો

આદિજાતિ મંત્રી પાટકર કાર્યક્રમમાં સહભાગી બન્યા

વલસાડ

વલસાડ તાલુકાના ફલધરા ખાતે જલારામધામ વિદ્યામંદિરના વાર્ષિકોત્સવને વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રમણલાલ પાટકર, ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલ, ચણોદના કૈલાસપુરી સ્વામીજી સહિત મહાનુભાવોએ મંગલ દીપ પ્રગટાવીને ખુલ્લો મૂક્યો હતો.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે શાળાની પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, વાર્ષિકોત્સવની ઉજવણી એ વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ કલાઓને પ્રદર્શિત કરવા માટેનું પ્લેટફોર્મ છે. શાળાના વિકાસ માટે સ્ટાફ, વાલી અને ટ્રસ્ટીમંડળ સૌનો સહયોગ જરૂરી છે. કોઈપણ બાબતમાં વિશ્વાસ હોય તેમાં પરમાત્મા શક્તિ જરૂર આપે છે અને ચોક્કસ ધ્યેય પ્રાપ્ત થાય છે. બાળકોમાં સારા સંસ્કાર સીંચવાનું કાર્ય માતા-પિતા અને શિક્ષકો કરે તો દેશ સાચી દિશામાં વિકાસ કરી શકશે. ફલધરાનું જલારામધામ જિલ્લાનું મોટું યાત્રાધામ બનશે, તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે જણાવ્યું હતું કે, જલારામ ધામમાં શૈક્ષણિક સંકુલ બનાવી સંસ્કારયુક્ત શિક્ષણ આપવામાં આવી રહયું છે, જે સરાહનીય છે. બાળકોએ રજૂ કરેલી સુંદર કૃતિઓ શિક્ષકોની કેળવણી અને બાળકોની પ્રતિભાને આભારી છે.

આ અવસરે કૈલાસપુરી સ્વામીજીએ વિદ્યાર્થીઓ શાળામાં ભણીને સારું શિક્ષણ અને સારા સંસ્કાર મેળવી ઉજ્જવળ ભવિષ્ય બનાવે અને સૌનું આરોગ્ય સારું રહે તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

જલારામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફુલસીંગભાઇ પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી શાળાકીય પ્રવૃત્તિની રૂપરેખા આપી હતી.

ખેરગામ કથાકાર પ્રફુલભાઇ શુક્લએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા હતા.

શાળાના બાળકોએ અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તવ્યો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

શિક્ષણ તેમજ રમતગમત સહિત વિવિધ ક્ષેત્રે અગ્રેસર રહેલા વિદ્યાર્થીઓને મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે મેડલ આપી સન્માનિત કરાયા હતા.

આ અવસરે શાળાના આચાર્ય, ફલધરા સરપંચ નૈલેશભાઇ, વિવિધ ગામોના સરપંચ, શાળા પરિવાર, વાલીઓ, શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

કવિ નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના

૪૭માં યુવક મહોત્સવમાં વનરાજ કોલેજનું લોકનૃત્ય પ્રથમ ક્રમે

લોકનૃત્યમાં ૪૨ કોલેજોએ ભાગ લીધો હતો

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજની સાંસ્કૃતિક સમિતિ દ્વારા ૪૭મા યુવક મહોત્સવમાં લોકનૃત્ય તેની અનોખી અદા સાથે રજૂ થયું હતું, જે પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું.

સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સમાવિષ્ટ ૧૧૦ કૉલેજની ૪૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં આ લોકનૃત્યની અનોખી આદિવાસી સંસ્કૃતિથી લુપ્ત થતી સંસ્કૃતિની સુંદર ઝલક જોવા મળી હતી. લુપ્ત થતી ખેતીમાં હળ, રોપણી, નીંદામણ, કાપણી જેવી સંસ્કૃતિને સુંદર અને આબેહૂબ રીતે દર્શાવવામાં આવી હતી. આ રજૂઆત સાંસ્કૃતિક મંત્રી મોહનભાઇ તથા તેમની ટીમે જોરદાર રજુઆત કરી હતી. જેની રજૂઆત સાથે પ્રેક્ષકો પણ ઝૂમી ઉઠ્યા હતા. આ નૃત્યમાં કપરાડા તાલુકાના અંતરિયાળ મોટીપલસાણ ગામના વાજંત્રવાદકોને સૂંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કૃતિ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ.પારૂલ દેસાઇ, ઉપાધ્યક્ષ ડૉ.શૈલેષ રાઠોડ, સભ્ય નીલાબેન પટેલ તેમજ કુ.ગઝાલાબેન શેખે તૈયારી કરાવી હતી. આ કૃતિને પ્રથમ ક્રમ મળતા જ સમગ્ર ધરમપુર વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી ગઇ હતી. વિજેતા ટીમ તથા સમિતિને એમ.એસ.વી.એમ. કેળવણી મંડળના હોદેદારો, કૉલેજના આચાર્ય વી.ડી.પટેલ, જી.એસ. તથા કૉલેજ પરિવારે શુભેચ્છાઓ પાઠવી હતી.

રઘુવીર માર્કેટમાં ફાયર સેફ્ટીની ઝૂંબેશ કારગર પુરવાર ન થઈ

તક્ષશિલા અગ્નિ કાંડ પછી સુરત ફાયર બ્રિગેડ દ્વારા છેલ્લા આઠ મહિનાથી શહેરમાં કમર્શિયલ અને રેસિડેન્સીયલ મિલકતોમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરાવવા માટે દબાણપૂર્વકના પ્રયત્નો ચાલુ છે. અડધી રાતે મિલકતોમાં સીલ મારી દેવું, ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરી આપતી એજન્સીને જે તે મિલકતદારે સાધનો ફીટ કરવાનું કામ આપી દીધું હોવાની ખાતરી કરી લેવી, આ પ્રકારની બાહેધરી લેવી, પછી સીલ ખોલી આપવું. આ કારસો છેલ્લા આઠ મહિનાથી ચાલી રહ્યો છે. આ આખી કવાયત પાછળ ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવા માટેનો પ્રયત્ન ઓછો અને ફાયર સેફ્ટીના સાધનોનો વેપાર કરતી એજન્સીઓને સાથે રાખીને તેમને વેપાર અપાવવા માટેનો પ્રયત્ન વધારે હોય તેવું સતત દેખાતું રહ્યું છે. આટલા મહિનાઓની કવાયત, લોકો પાસે કરોડો રૂપિયાનો ખર્ચો કરાવવો, ફાયર બ્રિગેડની પોતાની પણ કરોડો રૂપિયાના નવા સાધનોની ખરીદી, છતાં આવી ભીષણ આગમાં આ તમામ બાબતોમાંથી એક પણ બાબત ઉપયોગી નહીં નિવડવી, એ બતાવે છે કે ફાયર સેફ્ટીના સાધનો ઊભા કરવા માટેની આખી કવાયત તાયફો પુરવાર થઈ છે.

હજીરા, સચીન, બારડોલી પણ ફાયર ફાયટરો બોલાવાયા

રઘુવીર સિલિયમ માર્કેટની ભીષણ આગ પર કાબૂ મેળવવા માટે ૫૦થી વધુ ફાયર ફાઇટર ઘટનાસ્થળે પહોંચ્યા છે અને આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કરી રહ્યાં છે. નીચેના માળમાં આગ પર કાબૂ મેળવી લીધો હોવાના પ્રાથમિક અહેવાલ છે. જોકે ઉપરના માળમાં હજુ પણ આગ કાબૂમાં આવી નથી. ૩ હાઈડ્રોલિક ક્રેનથી પણ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડની ક્ષમતા અને ઈરાદા આ આગની ઘટનાએ હજુ નબળા હોવાનો ઈશારો ફરી કર્યો છે. આગ ઉપર કાબુ મેળવવા માટે સુરત ફાયર બ્રિગેડે આસપાસની બારડોલી, સચિન, નવસારી નગરપાલિકા અને ટાઉનમાંથી પણ ફાયર બ્રિગેડની મદદ મેળવવા માટેની સ્થિતિ ઊભી કરી છે.

ભયાનક આગ : દોઢ કિમીનો રસ્તો બંધ કરી દેવાયો

ફાયરબ્રિગેડે કાપડ માર્કેટમાં આગ લાગી હોવાનું જાણીને પોલીસને પણ તેડાંવી લેવામાં આવી હતી. માર્કેટમાં આવેલા ગોડાઉનોમાં જ્વલનશીલ કાપડનો મોટો જથ્થો હોવાનો અંદાજ છે. આગની જ્વાળાઓ અને ધૂમાડાના ગોટેગોટા દેખાતા આસપાસના લોકો પણ દોડી આવ્યાં હતાં. લોકોના ટોળા ઉમટતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આસપાસના દોઢ કિલોમીટરના વિસ્તારમાં ટ્રાફિકની અવરજવર પણ બંધ કરી દેવાની ફરજ પડી છે.

આગ પર કાબુ મેળવવા એનડીઆરએફની મદદ

સારોલી ખાતે આવેલી રઘુવીર સિલિયમ માર્કેટમાં મળસ્કે લાગેલી આગ બપોર સુધી કાબુમાં ન આવતા એનડીઆરએફની ટીમની મદદ લેવામાં આવી છે. માર્કેટમાં રહી રહીને આગ ભભૂકી રહી હોવાથી અને ફાયર સ્ટાફને કામગીરીમાં અડચણ આવી રહી છે. લાખો લીટર પાણીનો મારો ચલાવ્યો, રિલાયન્સ ઓએનજીસીની ટીમ પણ કામગીરીમાં જોતરાઈ છતાં આગ પર સંપૂર્ણ કાબુ ન મળતા જિલ્લા કલેક્ટર ધવલ પટેલ દ્વારા આખરે એનડીઆરએફની ટીમને સ્થળ પર બોલાવી છે. બપોરે એક વાગે એનડીઆરએફની ટીમ સ્થળ ઉપર પહોંચી છે. આ ટીમ અસરગ્રસ્ત બિલ્ડિંગની અંદર જઈને આગ ઉપર સંપૂર્ણ કામગીરી મેળવવાની કામગીરી કરશે. એનડીઆરએફ પાસે આગ પર કાબુ મેળવવાના પુરતા સાધનો હોવાથી ઝડપથી આગ કાબુમાં આવી શકશે.

પુરપાટ દોડતી બાઈક ગાય સાથે અથડાઈ : ચાલકનું મોત

કોસંબા-તરસાડીમાં સર્જાયો અકસ્માત

સુરત

કોસંબા-તરસાડી ચીકુવાડી સામે કુવરદા તરફ જવાના રસ્તા પરથી પસાર થતા એક બાઈક સવારે પોતાની મોટર સાઈકલ પૂરઝડપે હંકારી ગાય સાથે અથડાવી નીચે પડી જતા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંગરોળ કુંવરદા ગામ નવાપરા ખાતે રહેતા અમનકુમાર મનહરભાઈ પોતાની મોટર સાઈકલ લઈને પુરપાટ ઝડપે તરસાડી ગામની સીમમાંથી પસાર થતા હતા. ત્યારે બાઈક પરનો કાબુ ગુમાવતા તે ગાય સાથે અથડાઈને નીચે પડી ગયો હતો. સારવાર માટે તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

સારવાર દરમ્યાન તેનું કરૂણ મોત નીપજ્યું હતું. કોસંબા પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



એલઆરડી ભરતી કૌભાંડ સંદર્ભે આજે સુરત કોંગ્રેસના બક્ષીપંચ સેલ દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા સહિતના અગ્રણીઓ પણ હાજર રહ્યા હતા.

એલઆરડી ભરતી કૌભાંડ : કોંગ્રેસ બક્ષી પંચ સેલનું કલેક્ટરને આવેદન

અનામત જોગવાઈ હેઠળના પરિપત્ર રદ કરવા માંગણી

સુરત

એલઆરડી ભરતીમાં થયેલી ગેરરીતિ અને અનામતનો છડેચોક કરાયેલા ભંગ બદલ સુરત શહેર કોંગ્રેસ બક્ષીપંચ વિભાગે સુરત શહેર કોંગ્રેસના પ્રમુખ બાબુભાઈ રાયકાની આગેવાની હેઠળ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. કોંગ્રેસ બક્ષીપંચના પ્રમુખ કલ્પેશ બારોટે એલઆરડી ભરતીમાં સરકારની અનામત જોગવાઈ હેઠળના છેલ્લા ઘણાં સમયથી ગાંધીનગર ખાતે આવેલ સત્યાગ્રહ છાવણીમાં એલઆરડી ભરતીમાં સરકારની અનામત જોગવાઈ હેઠળ તા.૧-૮-૨૦૧૮ના પરિપત્રનો વિરોધ કરવા માટે સમગ્ર ગુજરાતના એસ.ટી, એસ.સી. અને ઓ.બી.સી.ની મહિલા ઉમેદવારો સરકાર નવા કરેલ પરિપત્રથી તેમને અન્યાય થયેલ છે અને તે સંદર્ભની માંગણીને લઈને તેઓ ઉપવાસ, ધરણા અને વિરોધ પ્રદર્શન જેવા કાર્યક્રમો કરી સરકારને આ પરિપત્ર રદ કરવા આંદોલન કરી રહ્યા છે.

નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ જે તે કર્મચારી ઓપન કેટેગરીમાં મેરીટ સાથે આવતા હોય તેમના મેરીટમાં પ્રથમ હોય છે ત્યારબાદ એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ને આરક્ષણનો લાભ આપવો જોઈએ તેવી સ્પષ્ટ સૂચના છે તેમ છતા અત્યારની એલ.આર.ડી. ભરતીમાં એવી સ્થિતિનું નિર્માણ થયુ છે કે આરક્ષણ કેટેગરીમાં આવતી મહિલાઓથી ઓપન કેટેગરીમાં આવતી મહિલાઓના માર્કસ ઓછા આવવા છતા પણ ભરતીની પસંદગી યાદીમાં સમોશ થયેલ છે. જે બાબતે સંવિધાનની દ્ષ્ટિએ યોગ્ય નથી જેમાં દેશની બંધારણીય જોગવાઈ આર્ટીકલ્સ ૧૬ (૪)નું ભંગ થાય છે. બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા આપન થકી અમારી આ માંગણી સરકારમાં પહોંચાડી તાત્કાલિક જી.એ.ડી.નો પરિપત્ર રદ કરી એસ.સી.સ, એસ.ટી અને ઓ.બી.સી.ની મહિલાઓને ન્યાય મળે તેવી કાયદાકીય થાય તેવી માંગણી છે.

તાપી જિલ્લા કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ બુહારી ખાતે યોજાશે

કલેક્ટર આર.જે. હાલાણીના હસ્તે ધ્વજવંદન થશે

વ્યારા

તાપી જિલ્લામાં આગામી તા. ૨૬ મી જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ ૭૧મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી વાલોડ તાલુકાના બુહારી સ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરાશે. સવારે ૯.૦૦ કલાકે જિલ્લા કલેક્ટર આર.જે.હાલાણીના હસ્તે ધ્વજવંદન સમારોહ યોજાશે. જેમાં પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓની ધૂન વચ્ચે પોલીસ, એસઆરપી, એનસીસી, હોમગાર્ડ્ઝ દળ, સ્કાઉટ-ગાઇડ વગેરે જેવી વિવિધ પ્લાટુનોની પરેડ અને માર્ચ-પાસ્ટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આગામી પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ઉજવણીના આયોજનની કામગીરી સંદર્ભે જુદા-જુદા અમલીકરણ અધિકારીઓને સોંપાયેલી જવાબદારીઓ સંદર્ભે કલેક્ટરે જરૂરી સુચના આપી જે તે કામગીરી કાળજીપૂર્વક સુપેરે પાર પાડવા જણાવ્યું હતુ. સંબધિત અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં તાપી જિલ્લાની સરકારી કચેરીઓના અધિકારી/કર્મચારીઓ દ્વારા કરાયેલી વિશિષ્ટ કામગીરી બદલ તેમજ વિવિધ ક્ષેત્રોમાં જિલ્લાને ગૌરવ અપાવનાર તેજસ્વી પ્રતિભાઓનું પ્રશસ્તિપત્રો એનાયત કરી આ પ્રસંગે સન્માન કરી પ્રોત્સાહિત કરાશે. આ પર્વ નિમિત્તે વાલોડ તાલુકા મથકે તેમજ જિલ્લા મુખ્ય મથકે વ્યારા ખાતેની સરકારી કચેરીઓ રોશનીથી જળહળી ઉઠે તે જોવાની સાથોસાથ અન્ય ખાનગી મિલકતોમાં પણ આવી રોશની માટે આમજનતા તરફથી લોકભાગીદારી નોંધાય તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

પ્રજાસત્તાક પર્વની આ ઉજવણીમાં રજૂ થનારા કાર્યક્રમમાં યોગા તેમજ દેશભક્તિને આવરી લેતી વિવિધ સાંસ્કૃતિક કૃત્તિઓ નિદર્શનો ઉપરાંત વિવિધ સરકારી વિભાગો તરફથી તેમના ટેબ્લોઝ પણ રજૂ કરવામાં આવશે.વાલોડ તાલુકામાં યોજાનાર જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહમાં જિલ્લાના નાગરિકોને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

મુંબઈમાં હાઉસીંગ સોસાયટીઝ મેનેજમેન્ટ શો ૨૦૨૦નું આયોજન

સુરત

ભારતનો પહેલો અને એકમાત્ર 'હાઉસિંગ સોસાયટીઝ મેનેજમેન્ટ શો ૨૦૨૦' (HSMS ૨૦૨૦) ૭, ૮ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ મુંબઈના વરલી ખાતે નહેરુ સેન્ટરમાં તેની ત્રીજી આવૃત્તિ શરૂ કરશે. સહકારી નિવાસી/કચેરી/ઔદ્યોગિક અને પ્રીમાઈસિસ સોસાયટીઓના પદાધિકારીઓ અને સભ્યો દ્વારા વિવિધ અદાલતોમાં ૩૩,૦૦૦થી વધુ સક્રિય મુકદ્મા લડવામાં આવી રહ્યા છે. એકલા મુંબઈની હાઉસિંગ સોસાયટીઓ દર વર્ષે કાનૂની ફીના કારણે રૂ.૧૬૦ લાખનો ખર્ચ કરે છે. જાળવણી ખર્ચ ચૂકવતા સભ્યોને સેવા આપવા માટે પદાધિકારીઓ દ્વારા મંજૂર કરાયેલા અને ફાળવાયેલા વિકેતાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓમાં ઉણપ રહેતા રોષના કારણે મોટાભાગના વિવાદો ઉદભવે છે. પદાધિકારીઓ ઘણીવાર સમયની અછત અને માનદ્ પ્રકારની નોકરીનું બહાનું આગળ ધરીને યોગ્ય રીતે છટકી જાય છે. એવા વિક્રેતાઓ કે જેઓ દેખરેખ વિના કડક સ્વ-નિયમનના પાલન સાથે કામ કરે છે, એક સાથે સૌને સંતોષ થાય તે માટે સમયસર કાર્ય પૂર્ણ કરે છે.

સાધ્વી ઋતુમ્ભરા એ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી

ભારતીયોના નામ ભલે અલગ છે પણ ભક્તોના ભગવાન અને માણસની જાત એક : સાધ્વી ઋતુમ્ભરા

જાતી, ગતિ, ભક્તિ અને શક્તિ ભારત માતાના ચરણોમાં સમર્પિત હશે ત્યારે જ આપણું કલ્યાણ થશે : સાધ્વી ઋતુમ્ભરા

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા

વિશ્વ હિન્દુ પરિષદની ભગિની સંસ્થા દુર્ગા વાહીનીના સ્થાપક અધ્યક્ષ અને પ્રખર હિન્દુવાદી વક્તા સાધ્વી ઋતુમ્ભરાએ કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.એમણે સરદાર પટેલના ચરણોમાં પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.



પોતાની આ મુલાકાત દરમિયાન એમણે જણાવ્યું હતું કે રાજા રજવાડાંઓને એક કરી ભારત ગણરાજ્યને એક કરવા વાળા એક માત્ર સરદાર વલ્લભભાઈ પટેલ હતા.એમણે અંગ્રેજોની ગંદી રાજનીતિને સફળ થવા દીધી ન હતી.અલગ અલગ મતમતાંતરોમા આપણે હાલ વહેચાયેલા છે.આપણા ઈશ્વર, ધર્મ, સંપ્રદાયો અને પથ અલગ અલગ છે પણ મંજિલ તો એક છે.એ મંજિલનો દરેક ભારતીય જો ખ્યાલ રાખવો જોઈએ.ભારતીની દુર્બળતા એ છે કે આપણામા જાતીય અભિમાન છે પણ રાષ્ટ્રીય સ્વાભિમાન નથી.જાતીય વાડાઓ તથા કથિત ધાર્મિક ઓળખના આપણે શિકાર બની ગયા છે.જો એવું જ રહ્યું તો દેશ વધુ દુર્બળ બની જશે. દરેક ભારતીઓ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસના ફૂલો એકત્ર કરી ભારત માતાના ચરણોમાં અર્પણ કરો.હવે એ સમય આવી ગયો છે કે ભેદભાવની દીવાલ તોડી કન્યાકુમારીથી કાશ્મીર સુધી દરેક ભારતીયનો દિલ ધડકવું જોઈએ.જાતી, ગતિ, ભક્તિ અને શક્તિ ભારત માતાના ચરણોમાં સમર્પિત હશે ત્યારે જ આપણું કલ્યાણ થશે. જે તે સમયે રામ જન્મભૂમિના આંદોલન વખતે મેં કહ્યું હતું કે દેશને સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ જેવાની જરૂર છે.ભારત દેશ બાહ્ય ષડયંત્રોથી વિખેરાય રહ્યો છે એ આપણું દુભાગ્ય કહેવાય.

૨૬મી જાન્યુઆરીએ ભરૂચ રત્ન એવોર્ડ અને સંગીત સંધ્યા કાર્યક્રમના પાસ સ્થળ પરથી મેળવી લેવા



આગામી ૨૬મી જાન્યુઆરી ના રોજ સાંજે ૮ કલાકે પંડિત ઓમકારનાથ હોલ ખાતે ભરૂચ રત્ન એવોર્ડ અને સંગીત સંધ્યા નો કાર્યક્રમ રાખેલ છે જેના પાસ આપશ્રીને જેતે સ્થળ ઉપર થી મળી જશે ઓછો સમય હોવાના કારણે આપ સુધી પોહચી શકાય એમ ન હોવાથી મારું આમંત્રણ સ્વીકારી જરૂર થી પધારશો,આ કાર્યક્રમ ભરૂચના ગૌરવશાળી લોકો ને સન્માનિત કરવાની સાથે એમની મનોબળ મજબૂત કરવા માટે રાખવામાં આવેલ છે,આપની હાજરી એમને મનોબળ પૂરું પાડશે.માટે જરૂર પધારશો.

સુરત કલેક્ટર દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનનો આરંભ

સુરત

સમાજમાં દિકરા-દીકરીઓ વચ્ચે સતુલન જળવાય, સ્ત્રી ભ્રુણ હત્યા અટકે તેમજ કન્યા કેળવણી શિક્ષણમાં વધારો થાય તેવા અનેક હેતુઓ સાથે પ્રતિ વર્ષે તા.૨૪ જાન્યુઆરીના ' નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

જેના ભાગરૂપે સુરત જિલ્લાની મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તા.૨૦ થી ૨૬ જાન્યુ. દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાન સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. જે ઉજવણીના પ્રથમ દિવસે કલેક્ટર કચેરીના પ્રાંગણમાં જિલ્લા કલેક્ટરશ્રી ડો.ધવલ પટેલે હસ્તાક્ષર કરીને 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના અભિયાનનો પ્રારંભ કરાવ્યો:

આ વેળાએ મહિલા અને બાળ અધિકારી શ્વેતા દેસાઈ તેમજ કલેક્ટર કચેરીના અન્ય અધિકારીઓ-કર્મચારીઓ તથા મુલાકાતીઓએ 'બેટી બચાવો, બેટી પઢાઓ'ના શપથ લઈને પ્રતિજ્ઞાબોર્ડ પર હસ્તાક્ષર કર્યા હતા. સાત દિવસ સુધી ચાલનારા આ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં ચિત્ર સ્પર્ધાઓ, રેલીઓ, ડોર ટુ ડોર કેમ્પેઈન, કોમ્યુનિટી મિટિંગો, મહિલા સભા, ગ્રામ સભાઓ વગેરે જેવી પ્રવૃતિઓ વિવિધ સ્થળે યોજીને નાગરિકોને 'બેટી બચાવો, બેટી પઢાઓ' અભિયાનમાં સામેલ કરી જાગૃત્ત કરવામાં આવશે.

તા. ૨૦થી ૨૬ જાન્યુ. સપ્તાહ દરમિયાન બેટી બચાવો, બેટી પઢાઓ,ના સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન

ભરૂચ જીલ્લાના અંકલેશ્વર શહેર પો.સ્ટે.ના એન.ડી.પી.એસ. ગુનાના કામે સને ૨૦૧૭ થી વચગાળાના જામીન પરથી ફરાર આરોપીને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓ તરફથી જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા બાબતે સુચના આપતા જે અનુસંધાને ભરૂચ એલ. સી. બી. પોલીસ ઈન્સ્પેકટર વાય. જી.ગઢવીનાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ.સી.બી ના પોલીસ માણસોની અલગ-અલગ ટીમો બનાવી જીલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપતા પોલીસ માણસોની ટીમો દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

તા.૨૦/૦૧/૨૦૨૦ના રોજ એલ. સી. બી. ના કર્મચારીઓ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે અંકલેશ્વર શહેર પો.સ્ટે. ગુ.ર.નં- ૬૪/૨૦૧૬ એન.ડી.પી.એસ. કલમ ૮(સી),૨૦(બી) મુજબના ગુનાનો આરોપી યોગેશભાઈ સોમાભાઇ તડવી રહે.ઓરવા,કેવડીયા કોલોની,ગરૂડેશ્વર, જી. નર્મદાના ત્રીજા એડી.સેસન્સ કોર્ટના વચગાળાના જામીન ઉપર મુક્ત થઈ સમયગાળો પુર્ણ થતા હાજર થયેલ નહી અને સને ૨૦૧૭ થી નાસતો-ફરતો હોય જે મળેલ હકિકતના આધારે એલ.સી.બી.ની ટીમના પોલીસ માણસોએ ઉપરોક્ત ગુનાના કામે નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી અંકલેશ્વર શહેર પો.સ્ટે.માં સોંપવામાં આવેલ છે.

સુરત જિલ્લા પંચાયત દ્વારા સઘન રસીકરણ માટે ૨૩૮૯ ટીમો કાર્યરત

પોલીયો ઝુંબેશમાં પ્રથમ દિવસે ૮૪ ટકા સફળ કામગીરી

સુરત

સુરત જિલ્લા પંચાયત દ્વારા પોલિયો રવિવાર અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.હસમુખ ચૌધરીએ બાળકોને પોલિયો પીવડાવીને રસીકરણ અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

સ્વસ્થ અને પોલિયોમુકત તંદુરસ્ત શહેર બનાવવાના અભિયાનમાં સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષની વયના ૮૦ લાખથી વધુ બાળકોને આવરી લેવાશે. જે સંદર્ભે જિલ્લામાં ૦ થી ૫ વર્ષનું એક પણ બાળક પોલિયો રસીકરણથી વંચિત ન રહે તેની કાળજી લેવા કુલ ૨૩૮૯ ટીમ આ અભિયાનમાં સેવા આપવા સુસજજ રહેશે. જેમાં ૯૭ મોબાઈલ ટીમ અને ૪૦ ટ્રાન્ઝીસ્ટ ટીમનો પણ સમાવેશ થાય છે.

બાળકોના સર્વગ્રાહી આરોગ્ય રક્ષણ માટે ભારત સરકાર દ્વારા મિશન ઈન્દ્રધનુષ અન્વયે પંચગુણી રસી આપવામાં આવે છે. રાજ્ય સરકારે વ્યાપક રસીકરણથી ડીપ્થેરીયા, ધનુર, ઝેરી કમળો, ઊટાટીયું, ઈન્ફ્લ્યુએન્ઝા જેવા રોગથી બાળકનું રક્ષણ કરવાનો કાર્યક્રમ વ્યાપક બનાવ્યો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને આર.સી.એચ. અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લાના કુલ ૨૩૩૧૬૯ બાળકોની સામે પ્રથમ દિવસે બુથ કામગીરીમાં ૧૯૫૮૦૪ બાળકોને પોલિયો પીવડાવી ૮૪ ટકા કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી. બાકી રહેતા બાળકોને હાઉસ ટુ હાઉસ રસીકરણ કરાવી બે દિવસમાં આ કામગીરી કરી પૂર્ણ કરવામાં આવશે.

નવસારીમાં ફરી ઠંડી વધતા પારો ૯.૮ ડીગ્રી : સુરતમાં તાપમાન વધ્યું

સુરતમાં લઘુતમ તાપમાન ૧૫ ડીગ્રી નોંધાયું

સુરત

ઉત્તર દિશાથી ફુંકાઈ રહેલ ઠંડા પવનની અસરથી નવસારીના તાપમાનમાં ફરી ૨ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે. જ્યારે સુરતના તાપમાનમાં ૧ ડીગ્રીનો વધારો થતા ઠંડીથી નજીવી રાહત મળી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૧.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૦ ડીગ્રી નોંધાયું છે. શહેરમાં હવાનું દબાણ ૧૦૧૫ મિલીબાર અને હવાનું દબાણ ૮૩ ટકા નોંધાયું છે.

ઉત્તર દિશાથી કલાકના ૪ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ૧ ડીગ્રીનો વધારો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૯.૮ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૧.૫ ડીગ્રી નોંધાયું હતું. ગતરોજની સરખામણીએ આજે ૨ ડીગ્રી ઠંડી વધી છે. ઉત્તર દિશાથી ફુંકાતી શીત લહેરની અસર આગામી બે ત્રણ દિવસ સુધી રહેશે. નવસારીમાં ઠંડી વધી છે. જ્યારે સુરતમાં ઠંડી ઘટી છે. ઉત્તર ભારતમાં પણ ઠંડીનો ચમકારો થોડો ઓછો થયો છે. પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના પગલે આગામી સપ્તાહથી ફરી ઠંડીનું મોજુ રાજ્યમાં ફરી વળશે.

તા.૬મી ફેબ્રુઆરીએ કાનૂની સત્તા મંડળ દ્વારા રાષ્ટ્રીય લોક અદાલત

પડતર કેસોનો સમાધાન પૂર્વક ઉકેલ લવાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં આગામી તા.૮/૦૨/૨૦૨૦ના રોજ રાષ્ટ્રીરય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સુપ્રિમ કોર્ટ, હાઈકોર્ટ, જિલ્લા અદાલતો, તાલુકા અદાલતોમાં લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, બેંક લેણાંના કેસો, મજૂર અદાલતના કેસો, જમીન સંપાદનના, લગ્ન વિષયક, મજુર અદાલત, ઈલેક્ટ્રી સીટી તથા પાણીના બીલને લગતા, રેવન્યુન, દિવાની (ભાડા, સુખાધિકાર, મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા) તેમજ જિલ્લા અને તાલુકા અદાલતમાં રહેલા સમાધાનને પાત્ર સિવિલ તથા રેવન્યુજને લગતા કેસો/દાવાઓ કોઈ પણ અદાલતમાં ચાલતા હોય એન તે લોક અદાલતમાં સમાધાન માટે મૂકવા માગતા હોય તો તાલુકાના કેસો માટે જે તે તાલુકાની તાલુકા કાનુની સેવા સમિતિ તેમજ જિલ્લા અદાલતના કેસો માટે જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, જિલ્લા અદાલત બિલ્ડિં ગ, વલસાડનો સંપર્ક સાધવા જણાવાયું છે. લોક અદાલતમાં સમાધાન કરવામાં આવશે તો ભરવામાં આવેલી કોર્ટ ફીની રકમ કાયદાનુસાર મળવાપાત્ર હોય તે તમામ પૂરેપૂરી રકમ પરત આપવામાં આવશે, એમ જિલ્લા કાનુની સેવાસત્તા મંડળના એડી. ચીફ. જ્યુમડી. મેજિસ્ટેઆટ અને સચિવ એમ.બી.ઘાસુરા દ્વારા જણાવાયું છે.

ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓએ વાહન અટકાવી રૂ.૧૫૦૦ની લાંચ માંગી

રેલવે સ્ટેશન પાસે વાહન ચાલકનો તોડ કરવા જતા ચાર ભેરવાયા

સુરત

સુરત શહેરની વકરતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક બ્રિગેડની રચના કરવામાં આવી હતી. આ ટ્રાફિક બ્રિગેડના માણસોએ માત્ર ટ્રાફિક સંચાલન કરવાની કામગીરી કરવાની હોય છે. પરંતુ ટ્રાફિક બ્રિગેડના માણસો પોતાની જાતને ટ્રાફિક પોલીસ સમજીને લોકોના વાહનો અટકાવી તોડ કરતા થઈ ગયા છે.

રેલવે સ્ટેશન પાસે વાહન ચાલકને અટકાવી રૂપિયા ૧૫૦૦ની માંગણી કરનાર ટ્રાફિક બ્રિગેડના ચાર માણસો વિરૂદ્ધ મહિધરપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી.

મહિધરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સુડા આવાસમાં રહેતા દિપક પંડિત બાગુલે આરોપી શહેબાજ સત્તાર અન્સારી તથા ત્રણ ટ્રાફિક બ્રિગેડના માણસો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદી પોતાની મોપેડ લઈને રેલવે સ્ટેશને પિતાને લેવા ગયા હતા, ત્યારે આરોપીઓએ રેલવે સ્ટેશનના મુખ્ય ગેટ પાસે ફરિયાદીની ગાડી અટકાવી ચાવી કાઢી લઈ રૂપિયા ૧૫૦૦ની માંગણી કરી ગાડી જમા લેવાની ધમકી આપી હતી. આ સમય દરમિયાન ટ્રાફિક પોલીસ આવી જતા આરોપીઓ ચાવી આપી ચાલ્યા ગયા હતા. મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



રાજપીપળા એસટી ડેપોમાં ફ્રી વાઈફાઇ ઝોનના પાટિયા શોભાના ગાંઠિયા સમાન.?! વારંવાર વાઈફાઇ બંધ રહેતા ઓનલાઈન બુકીંગ સહિતની તકલીફની બુમ

સરકાર ઓનલાઇન સિસ્ટમ લાગુ કરાવવા મથામણ કરે છે પરંતુ ભારત દેશમાં સર્વર બાબતેની વારંવાર તકલીફમાં ઓનલાઈનનું સુરસુરીયું જ થાય છે



- કેટલાક કર્મચારીઓ પોતાના મોબાઈલનું નેટ વાપરી ગાડું ગબડાવતા હોવાની વાત
- જોકે ડેપોમાં વાઈફાઇ શરૂ થતાં રોજ સાંજે જ્યાં કાગડા ઉડતા હતા ત્યાં આ ડેપોમાં યુવાનોની મફત વાઈફાઇ વાપરવા ભારે ભીડ જામે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના એક માત્ર મોટા ગણાતા રાજપીપળા એસટી ડેપોમાં પીવાના પાણીની તકલીફ બાદ હવે વાઈફાઇ બંધ થતાં ઓનલાઇન સિસ્ટમ અટવાઈ પડી હોવાની પણ બુમ સંભળાઈ છે.

રાજપીપળા એસટી ડેપોમાં લગભગ ચારેક દિવસથી વાઈફાઇ સિસ્ટમ બંધ થઈ હોવાથી નેટવર્ક થી કાર્યરત બુકીંગ સહિતની એસટીની સેવાઓ અટવાઈ પડી છે જોકે અમુક વખત હાજર કર્મચારીઓ પોતાના મોબાઈલ ના નેટ વડે અટકેલી કામગીરી પૂર્ણ કરતા હશે પરંતુ ડેપો માં ઠેર ઠેર લગાવેલા ફ્રી વાઈફાઇ ઝોનના પાટિયા હાલ શોભાના ગાંઠિયા સમાન લાગી રહ્યા છે.સરકાર તમામ જગ્યાઓ પર ઓનલાઇન સિસ્ટમ લાગુ કરવા મથામણ કરે છે પરંતુ વારંવાર સર્વરની રામાયણમાં રેશનકાર્ડ,બેંક કે ઓનલાઈનની દરેક બાબતો સર્વર ખોટકાતા શોભાના ગાંઠિયા સમાન પુરવાર થઈ રહી હોય વિદેશી અનુકરણ કરતા પહેલા સરકારે આવી બાબતોનું ખાસ ધ્યાન રાખી આમ જનતાને તકલીફ ન પડે એ માટે ખાસ આયોજન કરવું જરૂરી છે.

લાઈટો બંધ રહેતા તકલીફ ઊભી થઈ છે :ડેપો મેનેજર

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ ચાર પાંચ દિવસ થી વાઈફાઇ બંધ છે જ્યારે આ બાબતે ડેપો મેનેજરનું કહેવું છે કે બે દિવસથી વીજ પુરવઠો બંધ થતા વાઈફાઇ બંધ હતું બાકી કોઈ તકલીફ નથી.

રાજપીપળા ખાતે ૨.૮૯ કરોડના ખર્ચે બનેલી નાંદોદ તાલુકા સેવા સદન કચેરીમાં ચાર મહિનાથી લિફ્ટ બંધ

લિફ્ટ બંધ હોવાથી ઉપર અનેક કચેરીઓમાં જતા આવતા વૃદ્ધ અરજદારોને પરાણે દાદર ચઢવા પડે છે




(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ખાતે ઓક્ટોમ્બર ૨૦૧૭ માં ૨.૮૯ કરોડના ખર્ચે બનેલી નાંદોદ તાલુકા સેવા સદન કચેરી લોકાર્પણના બે વર્ષ સુધી પડી રહ્યા બાદ કાર્યરત થઈ જેમાં મામલદાર કચેરી સહીતની અનેક કચેરીઓ કાર્યરત છે પરંતુ શરૂ થયાના ટૂંકા ગાળામાંજ કરોડોના ખર્ચ બાદ પણ આ મકાનમાં અનેક તકલીફો જોવા મળી છે.

રાજપીપળાની નાંદોદ તાલુકા સેવા સદન કચેરીની બિલ્ડીગમાં છેલ્લા લગભગ ૪ મહિના થી લિફ્ટ ખોટકાયેલી હોવાથી સિનિયર સિટીજનોને પરાણે દાદર ચઢી ઉપર જવું પડે છે.અગાઉ ફાયર સેફટી બાબતે લાલીયાવાડી જોવા મળી હતી ત્યારબાદ અસહ્ય ગંદકી ની પોલ ખુલી અને હાલ ચાર મહિના થી લિફ્ટ બંધ સહિતની એક બાદ એક તકલીફો આ કરોડોના ખર્ચે બનેલી કચેરીમાં શરૂ થયાના ટૂંકા ગાળામાં જ જોવા મળતી હોય તેના પરથી કચેરીમાં બેસતા અધિકારીઓની કામગીરી પર અનેક સવાલો ઉઠી રહ્યા છે.

એક તરફ ખુદ પીએમ નરેન્દ્ર મોદી સ્વચ્છતા અભિયાન, ઓનલાઇન સિસ્ટમ વૃદ્ધ પેન્શન યોજના સહિતની કામગીરી આવી કચેરીઓમાં કરાવે છે પરંતુ અહિયાં આવતા વૃધ્ધોને અનેક મુસીબતો માંથી પસાર થવું પડે છે ત્યારે એ તકલીફો કોણ દૂર કરશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગેની માહિતી માટે ટોલ ફ્રી નંબર જાહેર કરાયો : ૧૮૦૦-૨૩૩-૬૬૦૦ પર મળશે સંપૂણ માહિતી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવનારા પ્રવાસી ઓ માટે એક ખુશ ખબર કહી શકાય કે હવે સ્ટેચ્યુ ઓફ યુનિટીને લગતી કોઈ પણ પ્રકારની સહાયતા માટે ૧૮૦૦-૨૩૩-૬૬૦૦ પર મળશે સંપૂણ માહિતી મળી જશે એટલે આ ટોલફ્રી નંબર હાલ તો જાહેર કરવામાં આવ્યો છે. જેને પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા ના કેવડિયા ખાતે નિર્માણ પામેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી પર અત્યાર સુધી ૩૨ લખાથી થી વધુ પ્રવાસીઓ મુલાકાત લઈ ચુક્યા છે અને જેમને તકલીફ પડી નથી કેમકે સુવિધા તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી પરંતુ છતાં કોઈ તકલીફ પડી હોય જે બાબત તકેદારી રાખીને હવે કોઈપણ જાતની તકલીફ પ્રવાસી ઓને પડે કે પ્રવાસ દરમ્યાન કેવીરીતે ટિકિટ લેવી કેવી રીતે બસ મેળવવી સાથે ક્યાં ક્યાં ફરવું સહીત ની માહિતી હવે એક ટોલ ફ્રી નંબર પરથી મળી જશે.

સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ દ્વારા તમામ કાળજી રાખી ને એક માહિતી વિભાગ ઉભો કરવામાં આવ્યો છે જેના માટે કેવડિયામાં ટોલ રૂમ બનાવવા માં આવ્યો છે અને જેમાં ફોન કરી તમામ માહિતી હવે પ્રવાસીઓ મેળવી શકાશે.

સારોલી રોડ પર રઘુવીર ટેક્સટાઈલ માર્કેટમાં ભયાનક આગ





૮ કલાક બાદ પણ આગ બેકાબુ : બ્રિગેડ કોલ જાહેર કરાયો, ૭૦ જેટલા ફાયર બ્રિગેડના વાહનો આગ પર કાબુ મેળવવા કામે લાગ્યા : અબજોનું નુકસાન

સુરત

શહેરના પુણા-કુંભારીયા રોડ પર આવેલી રઘુવીર સિલિયમ માર્કેટમાં મળસ્કે ભયંકર આગ લાગી હતી. એક જ મહિનામાં બીજી વખત લાગેલી આ આગ આ વખતે એટલી ભીષણ હતી કે આગ છ કલાક બાદ પણ કાબૂમાં આવી શકી નથી. ભિષણ આગની ઘટનાએ ફરી શહેરને ચિંતામાં મૂકી દીધું છે. રઘુવીર માર્કેટમાં મળસ્કે સાડાત્રણ વાગ્યા આસપાસ આગ લાગી હતી,. આગ એટલી વિકરાળ હતી કે મોડી રાતે લાગેલી આગ પર સવારે નવ વાગ્યા સુધી પણ કાબૂ મેળવાયો નથી. ૧૪ માળના રઘુવીર સિલિયમ માર્કેટના તમામ માળ આગની ઝપેટમાં આવી ગયા છે. આગ પર કાબૂ મેળવવા માટે શહેરના ફાયર વિભાગની તમામ ટીમો ઘટનાસ્થળે પહોંચી છે. ઉપરાંત બારડોલી, સચિન, નવસારી સહિત આસપાસના ફાયર સ્ટેશનની ગાડીઓ પણ મદદે આવી છે. આગની આ ઘટનાએ ૫ વર્ષ પહેલા પુણા કુંભારીયા રોડ ઉપર જ આવેલી ઓર્કિડ ટાવરની ભિષણ આગની ઘટના ફરી તાજી કરી દીધી છે. બિલ્ડિંગની ફોલ્ટી ડીઝાઈનને લઈને થઇ રહેલી ચર્ચા મુજબ બિલ્ડિંગમાં ધૂમાડો બહાર નિકળે તે માટેનો અવકાશ પાતળો જણાઈ રહ્યો છે. ફાયર સેફટીને લઇને તકેદારી ના રખાતા સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના (સુડા) ચેરમેન બંછાનિધિ પાનીએ બિલ્ડિંગને સીલ કરવાનો આદેશ આપ્યો છે.

મ્યુનિ. કમિશનર બચ્છાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, બિલ્ડીંગમાં ઈલેક્ટ્રીક વાયરીંગ અને બિલ્ડીંગને નોટિસ આપવામાં આવી હતી. ૧૩ દિવસ અગાઉ આગ લાગી હતી. તેમ છતાં ફાયર સેફટીના અભાવના કારણે હવે બિલ્ડીંગને સીલ કરી દેવાની કામગીરી કરવામાં આવશે.

ફાયર બ્રિગેડના લાશ્કરોની કુલ ૭૬ જેટલી ગાડીઓ રઘુવીર માર્કેટ પર પહોંચી હતી ઉપરાંત ત્રણ હાઈડ્રોલિક પ્લેટફોર્મને પણ બોલાવીને સાત માળની આ માર્કેટના તમામ ફલોર પર આવેલી દુકાનો અને ગોડાઉનોમાં પાણીનો મારો ચલાવીને આગ પર કાબુ મેળવવાના નિરર્થક પ્રયત્નો શરૂ કર્યા હતા. પરંતુ સવારે સાડા દસવાગ્યા સુધી એટલે કે કલાકો સુધી લાખો લિટર પાણીનો મારો ચલાવ્યા પછીપણ આગ પર કાબુ મેળવી શકાયો નથી.

રઘુવીર માર્કેટ ખાતે તેર દિવસ પહેલા તા. ૮મીના રોજ પણ આગ લાગી હતી અને ત્યારે લાશ્કરોએ તુરંત આગ પર કાબુ મેળવી લીધો હતો. જો કે, આ ઘટનામાંથી કોઈ બોધપાઠ લેવાયો ન હતો અને દુર્ઘટના સમયે કેવા પગલા લેવા તેની પણ કોઈને વિગતો અપાઈ નહોતી.

પુણા કુંભારીયા રોડ પર આવેલા રઘુવીર માર્કેટ ખાતે બિલ્ડરો પાસેથી દુકાનો ખરીદી અથવા તો ભાડે રાખનારા વેપારીઓ દ્વારા માર્કેટમાં પોતાની દુકાનોમાં ગેરકાયદેસર રીતે લાકડાના દાદરો બનાવી લેવાયા હતા સાથો સાથ ગેરકાયદેસર રીતે ભંડકિયા પણ બનાવ્યા હતા. જેના કારણે આગ પર કાબુ મેળવવામાં ફાયરના લાશ્કરોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

માર્કેટની બીયુ પરમિશન રદ કરાશે : મ્યુનિ. કમિશનર

સુડાના ચેરમેન અને સુરત મનપાના કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, શોર્ટ સર્કિટના કારણે આગ લાગ્યાનું સામે આવી રહ્યું છે.ટેક્સટાઈલ માર્કેટના શહેર સુરતમાં શોર્ટ સર્કિટના કારણે આગના બનાવો બને છે. જે ખૂબ જ ગંભીર મુદ્દો છે. એસીમાં સ્પાર્ક થાય કે વાયરિંગ સળગતાં આગ કાપડમાં ખૂબ જ ઝડપથી પ્રસરી જતી હોય છે. આ પ્રશ્નના ઉકેલ માટે ટેક્સટાઈલ માર્કેટમાં અભિયાન ચલાવવામાં આવશે. ફાયર ઓડિટ લેવાશે અને જ્યાં પ્રોબ્લેમ હોય વેન્ટિલેશનનો અભાવ હોય કે અન્ય કોઈ ઈશ્યુ હશે તો કાર્યવાહી કરીને આગના બનાવો ન બને તે માટે તકેદારી રાખવામાં આવશે. હાલ આ માર્કેટની બીયુ પરમિશન રદ કરવામાં આવશે.

માંગરોળ ગ્રામપંચાયત સરપંચની પેટા ચૂંટણીમાં ૬૦ ટકા મતદાન બાદ મેલસિંગ તડવીનો ૩૦ મતો થી વિજય

સરપંચ પદ માટે ભાવેશ તડવી અને મેલસિંગ તડવી વચ્ચેની ટક્કરમાં મેલસિંગ તડવીનો ૩૦ મતે વિજય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નાંદોદ તાલુકાના માંગરોલ ગામના પૂર્વ સરપંચના રાજીનામાં બાદ ખાલી પડેલી જગ્યા પર નર્મદા ચૂંટણી શાખા દ્વારા પેટા ચૂંટણી યોજાઈ હતી.જેમાં ગામના બે ઉમેદવારો પૈકી ભાવેશ કાંતિભાઈ તડવી,અને મેલસિંગ મગનભાઈ તડવી બંને ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જામી હતી. ૬૦ ટકા મતદાનમાં હારજીતમાં પાતળી બહુમતી થશેની વાત વહેતી થઈ હતી જેમાં આજે મામલતદાર કચેરી મત ગણતરી કરતા ભાવેશ તડવીને ૩૦૬ મત મળ્યા જયારે મેલસિંગ તડવી ને ૩૩૬ માટે મળ્યા એટલે ૩૦ મતોની સરસાઈ થી મેલસિંગ તડવી વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો.



પ્રમ માહિતી અનુસાર નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોલ ગામે સરપંચ ભુમાભાઈ તડવી વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત આપતા જેમણે રાજીનામુ આપ્યું હતું.જે જગ્યા ખાલી થતા તેની પેટા ચૂંટણી રવિવારે ૧૯ ડિસેમ્બરના રોજ યોજાઈ હતી જેમાં પ્રીસાઈન્ડીગ ઓફિસર અક્ષય સાહુ, એન.કે રાઠવા સહીતની ટીમે એક બૂથમાં શાંતિ પૂર્ણ મતદાન કરાવ્યું હતું. ગામમાં ૫૭૬ પુરુષ મતદારો અને ૫૩૦ સ્ત્રી મતદારો મળી કુલ ૧૧૦૬ મતદારો માંથી સવારના ૮ થી ૫ વાગ્યા સુધી ૩૫૨ પુરુષ મતદારો અને ૩૦૩ સ્ત્રી મતદારો મળી કુલ ૬૫૫ મતદારો એ મતદાન કર્યું હતું.એટલે કુલ ૬૦ ટકા મતદાન થયું હતું. મંગળવારે ગણતરી કરી ત્યારે કુલ ૬૫૫ મતો માંથી ૩૦૬ મત ભાવેશ તડવીને મળ્યા જયારે મેલસિંગ તડવીને ૩૩૬ મત મળ્યા એટલે ૩૦ મત થી વિજેતા જાહેર થયા જયારે ૪૨ મતો રદ થયા હતા.